بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઆત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-મે-૨૦૧૧**

**જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર**

**હિજરી સન : ૧૪૩૨**

**વર્ષ : ૦૮, અંક : ૦૫, સળંગ અંક : ૮૯**

**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


૦૧ કુર્આન શરીફને સળગાવનારને સખત સજાની માંગ ૦૨

૦૨ મુસલમાનો ! ક્રિકેટના નહીં કયામતના મેદાનને યાદ કરો ! ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૦૮

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૦

૦૫ શિફા શરીફ ૧૧

૦૬ હદાઈકે બખ્શિશ ૧૩

૦૭ નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... ૧૬

૦૮ ડૉ. ઝાકિર નાયકની હકીકત ૧૯

૦૯ હઝરત લુકમાનની કુર્આની નસીહતો ૨૧

૧૦ નમાઝમાં રફએ યદૈનની શરઈ હેસિયત ૨૪

૧૧ પ્રોફેસર તાહિરુલ કાદરી એક મુતનાઝેઆ શખ્સિયત ૨૭

૧૨ એક મુટ્ઠી દાઢી હદીષથી સાબિતછે ! ૩૧

૧૩ મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે થઈ ?! ૩૩

૧૪ ઈલ્મ તથા ઉલમાની ફઝીલત અને આપણે ૩૮

૧૫ ઈમામ અહમદ રઝાનો ઈબાદતથી અનોખો લગાવ ૪૩

૧૬ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૭


**કલામુલ ઈમામ ઈમામુલ કલામ**

રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ

સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ
સોનેવાલે જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ
યે જો તુઝ કો બુલાતા હૈ યે ઠગ હૈ માર હી રખેગા
હાએ મુસાફિર દમ મેં ન આના મત કૈસી મતવાલી હૈ
સોના પાસ હૈ સૂના બન હૈ સોના ઝહેર હૈ ઉઠ પ્યારે
તૂ કહતા હૈ નીંદ હૈ મીઠી તેરી મત હી નિરાલી હૈ
બાદલ ગર્જે બિજલી તળપે ધક સે કલેજા હો જાએ
બન મેં ઘટા કી ભયાનક સૂરત કૈસી કાલી કાલી હૈ
સાથી સાથી કેહ કે પૂકારું સાથી હો તો જવાબ આએં
ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલ રે મૌલા વાલી હૈ
તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે તુમ તો અજમ કે સૂરજ હો
દેખો મુઝ બેકસ પે સબને કૈસી આફત ડાલી હૈ
શહદ દિખાએ ઝહર પિલાએ કાતિલ ડાઈન શૌહર કુશ
ઈસ મુર્દાર પે ક્યા લલચાના દુનિયા દેખી ભાલી હૈ
વો તો નિહાયત સસ્તા સૌદા બેચ રહે હૈ જન્નત કા
હમ મુફલિસ કયા મોલ ચૂકાએં અપના હાથ હી ખાલી હૈ
મૌલા તેરે અફવો કરમ હો મેરે ગવાહ સફાઈ કે
વરના **"રઝા"** સે ચોર પે તેરી ડિગ્રી તો ઈકબાલી હૈ

ગુજરાતના મુસ્લિમો થકી

# કુર્આન શરીફને સળગાવનાર અમેરિકન પાદરીને સખત સજાની માંગ !

કાર્યાલય

તા. ૨૧–૩–૨૦૧૧ના રોજ અમેરિકાના ફલોરિડા ખાતે એક ચર્ચમાં પાદરી ટેરી જોન્સની સરદારીમાં કુર્આન શરીફને આગ ચાંપવાનો બનાવ બન્યો જેના વિરોધમાં જગતભરના મુસ્લિમોમાં આક્રોશ વ્યાપી ગયો અને અફઘાનિસ્તાન તથા કેટલાક દેશોમાં હિંસક બનાવો પણ બન્યા. ગુજરાતભરમાં પણ મુસ્લિમોએ શાંત રીતે મૌન રેલીઓ કાઢી પોતાનો વિરોધ નોંધાવ્યો અને જે તે જિલ્લાના કલેક્ટર તથા નાયબ કલેક્ટરોને આવેદનપત્રો આપી પોતાનો વિરોધ સેન્ટ્રલ ગવર્નમેન્ટ થ્રુ અમેરિકન ગવર્નમેન્ટ સુધી પહોંચાડી આ નીચ કૃત્ય કરનાર પાદરી પર કાયદેસર પગલાં લેવાની માંગ કરી છે. તા. ૩૧–૩–૨૦૧૧ના રોજ **ભરૂચ** જિલ્લાના મુસ્લિમો વતી એક પ્રતિનિધિમંડળે કલેક્ટર ભરૂચમાં આવેદનપત્ર આપ્યું જેમાં મઝકૂર પાદરીના દુષ્કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યું. આતંરરાષ્ટ્રીય કાનૂની બંધારણ વિરુદ્ધના, મુસ્લિમોની લાગણી દુભાવનારા તથા વિશ્વશાંતિને જોખમમાં નાખે તેવા આ નીચ કૃત્યના કર્તાને સખત શિક્ષા આપવામાં આવે એવી અમેરિકન ગવર્નમેન્ટ પાસે માંગણી કરવામાં આવી છે. આવેદનપત્ર રજૂ કરનારાઓમાં તંત્રી : બરકાતે ખ્વાજા (દયાદરા) સહિત હાફેઝ મુહમ્મદ હનીફ (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગુલશને અજમેર, ભરૂચ) તથા મૌલાના કલીમુલ્લાહ નિઝામી, ગુલામ મુહયુદ્દીન હાફેઝ નબીપુરી (તંત્રી : નૂતન ભરૂચ, અઠવાડિક), ક઼ારી ઈરફાન નમાઝી દયાદરવી, હાફેઝ અબ્દુર્રહીમ જીબાવા રાઠોડ, તારીક઼ભાઈ શેખ, ઈબ્રાહીમ ખત્રી ઉમલ્લાવાળા, ઝહીરભાઈ રઝવી વગેરેનો સમાવેશ થાય છે.

એ જ પ્રમાણે **પેટલાદ** (જિ. આણંદ) ખાતે રઝા મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ મુન્તઝિરખાન પઠાણ, દારુલ ઉલૂમ રઝવિય્યહ્ ક઼ાદરિયાના નાઝિમે આ'લા સૈયદ તાહિરબાપુ વગેરેની આગેવાનીમાં તા. ૧–૪–૨૦૧૧ના રોજ મૌન રેલી પેટલાદમાં નીકળી હતી અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. આ રેલીમાં અંજુમને બરકાતે રઝા પ્રમુખ મોઈનુદ્દીન ક઼ાઝી, આક઼િબખાન બરકાતી, પીરઝાદા મક્સૂદ આલમ, એમ. આઈ. પઠાણ, સૈયદ ઈમદાદઅલી, ફીરોઝભાઈ વહોરા, આસિફભાઈ ઠાકોર સહિત પેટલાદની સર્વ મસ્જિદોના ઈમામો, ધાર્મિક વડાઓ સહિત ૬ થી ૭ હજારની સંખ્યામાં લોકો જોડાયા હતા.

એ જ પ્રમાણે **ધોરાજી** ખાતે "સુન્ની મુસ્લિમ જમાત" ધોરાજી દ્વારા વિશાળ મૌન રેલી તા. ૭–૪–૨૦૧૧ના રોજ કાઢી મામલતદારને આવેદનપત્ર અપાયું. રેલીમાં નામાંકિત આલિમો, વેપારીઓ, સામાજિક કાર્યકરો અને રાજકિય આગેવાનોએ પણ જોડાઈને હિન કૃત્ય કરનાર પાદરી સામે ફિટકારની લાગણી વ્યક્ત કરી હતી.

એ જ પ્રમાણે **સૂરત**માં તા. ૮–૪–૨૦૧૧ જુમ્આની નમાઝ બાદ સૂરત સુન્ની જમાઅતના વડાઓ તરફથી વિશાળ રેલી આ અપકૃત્યની વિરોધમાં નીકળીને જિલ્લા મેજિસ્ટ્રેટને આવેદનપત્ર અપાયુ હતું. આગેવાનોમાં હાફેઝ સૈયદ બશીર બરકાતી, મકસૂદભાઈ રાજવાની, ડૉ. આદિલ તથા અન્ય આગેવાનોએ પ્રેસ કોન્ફરન્સ પણ કરીને જે તે પાદરીનો વિરોધ દર્શાવી અમેરિકન ગવર્નમેન્ટ તેના વિરુદ્ધ સખત પગલાં લે તેવી માંગ કરી હતી. એ જ પ્રમાણે અન્ય ઠેકાણે મુસ્લિમોએ વિરોધ નોંધાવ્યો છે.

જો કે તા. ૩–૪–૨૦૧૧ના રોજ અમેરિકન પ્રમુખ ઓબામાએ મગરનાં આંસૂં સારતા હોય તેમ આ પવિત્ર કુર્આનના દહનના કૃત્યની આકરા શબ્દોમાં ટીકા તો જાહેર કરી છે પરંતુ આ નાપાક કૃત્ય કરનાર પાદરી સમક્ષ પગલાં ભરવા કે તેની ધરપકડ કરવા સંબંધે શબ્દ પણ ઉચ્ચાર્યો નથી, ન તો આ લખાય છે ત્યાં સુધીમાં તે નાપાક દિમાગવાળા પાદરીની ધરપકડના કે તેના પર એક્શન લેવાના કોઈ સમાચારો જાણવા મળ્યા, જેથી આશ્ચર્ય સાથે અફસોસ થાય છે. તેમજ દુનિયાના સેંકડો મુસ્લિમ દેશોના દુનિયાપરસ્ત રાજકર્તાઓમાંથી કોઈએ અમેરિકાને સત્તાવાર રીતે આ બાબતે કાયદાકીય પગલા લેવાનો નિર્દેશ કર્યાનું પણ જણાતુ નથી ! જેથી અધિક આશ્ચર્ય તથા અફસોસ થાય છે કે એ સર્વ અમેરિકાના કેટલા ગુલામ તથા કેટલા નિર્માલ્ય અને સત્તા લાલચુ છે તે દર્શાવે છે.



# મુસલમાનો ! ક્રિકેટના નહીં કયામતના મેદાનને યાદ કરો !



તંત્રી લેખ.....

હાલમાં જ હિંદુસ્તાનમાં ક્રિકેટ વર્લ્ડ કપ ખેલાયો જેમાં આપણા દેશની ક્રિકેટ ટીમે વર્લ્ડ કપ જીતી લીધો. ૨૮ વરસે આ વર્લ્ડ કપમાં ઈન્ડિયાની જીત થઈ તો તેની ખુશીમાં લોકો દીવાના જેમ સડકો પર નીકળીને બેન્ડ બાજા સાથે સરઘસો કાઢી નાચ્યા કૂદયા અને ફટાકડા ફોડયા, જાણે આપણા દેશને કોઈ દલ્લો કે મહાન ખજાનો હાથ લાગી ગયો, જેથી હવે ગરીબી તથા તકલીફોના દિવસો આપણા જતા રહ્યા ! અથવા તો કોઈ દુશ્મન દેશ સામે આપણી જંગમાં જીત થઈ અથવા કોઈની ગુલામીમાંથી જાણે વરસો બાદ દેશવાસીઓ મુક્ત થઈ ગયા હોય અને હવે સુખી સુખી થઈ જઈશું ! એવું વાતાવરણ દેશમાં શહેર શહેર છવાયું હતું ! વળી વિવિધ રાજ્યોની ગવર્નમેન્ટો તરફથી ખેલાડીઓને લાખો ને કરોડોની ભેટોની પબ્લિક પ્રોપર્ટીમાંથી છૂટા હાથે લહાણી કરવામાં આવી, જમીનો ફાળવી દેવામાં આવી અને અન્ય પુષ્કળ ઈનામોનો વરસાદ જાણે તેમના પર વરસ્યો ! આમ જોઈએ તો કોઈ રમત હારજીતનો ખેલ છે, એમાં હારી જવાથી દેશની શું ઈજ્જત વધી જાય છે અને જીતી જવાથી શું કિર્તી મળી જાય છે એ સમજમાં આવતુ નથી ?! આ પબ્લિકનું ગાંડપણ છે કે રમનારા જીતી જાય તો તેમની વાહ વાહમાં અતિશ્યોક્તિ કરી નાખે છે અને હારી જાય તો તેમનાં ઘરો પર પથ્થરમારો સુદ્ધાં કરવાના બનાવો બનેલા છે ! અને રાજકરણીઓ પણ પબ્લિક સાથે જોડાયને ખ્યાતિ મેળવવા અવનવાં નિવેદનો તથા ઈનામો જાહેર કરે છે.

## ★ મુસલમાનોને આ કાર્ય હરગિઝ શોભતુ નથી ! ★

ખૈર ! આ તો સામાન્ય પ્રજાની વાત થઈ કે જેમના ત્યાં આખેરતનો કોઈ ખયાલ જ નથી, બલ્કે એઓ એવી રીતે જીવનારા લોકો છે જેમને નિશ્ચિતપણે, અડગપણે મજબૂત યક઼ીન પોતાના મઅબૂદો તથા પોતાની માન્યતાઓ ઉપર પણ નથી, ન તો જીવન મરણના આગળ પાછળના હાલાત વિશે યક઼ીની એક નિશ્ચિત બંધારણ કે પુખ્તા અક઼ીદો જેમને ત્યાં છે, મોટા ભાગની પ્રજા અવનવા ડગુમગુ ભરમોમાં જ જીવતી જોવા મળે છે. પણ અફસોસ ત્યારે થાય છે કે જ્યારે તે ક઼ૌમના લોકો કે જેમનું અલ્લાહ એક હોવા પર અને મુહમ્મદ ﷺ તેના રસૂલ હોવા પર તથા ક઼બ્રના સવાલ જવાબ તથા હાલાત અને ક઼યામતના હિસાબ કિતાબ પર, જન્નત જહન્નમ પર પુખ્તા મજબૂત એક અને અડગ યક઼ીન છે તે ક઼ૌમ એટલે મુસલમાન પણ જ્યારે આવા રંગ રાગ તથા ખેલ તમાશાના ઉન્માદમાં તથા નશામાં નાચવા કૂદવા લાગે તથા આવી રમતોને જોવા પાછળ પાગલ જેમ કામ ધંધા તો ઠીક પણ નમાઝોને પણ ભૂલી જઈને તેના દીવાના બને છે ! જ્યારે આવી રમતો ખેલાતી હોય છે ત્યારે સડકો તથા શેરીઓમાં સન્નાટો છવાય છે, મસ્જિદોમાં પાંખી હાજરી જણાતી હોય છે અને ઘરોમાં, હોલોમાં ટી.વી. પર લોકો, ભાઈઓ બહેનો ! સૌ એક એક પળની મેચ નિહાળવામાં તથા સતત તેની ચર્ચામાં, તેના પરિણામની ફિકર ચિંતામાં ગુમ રહે છે. કેટલીયે જગાના સમાચારોમાં જાણવા મળ્યું કે આપણી ટીમ જીતી જાય તેના માટે કહેવાતા મોલ્વી તથા પીરબાવાઓએ જાહેર સ્થળોએ દુઆ માટેના શો કર્યા ! વળી ક્યાંક દરગાહો પર ચાદરો ચઢાવી દુઆઓ

કરવામાં આવી તો ક્યાંક મસ્જિદોમાં નમાઝો બાદ એના માટે દુઆઓ થઈ ! તો આવાં કાર્યોના શરીઅતની રૂએ શું હુકમો છે એ આગળ જતાં જણાવીશું. અહીં અલ્લાહના કલામ કુર્આન શરીફમાં મુસ્લિમ કૌમને શું સંબોધન છે તથા શું આદેશ થયા છે તેનો અભ્યાસ કરીને જો તમો સાચા પાકા મુસલમાન છો, કુર્આન પર તમારું ઈમાન છે તો તમારી પોતાની હૈસિયત તથા સ્થાનને સમજી લો.

### ★ જો તમે મુસલમાન છો તો આ ખૂબીઓ તમારામાં છે ?! ★

રબ તઆલા ફર્માવે છે : "તમે શ્રેષ્ઠ ઉમ્મત છો જે લોકોના માટે પેદા કરવામાં આવેલ છો, નેક કામનો હુકમ આપો છો અને બુરી વાતોથી રોકો છો, અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો." *(સૂ. આલિ ઈમ્રાન, આ. ૧૦૯)*

બીજે ઠેકાણે ફર્માવે છે : "અને નેકી અને પરહેઝગારીનાં કામોમાં આપસમાં મદદ કર્યા કરો અને ગુનાહો અને લોકો પર જુલ્મ કરવામાં આપસમાં મદદ ન કર્યા કરો." *(સૂ. માઈદા, આ. ૨)*

અને ફર્માવ્યું, "અને મુસલમાન પુરૂષ તથા મુસલમાન સ્ત્રીઓ એક બીજાનાં દોસ્ત છે કે સારાં કામો કરવાનુ કહે છે અને બુરી વાતોથી રોકે છે અને નમાઝ પઢે તથા ઝકાત આપે છે, અને ખુદા તથા તેના પયગંબરનું આજ્ઞાપાલન કરે છે. **આ જ તે લોકો છે જેમના પર ખુદા રહમ કરશે,** બેશક ! ખુદા ગાલિબ (સર્વોપરિ) હિકમતવાળો છે." *(સૂ. તૌબા, આ. ૭૧)*

એક ઠેકાણે મુસલમાનની ખૂબી દર્શાવે કે, "અલ્લાહ અને આખેરત પર ઈમાન ધરાવે છે, સારાં કામો કરવા કહે છે અને બુરાં કામોથી રોકે છે અને નેક કામોમાં દોડી પડે છે, અને એઓ જ સાલેહીન (નેક લોકો)માંથી છે." *(સૂ. આલિ ઈમ્રાન, આ. ૧૧૩)*

અને હદીષે પાકમાં સરકારે દો જહાં ﷺ શું ફર્માવે છે ? હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે તમારામાંથી બુરાં કામો જુએ તો તેને હાથ વડે રોકે. જો એની શક્તિ નથી તો ઝબાનથી રોકે અને એની પણ શક્તિ નથી ધરાવતો તો **'દિલથી એને બુરુ જાણે.'** અને આ **'સૌથી કમજોરતરીન ઈમાન'** છે." *(મુસ્લિમ શરીફ)*

હે મુસલમાનો ! કુર્આન પર તો તમારું ઈમાન છે જ ! તો પછી મુસલમાનની શું ખૂબીઓ એમાં દર્શાવી ? કદી જોયું તમે ? જુઓ ! અહીં ફક્ત અમુક જ આયતો વર્ણવી છે જેમાં **તમને "શ્રેષ્ઠ ઉમ્મત" કહેવાયા, નેક કામનો હુકમ કરનારા, બુરાં કામોથી રોકનાર, અલ્લાહ પર ઈમાન ધરાવનાર, નેકીનાં તથા પરહેઝગારીનાં, ખુદાથી ડરાવવાળાં કામોમાં આપસમાં સહાયક, લોકો પર જુલ્મના કામોથી રોકનાર, એકબીજાના હમદર્દ, નમાઝ પઢનાર, ઝકાત આપનાર, ખુદા વ રસૂલના હુકમોને પાળનાર, નેક કામો માટે દોડનાર વગેરે અને તેમના પર જ રબ તઆલાએ રહમ તથા કૃપા કરવાનો વાયદો કર્યો છે.**

**હવે વિચારો !** ઉપરોક્ત કુર્આની આદેશો વિરુદ્ધ આપણે ગૈરોની દેખાદેખી ગુનાહોનાં કામો તરફ દોડી પડીએ તો આપણે રબ તઆલાને તથા તેના રસૂલને કયામતમાં શું મોઢું બતાવીશું ?! વિચારો ! ઉપરોક્ત રસૂલે પાક ﷺની હદીષમાં "ઈમાન"ની શું વ્યાખ્યા દર્શાવી અને "સૌથી કમજોરતરીન ઈમાન" કોને દર્શાવ્યું ?! એના પર વિચાર કર્યો ?! એટલે કે **હરામ કામોને જેઓ દિલથી પણ બુરાં ન જાણે તેનામાં ઈમાન જ નથી !** આટલો ગંભીર આદેશ વાંચીને પણ તમે દિલથી ઈમાન બાબતે વ્યથિત ન થઈ જાવ તો બતાવો ઈમાન તમે કઈ ચીજને સમજો છો ?!

હવે આવો ! આ ક્રિકેટની રમત વિશે તમારી માન્યતામાં કાંઈ ભરમ હોય કે એ જાઈઝ ખેલ છે અને એને જોવું કાંઈ વાંધાજનક નથી ! તો હિંદુસ્તાનમાંની સુન્નીઓની **વિશ્વવિખ્યાત અરબી યુનિવર્સિટી જામિઆ અશ્રફિયા–મુબારકપુર** (યુ.પી.)ના સદર મુફતી સાહબથી પ્રશ્નોત્તરી કરી લઈએ :–

## ★ વર્તમાન ક્રિકેટ વિશે શરીઅતનો હુકમ શું છે ? ★

શું ફર્માવે છે દીનના ઉલમા નીચેના મસ્અલામાં કે :–

**૧.** હિંદુસ્તાનમાં હાલમાં ક્રિકેટ વર્લ્ડ કપ (**Cricket World Cup**) રમવામાં આવ્યો જેમાં મોટા ભાગે મુસ્લિમો તેમજ ગૈર મુસ્લિમો સૌ કામકાજ છોડીને અને કેટલા તો નમાઝોને પણ છોડીને દીવાનાઓની જેમ તેને જોવામાં વ્યસ્ત રહ્યા. અને આ ક્રિકેટ મેચ પાછળ કરોડોનો ખર્ચો કરવામાં આવે છે, અને **T.V.** પર જે મેચ જોવામાં આવે છે એમાં ક્રિકેટની સાથે સાથે સ્ટેડિયમમાં અર્ધનગ્ન છોકરીઓ (ચિયર્સ ગર્લ્સ !)ને વારંવાર નાચતી દેખાડવામાં આવે છે, તથા હિરો હિરોઈનોને તથા એડવર્ટાઈઝ (**Advertise**)માં નખરાં કરતી સ્ત્રીઓને દેખાડવામાં આવે છે. તો આવા ખેલને ક્રિકેટ મેચના સ્ટેડિયમમાં રૂબરૂ જઈને અથવા **T.V** પર જોવો શરીઅતની રૂએ કેવું છે ?

**૨.** ફલાણી ક્રિકેટની ટીમ મેચ જીત જાય એના માટે દરગાહ પર જઈને ગિલાફ ચઢાવવો અને મન્નત માનવી અને જીતવા પર જુલૂસ સાથે ચાદર લઈને દરગાહ પર મન્નત પૂરી કરવી અને જીતની ખુશીમાં ફટાકડા ફોડવા અને આતશબાજી કરવી શરીઅતની રૂએ કેવું છે ?

**૩.** મસ્જિદોમાં કોઈ ક્રિકેટ ટીમની જીત તથા કામયાબી માટે નમાઝો બાદ એકલા અથવા સામૂહિક રીતે દુઆ કરવી કરાવવી કેવી ?

**૪.** ક્રિકેટ મેચના ખાતર જે લોકોએ દરગાહો પર ચાદરની મન્નત માની અને જુલૂસની સાથે અથવા એકલા તેને ચઢાવી તેમના પર શો હુકમ છે ?

**૫.** જે ઈમામ આવા ખેલ **T.V.** પર જોવાની આદતવાળો હોય તેના પાછળ નમાઝ પઢવા વિશે શું હુકમ છે ? તેને ઈમામ બનાવવો કેવું છે ?

*પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) દયાદરા, તા. જિ. ભરૂચ*

## ★ સદર મુફતી જામિઆ અશ્રફિયા–મુબારકપુરનો જવાબ ★

بسم الله الرحمن الرحيم **૧.** શારીરિક કસરત તથા તંદુરસ્તીની સાચવણીના માટે નુકસાનકર્તા ન હોય તેવી રમતની ઈજાઝત છે, જ્યારે કે તે અન્ય ખરાબીઓથી અલિપ્ત હોય. અને એના સિવાય ક્રિકેટ, ફૂટબોલ વગેરે રમતો કેવળ ખેલ જ છે જે શરીઅતની રૂએ નાજાઈઝ છે. હદીષ શરીફમાં છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ત્રણ રમતોના સિવાયના મુસલમાનના દરેક ખેલકૂદ બાતિલ (ગલત) છે એટલે કે હરામ છે : (૧) પોતાના ઘોડાને પલાણવો (૨) તીરંદાઝી (૩) પોતાની પત્ની સાથે મનોરંજન." *(અસ્હાબુસ્સુનન, અહમદ, તિબ્રાની)*

અને જે ખેલ હરામ છે તેનો તમાશો જોવો પણ હરામ છે, ચાહે સ્ટેડિયમમાં રૂબરૂ જઈને જોવામાં આવે કે ટેલીવિઝન પર જોવામાં આવે. વળી એ તમાશામાં મશ્ગૂલ રહીને નમાઝોને વેડફી નાખવી, નવજવાન છોકરીઓ, ખાસ કરીને અર્ધનગ્ન છોકરીઓને જોવી અને એના પર રૂપિયા ખર્ચ કરવા તથા વેડફવા આ

સર્વ કામો પોતે જ સદંતર હરામ તથા ગુનોહ છે. મુસલમાન માટે અનિવાર્ય છે કે આ સર્વ બાબતોથી બચે અને આ પ્રકારના ખેલોમાં કોઈ દિલચસ્પી ન લે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ-૨, ૩, ૪** : કોઈ ટીમના જીતવાની મન્નત માનવી અને જીતી જતાં દરગાહ પર જઈને ગિલાફ કે ચાદર ચઢાવવી, જુલૂસ કાઢવું, ફટાકડા ફોડવા, આતશબાજી કરવી, કોઈ ટીમની કામયાબીના માટે મસ્જિદોમાં એકલા કે સામૂહિક રીતે દુઆ કરવી કે દુઆ કરાવવી, **સૌ નાજાઈઝ તથા ગુનોહ** છે. મુસલમાનો માટે અનિવાર્ય છે કે ભવિષ્યમાં એનાથી બચે, તૌબા કરે અને ખેલકૂદથી દૂર રહીને અલ્લાહના હુકમોના પાલનમાં વ્યસ્ત રહે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ-૫** : જે **ઈમામ** આવા ખેલો જોવાનો આદી (આદતવાળો) હોય તે **ફાસિક઼ે મોઅલિન** (ઓપનલી ગુનાહ કરનાર) છે, **એને ઈમામ બનાવવો ગુનોહ** છે, અને તેની ઈમામત હેઠળ (તેના પાછળ) **નમાઝ મકરૂહે તહરીમી** છે જેને **દોહરાવવી વાજિબ** છે. જો શક્તિ ધરાવતા હોય તો તેને ઈમામતથી બરતરફ કરી આપે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (સદર મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (ખાદિમુલ ઈફતા દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર, ૬–જમાદિઉલ ઉલા, હિ.સ. ૧૪૩૨) (મોહર)

આટલી સ્પષ્ટતાઓ એક સમજદાર મુસલમાન માટે પૂરતી છે. છતાં કેટલાક લોકો નાદાનીમાં અમલિયાતની કિતાબ "શમ્એ શબિસ્તાને રઝા"માંની વાતોને દલીલ બનાવી ક્રિકેટને જાઈઝ ઠરાવવા જોર કરતા હોય છે. તો સાથોસાથ એના વિશે પણ શરીઅતના મુફતીનો જવાબ જોઈ લો :–

### ★ ક્રિકેટ જીતવા માટે અમલ કરવો કેવો ? ★

**સવાલ** : ક્રિકેટના બારામાં "શમ્એ શબિસ્તાને રઝા" કિતાબમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہથી સંબંધિત કરીને (ક્રિકેટ) જીતવાનો અમલ લખેલો છે, તો શું એ ક્રિકેટ જાઈઝ હોવાની દલીલ બને છે અથવા એની કોઈ અન્ય હક઼ીક઼ત છે ?

**જવાબ** : "શમ્એ શબિસ્તાને રઝા"માં ક્રિકેટ જીતવાના અમલનો જે કિસ્સો છે તે સહીહ નથી. "શમ્એ શબિસ્તાને રઝા"ના સંપાદકની બનાવટ છે. કેમ કે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના ફતવામાં સ્પષ્ટતા કરી ચૂક્યા છે કે એ નાજાઈઝ તથા હરામ છે, પછી તેને જીતવાના માટે કોઈ અમલ બતાવે એ કયા બુદ્ધિશાળીની સમજમાં આવી શકે છે ?! અલ્લાહ બેહતર જાણનાર છે. *(અઝ : હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક઼ સાહબ, માહનામા અશરફિયા, મુબારકપુર, નવેમ્બર–૧૯૯૭)*

### ★ ક્રિકેટના નહીં, ક઼યામતના મેદાનને યાદ કરો ! ★

સારાંશ કે આ વર્તમાન ખેલાતા વર્લ્ડ કપ કે ટવેન્ટી ૨૦ કે અન્ય ક્રિકેટ કે ફૂટબોલની મેચો કોઈ રીતે જાઈઝ થતી નથી, તેમાં સ્પષ્ટપણે ગૈર શરઈ મનોરંજન, ફુઝૂલખર્ચી, બેહયાઈઓનું પ્રદર્શન તથા અન્ય પુષ્કળ ગુનાહનાં કામો એમાં જોડાયેલાં છે જેથી આપણે એવાં ગુનાહોના કામોથી દૂર રહેવું, **એની હારજીતની ફિકર ચિંતાઓમાં ન પડવું, તેમના સ્કોર તથા તેમના રેકોર્ડોને યાદ કરવા કે તેની ચર્ચામાં પડવાને બદલે આપણો જે રેકોર્ડ નોંધાઈ રહ્યો છે, કિરામન–કાતિબીન બે ફરિશ્તા પલ પલના ગુનાહ તથા નેકીઓનો આપણો સ્કોર લખી રહ્યા છે ! અને ક઼યામતમાં તે સ્કોર તથા**

**રેકોર્ડ ખુલશે ત્યારે શી વલે થશે ?! તેની ફિકર ચિંતામાં રહેવું જોઇએ.** ક્રિકેટરોની મહોબ્બત નહીં, તેમની લાગણીમાં ખુશ કે ઉદાસ થવું નહીં, બલ્કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બત જ કયામતમાં કામ લાગશે, તેનો ખયાલ રાખી ખુદા વ રસૂલની મહોબ્બતનો શું તકાઝો છે તેને જ પૂરો કરવાની કોશિશમાં લાગેલા રહેવું જોઈએ. કયામતના મેદાનમાં દરેક પોતાના ગુનાહોના પ્રમાણમાં અઝાબમાં સપડાયેલો હશે. જમીન તાંબાની હશે, સૂર્ય એક માઈલના અંતરે હશે, માણસ પોતાના ગુનાહો મુજબ પસીનામાં ડૂબેલો હશે, કોઈને ઘૂંટી સુધી, કોઈને ગુઠણ સુધી, કોઈને કેડ સુધી, કોઈને છાતી સુધી તો કાફિરને નાક સુધી હશે જેમાં તે ડબૂકિયાં ખાતો હશે. જેથી આજે જ ઈમાન તથા નેક અમલોની ચિંતા કરો અને આ સિવાય અન્ય સખત વિવિધ પ્રકારના અઝાબ હશે. *(વધુ માટે વાંચો બહારે શરીઅત, ભાગ : ૧)* તો એનાથી છૂટકારો પામવા ચાહતા હોઉ તો ગુનાહિત જીવનથી તૌબા કરો અને નેકીઓ જમા કરવામાં લાગી જાવ. હલાલ રોજી કમાઓ, નમાઝ–રોઝાના પાબંદ બનો અને સર્વ હરામ કામોથી તૌબા કરી નેક કામો તરફ વળી જાવ ! કયામતમાં એવા પણ લોકો હશે જેઓ એક એક નેકીના માટે તરસતા હશે, તેને પામવા લોકો પાસે માંગતા ફરતા ભટકતા હશે ! તો આ તો રબ તઆલાનો ફઝ્લો કરમ છે કે તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આપણને અગાઉથી એ ગયબની વાતો જણાવીને તેણે ચેતવી દીધા છે, જેથી ત્યાં આપણી બુરી વલે ન થાય ! માટે આજથી જ આપણે પાછલી ગુનાહિત જિંદગીથી તૌબા કરી ઈસ્લામી પવિત્ર જીવન પદ્ધતિને અપનાવીએ. રબ્બે કરીમ આપણને સૌને નેક હિદાયત આપે. (આમીન)

## ★ દિલોનું ચૈન નાજાઈઝ ખેલોમાં નહીં ઝિક્રે ખુદામાં છે ! ★

કેટલાક ભાઈઓ કહે છે કે, "અરે ભાઈ ! તમારી વાત સાચી કે આ બધું જાઈઝ નથી, પણ માણસ છીએ તો બેચૈની દૂર કરવા તથા આનંદ માટે બે ઘડી મનોરંજન માણીને દિલોને ચૈન સુકૂન આપી ટેન્શન ફ્રી બનીએ છીએ !" તેઓ સમજી લે કે ઘણા નાજાઈઝ હરામ કામો છે જેમાં ખરેખર ચૈન તથા આનંદ મળે છે, જેમ કે શરાબ પીવામાં, ઝિનાકારીમાં, જૂગારમાં, નાચવા કૂદવામાં, વાજિંત્રો સાથે ડાન્સમાં..... વગેરેમાં, પણ એ આનંદ તથા ચૈન ક્ષણિક હોય છે, શરાબનો નશો ઉતરતાં મસ્તી જતી રહેતાં ફરી એ જ બેચૈની આવી જાય છે તથા ઝિનાકારી કરનારા, જૂગારી, વાજિંત્રોની તથા નાચગાનની મેહફિલો માણનારા એ સર્વનો નશો ઉતરતાં છેવટમાં ડિપ્રેશનનો શિકાર બનતા હોય છે અને સતત બેચૈનીમાં જીવતા હોય છે. છે કોઈનામાં તાકત કે આ હરામ કામોમાં રચ્યા પચ્યા રહીને કાયમી આનંદમાં રહેવાની તથા ચૈન સુકૂનમાં જીવી જવાની ગેરંટી આપે ?! કોઈ નહીં આપી શકે ! જ્યારે આવો મુસલમાનો ! તમારો રબ તમને કાયમી ચૈન સુકૂનની ગેરંટી સાથે દા'વત આપે છે કે બંને જહાનમાં ચૈન તથા સુકૂન ચાહતા હોઉ તો આટલુ કરો ! દિલોના ચૈનોનો માલિક ફર્માવે છે : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ **"સાંભળી લો ! અલ્લાહની યાદમાં જ દિલોનું ચૈન છે."** *(પારા : ૧૩, સૂ. રઅદ, આયત : ૨૮)* સારાંશ કે આપણી જિંદગીની બેચૈનીઓ એ અલ્લાહની યાદ તથા તેના ઝિક્રથી ગફલત વર્તવાનું જ પરિણામ છે. અને અલ્લાહની યાદ તથા ઝિક્ર કઈ રીતે થશે ? સમય પર નમાઝો અદા કરો, કુર્આને પાકની નિયમિત તિલાવત કરો, ખુદાથી ડરીને સર્વ હરામ કામો છોડો અને હલાલ કમાણી કરો, ઝિક્ર દુરૂદમાં વ્યસ્ત રહો અને શરીઅત તથા સુન્નતે રસૂલ પ્રમાણે ખાવ, પીઓ, ઉઠો, બેસો, બોલો, ચાલો અને એ જ રીતે જીવો, પછી જુઓ કે દિલોને ચૈન મળે છે કે નહીં ?! યકીનન ! ચૈન સુકૂન મળશે અને બંને જહાનમાં મળશે જ, કેમ કે રબ તઆલાનો વાયદો જૂઠો નથી હોતો ! રબ્બે કરીમ સૌને નેક અમલની તૌફીક આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

لَا يَتَّخِذِ الْمُؤْمِنُونَ الْكٰفِرِيْنَ
اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ
فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ
تُقٰىةً ۗ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ۗ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ﴿٢٨﴾
قُلْ اِنْ تُخْفُوْا مَا فِيْ صُدُوْرِكُمْ اَوْ تُبْدُوْهُ يَعْلَمْهُ
اللّٰهُ ۗ وَيَعْلَمُ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۗ
وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٩﴾ يَوْمَ تَجِدُ كُلُّ
نَفْسٍ مَّا عَمِلَتْ مِنْ خَيْرٍ مُّحْضَرًا ۚ وَّمَا عَمِلَتْ
مِنْ سُوْٓءٍ ۚ تَوَدُّ لَوْ اَنَّ بَيْنَهَا وَبَيْنَهٗٓ اَمَدًا ۢ بَعِيْدًا ۗ
وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ۗ وَاللّٰهُ رَءُوْفٌ ۢ بِالْعِبَادِ ﴿٣٠﴾

### ત.....ર્જુ.....મો....

ન બનાવે મો'મિન પોતાના દોસ્ત મો'મિનોને છોડીને[૨૮] અને જેણે કર્યું આ કામ તો ન રહ્યો (તેનો) અલ્લાહથી કોઈ સંબંધ, પણ એ હાલતમાં કે તમે કરવા ચાહો તેમનાથી પોતાનો બચાવ[૨૯] અને ડરાવે છે તમને અલ્લાહ તઆલા પોતાની ઝાતથી (એટલે ગઝબથી) અને અલ્લાહની જ તરફ (સૌએ) પાછા ફરીને જવાનુ છે, ફર્માવી દો! જો તમે છુપાવો જે કાંઈ તમારા સીનાઓમાં છે અથવા જાહેર કરો તેને, જાણે છે તેને અલ્લાહ તઆલા, એને જાણે છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે અને અલ્લાહ તઆલા દરેક ચીજ પર શક્તિમાન છે. જે દિવસે મૌજૂદ પામશે દરેક નફ્સ (જીવ) જે કરી હતી તેણે નેકી પોતાની સામે, અને જે કાંઈ કરી હતી તેણે બુરાઈ. તમન્ના કરશે કે કાશ ! તેના દરમ્યાન અને એ દિવસના દરમ્યાન (આડી હોત) લાંબી મુદત. અને ડરાવે છે તમને અલ્લાહ પોતાના (અઝાબ)થી. અને અલ્લાહ તઆલા ઘણો જ મહેરબાન પોતાના બંદાઓ પર.

### તફસીર...............

૨૮. આ આયત તે સ્તંભ છે જેના પર ઈસ્લામી હુકૂમતની બાહ્ય પોલિસીનો દારોમદાર છે. પોતાના આ મહત્વના હેઠળ આ ખૂબ જ વિચારણા તથા ચિંતનને પાત્ર છે જેથી કરીને આપણે આ મહત્વના હુકમના પાલનમાં એને સહીહ ન સમજવાના સબબે કોઈ ગલતીનો શિકાર થઈ જઈએ. એના અનુસંધાનમાં સૌથી પ્રથમ શબ્દ اولياء (અવલિયા)નો ભાવાર્થ દિમાગમાં બેસાડવો જોઈએ. اولياء એ વલીનું બહુવચન છે અને વલી وَلاية કે وِلاية થી નીકળેલ (મુશ્તક) છે. અલ્લામા રાગિબ અસ્ફહાની લખે છે : (અર્થ) : વિલાયત (વાવ નીચે ઝેર હોય)નો અર્થ મદદ કરવું છે, અને વલાયત (જ્યારે વાવ પર ઝબર હોય)નો અર્થ કોઈ કામના જિમ્મેદાર અને ઈન્ચાર્જ બનવું છે. અને અમુક ઉલમાએ લુગત (શબ્દકોશના આલિમો)ની નજીક બંનેનો એક જ અર્થ છે. જરા અધિક સાંભળો ! અલ્લામા કુર્તબીએ આ આયતની તફસીર આ જ સૂરતની આયત નં. ૧૧૮થી કરી છે : لا تتخذ وابطانة من دونكم અને આ આયતનો તેમણે એ અર્થ વર્ણવ્યો છે કે, ''પોતાની મહત્વની બાબતો વિશે એ જ કાફિરો સાથે મશ્વરો કરવામાં આવે અને પોતાનાં સર્વ કામો તેમને સુપ્રત કરી દેવામાં આવે.'' એનાથી સ્પષ્ટ થઈ ગયું કે કાફિરો સાથે એવો મૈત્રીપૂર્ણ ઘરોબો કે પોતાનાં સર્વ રાઝોના માલિક બનાવી દેવામાં આવે અને દરેક વાતમાં એમના જ મશ્વરા પર ભરોસો કરવામાં આવે, એને કુર્આને કરીમે કત્અન મના ઠરાવી દીધુ છે. એવો રવૈયો

અપનાવવો કોઈ આઝાદ કૌમ અને સ્વતંત્ર હુકૂમતને શોભાને પાત્ર નથી, બલ્કે હકીકતમાં માનસિક ગુલામીનું આ બીજુ નામ છે જેને ઈસ્લામની ગૈરત સહન નથી કરી શકતી. તેમજ એક ઈસ્લામી સત્તા બીજી ઈસ્લામી સત્તાની વિરુદ્ધ કોઈ ગૈર મુસ્લિમ સત્તાની ઈમદાદ કરવા લાગે તો શું કૌમની એકતાનો જનાઝો નહીં નીકળી જાય ?! જો આપણે આપણા એક મુસલમાન ભાઈની વિરુદ્ધ કોઈ કાફિરની મદદ કરીને તેને હાર આપી દઈએ છીએ તો હકીકતમાં આપણે પોતે પોતાને કમજોર કરી રહ્યા છીએ અને આપણા દુશ્મનની મજબૂતીનો સામાન કરી રહ્યા છીએ, જે આજે તો પોતાના સ્વાર્થ તથા અંગત હેતુઓને લક્ષમાં રાખી આપણી ખુશામદ પણ કરી રહેલ છે અને જાત જાતના હરીયાળા બાગો પણ દેખાડી રહ્યો છે, પરંતુ કાલે જ્યારે એની ગરજો આપણા લાભો સાથે ટકરાશે તો તે આપણો ખાત્મો કરતાં ખચકાશે નહીં, અને એ વખતે એને યાદ પણ રહેશે નહીં કે આપણે તેના તે નિખાલસ દોસ્ત છીએ જેણે એના ખાતર પોતાના દીની ભાઈઓનું ખૂન વહાવવામાં જરાય ખચકાટ અનુભવ્યો ન હતો. જે લોકો ઉન્દલુસની તબાહી અને બર્બાદીની ખૂનરેજ દાસ્તાનથી વાકેફ છે અથવા જેમણે મુગલ સલ્તનતના પતનના દૌરમાં બંગાળ તથા દક્ષિણ હિંદના મુસલમાન નવાબોની ગલતકારીઓનું નિરીક્ષણ કર્યું છે તેમને કદમ કદમ પર કુર્આન હકીમના આ હુકમનું મહત્વ અને સચ્ચાઈની ઉઘાડી સાબિતી મળ શે. તફસીરુલ મિનારનું આ લખાણ ખૂબ જ ભાવપૂર્ણ છે : **"કાફિરની સાથે એવી દોસ્તી મના છે જેના લીધે તારા દીનની બેઈજ્જતી થાય, અથવા તારા દીની ભાઈઓને તકલીફ પહોંચે, અથવા એમની પ્રતિષ્ઠા તથા લાભોને નુકસાન પહોંચે."**

પરંતુ **ગૈર મુસ્લિમ ગવર્નમેન્ટો સાથે વેપાર કરવો અથવા સામાન્ય (આમ) માનવ ભલાઈ તથા પ્રગતિના કામોમાં તેમની સાથે સહકાર કરવો, વિશ્વશાંતિ તથા સલામતીની જાળવણીના માટે ભેગા મળીને કોશિશ કરવી, અથવા જે બંનેનો ભેગો દુશ્મન હોય તેના મુકાબલામાં એમની સાથે લશ્કરી પિકેટ કરવું અથવા આમ મેલજોલ અને સમાજમાં ગૈર મુસ્લિમો સાથે સદ્વર્તાવ અને સારી રીતે વર્તવું કોઈ રીતે મના નથી,** એની સાબિતી કુર્આને હકીમની વિવિધ આયતો તથા ઉસ્વાએ હસના (હુઝૂર ﷺના ઉમદા નમૂનાઓ)થી મળે છે જેનું વર્ણન પોત પોતાના મોકા પર આવશે.

**૨૯.** એટલે કે જો મુસલમાન કાફિરોના ઘેરાવમાં આવી જાય અને તેને પોતાના કત્લ થઈ જવાનો, માલ છીનવાઈ જવાનો અને આબરૂ લૂટાઈ જવાનો મજબૂત અંદેશો હોય તો એ બેબસીના આલમમાં ઈસ્લામે તેને ઈજાઝત આપી છે કે તે એવી વાત કરી લે જેના થકી તે કાફિરની બુરાઈથી સુરક્ષિત રહે. પરંતુ ઉલમાએ અહલે સુન્નતે સ્પષ્ટતા કરી છે કે, "આવા ડર તથા ખતરાવાળા સંજોગોમાં તેને એ ઈજાઝત હરગિઝ નથી કે તે એવુ કૃત્ય કરે અથવા એવી વાત કરે જેનાથી અન્ય મુસલમાનોને નુકસાન પહોંચે. દા.ત. જો કાફિર તેને કોઈ મુસલમાનને કત્લ કરવા, ઝિના કરવા કે માલ પડાવી લેવા, જૂઠી ગવાહી આપવા, કોઈની પાકદામન સ્ત્રી પર જૂઠો આક્ષેપ લગાડવા અથવા કાફિરોને મુસલમાનોનાં રહસ્યો બતાવવા મજબૂર કરે તો એ મુસલમાનને એ બાબતની હરગિઝ ઈજાઝત નથી કે તે પોતાના બચાવના માટે એ કામોમાંથી કોઈ કામ કરે.

જો તે પોતાની જાન બચાવવા જીભ પર કુફ્રી કલમો લાવે અને તેનું દિલ મુત્મઈન (સંતુષ્ઠ) હોય તો તેને એવું કરવાની તો રજા છે પરંતુ તેનું ઈમાન પર જામેલા રહેવું અને પોતાની જાન આપી દેવુ ઘણુ જ અફઝલ છે.

આ ચીજને એ તકિય્યા સાથે દૂરનો પણ સંબંધ નથી જે શીઆ મઝહબનો મૂળભૂત પાયો છે અને તેમને ત્યાં ઘણુ સવાબનુ કાર્ય છે કે જેની ફઝીલત વર્ણવતાં તેઓ ત્યાં સુધી કહી જાય છે કે, "ભલે ખુલફાએ ષલાષા (ત્રણ ખલીફા : અબૂબક્ર, ઉમર, ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین) એ કુર્આનની તેહરીફ (ફેરફાર) કરી દીધી, શરીઅતના હુકમોને બદલી નાખ્યા, રસૂલે પાક ﷺની સુન્નતને મિટાવી દીધી, પરંતુ હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ તકિય્યા પર અમલ કર્યો અને ખામોશ રહ્યા, બલ્કે હુકૂમતના કારોબારમાં તેમનો સાથ આપતા રહ્યા, તેમના માલે ગનીમતમાંથી પોતાનો હિસ્સો સ્વીકાર કરતા રહ્યા, તેમની પાછળ નમાઝો અદા કરતા રહ્યા." અસ્તગફિરુલ્લાહ ! શાહે મર્દાં શેરે યઝદાં رضی اللہ عنہની પવિત્ર જાત પર **આ કેટલો નાપાક આક્ષેપ છે.** આવી આક્ષેપબાજીથી આપણે અલ્લાહની પનાહ માંગીએ છીએ.

**હદીષ** : હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે કોઈ શબ્દ બોલતા તો તેને ત્રણવાર દોહરાવતા જેથી સમજી લેવામાં આવે[1]. અને જ્યારે કોઈ કૌમ પર તશરીફ લાવતા અને તેમને સલામ કરતા તો ત્રણવાર સલામ કરતા[2]. (બુખારી)

હઝરત અબૂ મસ્ઊદ અન્સારી[3] رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. બોલ્યો કે મારું ઊંટ થાકી ગયું છે, મને સવારી આપો. ફર્માવ્યું, મારી પાસે નથી[4]. એક જણે કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું તેને તે માણસ બતાવું છું જે એને સવારી આપી દે. ત્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, જે ભલાઈ પર રહબરી કરે એને કરનારાની જેમ સવાબ છે[5]. (મુસ્લિમ)

### સ....મ....જૂ....તી....

**૧.** ''શબ્દ''થી મુરાદ પૂરી વાત છે. એટલે કે મસાઈલ વર્ણવતી વખતે એન એક મસ્અલો ત્રણ ત્રણવાર ફર્માવતા જેથી લોકોના દિમાગમાં ઉતરી જાય, દરેક કામ મુરાદ નથી એટલા માટે મિશ્કાતના લેખક આ હદીષને ''કિતાબુલ ઈલ્મ''માં લાવ્યા.


**૨.** એક સલામ ઈજાઝત હાંસલ કરવા માટે, બીજી મુલાકાત માટે અને ત્રીજી વિદાય થવાની. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી કે હુઝૂર صلی اللہ علیہ وسلم મુલાકાત વખતે એક સલામ કરતા હતા, કેમ કે ત્યાં કેવળ મુલાકાતની સલામ મુરાદ છે. એનાથી જાણવા મળ્યું કે ઘરમાં પ્રવેશની ઈજાઝત માટે શોર ન મચાવવો, બહુ દરવાજો ન ઠોકવો, બલ્કે કેવળ આટલુ કહે, અસ્સલામુ અલૈકુમ ! આવું ?! એ પણ જાણવા મળ્યું કે આવનાર તથા જનાર સલામ કરે ભલે મોટો હોય.

**૩.** આપનું નામ ઉક્બા ઈબ્ને અમ્ર છે. કુન્નિયત અબૂ મસ્ઊદ અન્સારી છે. બદરી છે એટલે કે ગઝવએ બદરમાં શરીક રહ્યા, અથવા એ આબાદીમાં અમુક દિવસો રહ્યા. ઉક્બાએ ષાનિયહની બયઅતમાં શરીક હતા. કૂફામાં વસવાટ કર્યો. અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ની ખિલાફતમાં વિસાલ પામ્યા.

**૪.** એનાથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે જરૂરતના સમયે માગવું જાઈઝ છે. ખાસ કરીને હુઝૂર صلی اللہ علیہ وسلم થી માગવું દરેકના માટે ફખ્રની વાત છે. બીજુ એ કે જ્યારે ચીજ મૌજૂદ ન હોય તો માગનાર સાઈલને ના પાડવું કંજૂસાઈ નથી. હુઝૂર صلی اللہ علیہ وسلم અલ્લાહ عزوجل ની મખ્લૂકમાં મહાન સખી તથા દાતા છે, પરંતુ એ વખતે મના કરવું મસ્અલો રજૂ કરવા માટે છે કે કરજ લઈને સખાવત ન કરો. એ જે રિવાયતોમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ક્યારેક ''ના'' નથી ફર્માવ્યું, એનો મતલબ ક્યાં તો એ છે કે મૌજૂદ ચીજ વિશે મના નથી કહ્યું, અથવા એવું નથી કહ્યું કે તને આપીશું નહીં. જેથી હદીષો વિરોધાભાસી નથી.

**૫.** એટલે કે નેકી કરનાર, કરાવનાર, બતાવનાર, મશ્વરો આપનાર સૌ સવાબને પાત્ર છે જેથી તમને પણ સવાબ મળશે.

**૬.** આપનું નામ જરીર ઈબ્ને અબ્દુલ્લાહ બજલી છે. મશ્હૂર સહાબી છે. અતિશય હેન્ડસમ અને ખુશમિજાઝ હતા. ઉમર ફારૂક رضی اللہ عنہ આપને યૂસુફ علیہ السلام થી સરખાવતા હતા. હુઝૂર صلی اللہ علیہ وسلم ની વફાતના વરસે ઈસ્લામ લાવ્યા. અમુક રિવાયતોમાં છે કે વફાત શરીફથી ૪૦ દિવસ પહેલાં. એક અરસા સુધી કૂફામાં રહ્યા. કરકિસ્યામાં હિ.સ. ૫૧માં વફાત પામ્યા. (رضی اللہ عنہ)



# શિફા શરીફ

વિભાગ : ૨


**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક :** ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


## વિભાગ : ૧૨

## ★ મુસ્તફા ﷺની ઉચ્ચતાનો મકામ ★

જો કોઈ કહે કે જ્યારે કુર્આન હકીમ, સહીહ હદીષો અને ઉમ્મતની એકમતિથી એ વાત સિદ્ધ છે કે સૈયદના મુહમ્મદ રસૂલલ્લાહ ﷺ જ તમામ ઈન્સાનોથી બુઝુર્ગ અને તમામ અંબિયાએ કિરામથી અફઝલ છે. ત્યારે તો તે હદીષોનો શો અર્થ છે, જેમાં વિગતથી મનાઈ આવેલી છે. જેમ કે અમારાથી ઈમામ અસદી رحمۃ اللہ علیہએ પોતાની સનદના સાથે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલ ﷺએ ફર્માવ્યું કે કોઈના માટે એ યોગ્ય નથી કે તેઓ મને યૂનુસ બિન મતી علیہ السلامથી શ્રેષ્ઠ કહે........... (છેવટ સુધી)

આવી રીતે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની આ રિવાયતમાં છે જેમાં એ બનાવનો ઉલ્લેખ છે કે કોઈ યહૂદીએ કહ્યું હતું કે કસમ છે તે જાતની જેણે તમામ આદમીઓમાંથી હઝરત મૂસા علیہ السلامને પસંદ કર્યા. આ સાંભળી એક અન્સારીએ તેને થપ્પડ મારતાં કહ્યું કે આમ કહેવાની હિંમત કેવી રીતે કરી રહ્યો છે જ્યારે કે મુહમ્મદ રસૂલ ﷺ આપણા વચ્ચે જલ્વા અફરોઝ (ઉપસ્થિત) છે. જ્યારે આ ખબર ફખ્રે દો આલમ ﷺ સુધી પહોંચી તો આપે ફર્માવ્યું, એક નબીને બીજા પર મહત્તા ન આપો. બીજી રિવાયતમાં છે કે તમે મને હઝરત મૂસા علیہ السلام પર મહત્તા ન આપો. પછી બાકીની હદીષ બયાન કરી. અને તેમાં એ પણ છે કે કોઈ ન કોઈનામાં હઝરત યૂનસ બિન મતી علیہ السلامથી શ્રેષ્ઠ છે. પછી તેમની બીજી રિવાયતમાં છે કે એક શખ્સ બારગાહે રિસાલતમાં હાજર થયો અને આપને આ પ્રમાણે સંબોધન કર્યું, "અય ખલ્કતથી શ્રેષ્ઠ !" આ સાંભળી આપે ઈર્શાદ ફર્માવ્યો કે આ ખલ્કતથી શ્રેષ્ઠ તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام છે. યાદ રાખશો કે આ હદીષોનો ઉલ્માએ કિરામે વિવિધ રીતે ખુલાસો કર્યો છે.

**ખુલાસો-૧ :** પ્રધાનતાની (મહત્તા આપવાની) મનાઈ આપે રિસાલતના એલાન પહેલાં ફર્માવી હતી. આપ આદમ علیہ السلامની અવલાદના સરદાર છે. આપે મહત્તા આપવાની એટલા માટે મનાઈ ફર્માવી કે તેઓ યકીની ઈલ્મના મોહતાજ છે, અને ઈલ્મ વગર ફઝીલત (મહત્તા) આપે તેણે જૂઠુ કહ્યું. એ જ પ્રમાણે આપનો ઈર્શાદ કે હું કહેતો નથી કે તેમનાથી કોઈ અફઝલ (શ્રેષ્ઠ) છે. આ ફર્માનનો પણ મહત્તાનો તકાઝો નથી પરંતુ એ માટે જાહેરમાં મહત્તા આપવાથી રોકવું છે.

**ખુલાસો-૨ :** ફખ્રે દો આલમ ﷺએ આ વાત સ્પષ્ટતા કરવાની રીતે ફર્માવી જેથી ઘમંડની અસ્વીકૃતિ થઈ જાય. પરંતુ આ ખુલાસા પર વાંધાઓ શક્ય છે.

**ખુલાસો-૩ :** અંબિયાના વચ્ચે એકને બીજા પર મહત્તા આપવી ન જોઈએ જેથી કોઈપણ નબીનો તિરસ્કાર અને અપમાન અનિવાર્ય બની જાય. ખાસ કરીને યૂનુસ બિન મતી علیہ السلامની. કેમ કે અલ્લાહ તબારક વ તઆલાએ તેમના વિશે એક ખબર[૧] આપી છે, જેથી ઈલ્મથી વંચિત લોકોને દિલ અને દિમાગથી તેમનું અપમાન અને મર્તબાની કમીનો ખ્યાલ ન આવે કેમ કે અલ્લાહ તઆલાએ તેમના

૧. وَلَا تَكُونَ كَصَاحِبِ الْحُوتِ *"અને એ માછલીવાળા (યૂનસ علیہ السلام)ની જેમ ન થશો." (સૂ. કલમ, આ. ૪૮)*

વિશે[2-3] ફર્માવ્યું છે.

શક્ય છે કે તેનાથી કોઈ બેઈલ્મ માનવી તેના મર્તબામાં કમીની લાગણી અનુભવે. (જો) કે નબુવ્વતના હોદ્દા પર બુઝુર્ગને હલ્કો સમજવો અને નબીને ખામીવાળા ઠરાવવા દીન અને ઈમાનની મૌત છે, અને ખુદાના દુશ્મનોમાં સામેલ થવું છે.)

**ખુલાસો-૪** : નબુવ્વત અને રિસાલતના હક્કમાં મહત્તાથી મનાઈ ફર્માવવામાં આવી છે કેમ કે તમામ અંબિયાએ કિરામ તેમાં એક સીમા પર છે જ્યારે કે આ (નબુવ્વત) એક જ વસ્તુ છે. પછી તેની મહત્તા કેવી ? હા ! હાલતની અધિક્તા, વિશિષ્ટતાઓ, શ્રેષ્ઠતા, મર્તબો અને મહેરબાનીમાં મહત્તા નિશ્ચિત છે. અને જ્યાં સુધી નબુવ્વતના નફ્સનો સંબંધ છે તો તેમાં મહત્તા બિલકુલ નથી. જ્યારે મહત્તા બીજી બાબતોમાં છે જે નબુવ્વત પર અધિક છે જેના કારણે કેટલાક એમનામાં રસૂલ છે અને રસૂલોમાંથી કેટલાક ઉલૂલ અઝમ રસૂલ છે. કોઈકને રિફઅતે મકાની બક્ષવામાં આવી, કોઈને બાળપણમાં નબુવ્વત આપવામાં આવી, કોઈને ઝબૂર આપવામાં આવી, અમુકને રોશન નિશાનીઓ. આમાંથી તેઓ પણ છે જેમનાથી અલ્લાહ તઆલાએ વાતચીત કરી અને તે હસ્તી પણ છે જેના દરજ્જા બુલંદ કરી દીધા. એટલા માટે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :-

وَلَقَدْ فَضَّلْنَا بَعْضَ النَّبِيِّيْنَ عَلٰى بَعْضٍ ''અને બેશક ! અમે નબીઓને એકને એક પર બઢતી આપી.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત : ૫૫)*

અને બીજી જગ્યાએ આ પ્રમાણે ફર્માવ્યું છે, ''આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠ કર્યા, એમનામાં કોઈની સાથે અલ્લાહે વાત ફર્માવી અને કોઈ તે છે જેના બધા પર (કાંઈ કેટલાયે) દરજ્જાઓ બુલંદ કર્યા.'' *(સૂરએ બક્રહ્, આયત : ૨૫૩)* કેટલાક ઈલ્મવાળાઓએ કહ્યું છે કે અહીં દુનિયાની મહત્તા મુરાદ છે કે ત્રણ પ્રકારના અહેવાલથી બને છે. પ્રથમ એ કે એ નબીની નિશાનીઓ અને મો'જિઝા ઘણા જ રોશન અને મશ્હૂર હોય. બીજું તેમની ઉમ્મત ખૂબ જ પવિત્ર અને પુષ્કળ હોય. ત્રીજું તે પોતાની ઝાતમાં સૌથી પવિત્ર અને ફઝીલતવાળો હોય, તેનો ફઝ્લ પોતાની જાત તરફ નિયમાનુસાર હોય કે જે બુઝુર્ગી વિશેષતા, વાતચીત, ગાઢ દોસ્તી, સૂરત અને ઉત્તમ મહેરબાનીના સાથે અથવા વિલાયત અને વિશેષતાના કારણે કોઈને ખાસ કરી લીધા હોય.

રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું છે, નબુવ્વતનો મહાન બોજ અને જવાબદારીઓ છે તો હઝરત યૂનુસ علیہ السلام (નબુવ્વતના બોજથી હિંમતમાં કમી કરવા લાગ્યા હતા. જેવું કે ઊંટનું બચ્ચું વજનના કારણે નાહિંમત થવા લાગે છે, તો નબી કરીમ ﷺએ ફિત્નાની જગ્યાએથી તેમનું રક્ષણ કર્યું હતું અને એવા વહેમથી બચાવ્યા હતા જે તે કૃત્યોના કારણે તેમની નબુવ્વત પર જરહ (પકડ) અથવા પસંદગીની શાનમાં વાંધા અથવા મર્તબામાં ઘટાડો અથવા પ્રતિષ્ઠામાં કમીની તરફ વધતો. પછી નબી કરીમ ﷺએ (એ બતાવીને) પોતાની ઉમ્મત પર મહેરબાની ફર્માવી છે.

**ખુલાસો-૫** : ઉપરોક્ત ક્રમમાંથી પાંચમું કારણ એ પેદા થાય છે કે આ પવિત્ર હુકમમાં اَنَاની ઝમીર કર્તાની તરફ છે કે કોઈ પરહેઝગાર, ગુનાહોથી બચવાવાળો અને કેટલોય પવિત્ર કેમ ન હોય પરંતુ તે એવું ન વિચારે કે હું હઝરત યૂનુસ علیہ السلامથી શ્રેષ્ઠ છું. અલ્લાહ તઆલાએ તો તેમના વિશે આ કાંઈક ફર્માવ્યું છે ! (ખબરદાર !) નબુવ્વતનો મક઼ામ ઘણો જ અફઝલ (શ્રેષ્ઠ) ઉચ્ચ અને ખૂબ જ બુલંદ છે. અને ઉપરોક્ત વિશિષ્ટતાઓ તેમના સામે એક રાઈના નાના દાણાની બરાબરની કિંમત રાખતી નથી અને ઈન્શાઅલ્લાહુ તઆલા ! તેને અમે ત્રીજા વિભાગમાં વિગતવાર બયાન કરીશું તેનાથી અમારો મક઼સદ પૂરો થઈ ગયો અને વાંધાઓનો શક દૂર થઈ ગયો, અને તૌફીક઼ (શ્રદ્ધા શક્તિ) અલ્લાહ તઆલા તરફથી છે, તે જ મદદગાર છે તેના સિવાય મઅબૂદ કોઈ નથી.

---

૨. اِذْ اَبَقَ اِلَى الْفُلْكِ الْمَشْحُوْنِ ''જ્યારે કે ભરેલી કશ્તી (નાવ)ની તરફ નીકળી ગયો.'' *(સૂ. સાફ્ફાત, આ. ૧૪૦)*

૩. اِذْ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنْ لَّنْ نَّقْدِرَ عَلَيْهِ *'જ્યારે ચાલ્યો ગુસ્સામાં ભરાઈને તો ગુમાન કર્યું કે અમે એના પર તંગ કરીશું નહીં.'' (સૂ. અંબિયા, આ. ૮૭)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક્ સાબરી દહેગામી

**ન આસ્માં કો યૂં સર કશીદહ્ હોના થા**
**હુઝૂરે ખાકે મદીના ખમીદહ્ હોના થા**

*(સર કશીદહ્ = માથાને ઊંચે રાખવુ, હુઝૂરે ખાકે મદીના = મદીના શરીફની માટે સામે, ખમીદહ્ = ઝુકેલુ હોવુ)*

**અર્થ :** આકાશ ભલે ઉપર છે પણ તે પૃથ્વી તરફ ઝુકેલ છે કારણ કે પૃથ્વી પર સરવરે કાઈનાત علیہ الصلوۃ والسلامની આરામગાહ છે એટલે મદીના શરીફ સામે આકાશ અદબથી શીશ ઝુકાવેલ છે.

**અગર ગુલોં કો ખિઝાં ના રસીદહ્ હોના થા**
**કિનારે ખાકે મદીના દમીદહ્ હોના થા**

*(ગુલોં = ફૂલોં, ખિઝાં = પાનખર ઋતુ, ના રશીદહ્ = ના મળવુ, કિનારે ખારે મદીના = મદીના શરીફના કાંટાની ગોદમાં, દમીદહ્ = ઉગવું)*

**અર્થ :** જો ફૂલોએ પાનખર ઋતુ જોવી ન હતી તો મદીના પાકના મુબારક કાંટાઓની ગોદ–કૂખમાં ઉગવું જોઈતુ હતું, કારણ કે આ પાક જમીન પર સૂકી અને બેજાન વસ્તુઓ પણ હરીભરી અને જાનદાર રહે છે અને મદીના શરીફના કાંટા દુનિયાના ફૂલોની સામે ઉચ્ચ દરજજો ધરાવે છે.

*ફૂલ ક્યા દેખું મેરી આંખોં મેં*
*દશ્તે તૈયબા કે ખાર ફિરતે હૈ*
*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

*મૈં ખારે મદીના કો તર્જીહ દુંગા*
*ગુલોં કો બતા દો, બહારોં સે કેહ દો*
*–(શૈખુલ ઈસ્લામ مد ظلہ العالی)*

**હુઝૂર ઉનકે ખિલાફે અદબ થી બેતાબી**
**મેરી ઉમ્મીદ તુઝે આરમીદહ્ હોના થા**

*(હુઝૂર ઉનકે = તેમની સામે, ખિલાફે અદબ = અદબના વિરુદ્ધ, બેતાબી = બેચેની, આરમીદહ્ = આરામથી રહેવું)*

**અર્થ :** હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં બેચેની બેક઼રારી અદબના વિરુદ્ધ છે. અય મારી ઉમ્મીદો ! તમન્નાઓ ! તમારે આરામથી બેસી રહેવું જોઈએ.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં હાજરીના અદાબ (નિયમો)ની તા'લીમ આપી છે. તમામ મુફસ્સિરીન, મુહદ્દિષીન, ઈમામોની એકમતિ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો અદબ અને તા'ઝીમ જેવી રીતે આપ صلی اللہ علیہ وسلمના જાહેરી જીવનમાં ફર્ઝ હતી એવી રીતે આપના વિસાલ પછી પણ ફર્ઝ છે, કારણ કે આપ علیہ الصلوۃ والسلام આજે પણ જીવંત છે, જેવું કે હદીષોથી સાબિત છે.

**નઝારા ખાકે મદીના કા ઔર તેરી આંખ**
**ન ઈસ ક઼દર ભી ક઼મર શોખદીદહ્ હોના થા**

*(નઝારા = જોવું, ખાકે મદીના = મદીના શરીફની માટી, ઈસ ક઼દર = એટલું, ક઼મર = ચંદ્ર, શોખદીદહ્ = બેશરમ)*

**અર્થ :** હે ચાંદ ! તારે આટલું બેશરમ ન હોવું જોઈતું હતું કે મદીના શરીફનો દીદાર કરવા આવે અને પોતાની આંખને પણ ન ઝુકાવે. અહીંયાં દરેક આવનાર નઝરો ઝુકાવીને આવે છે તારે પણ એવી રીતે જ આવવું જોઈતુ હતું.

**કિનારે ખાકે મદીના મેં રાહતેં મિલતીં**
**દિલે હઝીં તુઝે અશ્ક ચકીદહ્ હોના થા**

*(કિનારે ખાકે મદીના = મદીના શરીફની માટીની*

*ગોદ, કૂખ, રાહતેં = આરામ, દિલે હઝીં = દુઃખી હૃદય, અશ્ક ચકીદહ્ = ટપકેલ આંસૂ)*

**અર્થ :** હે મારા દુઃખી દિલ ! તારે ટપકેલ આંસૂ હોવું જોઈતુ હતું કે મદીના શરીફની પાક માટીમાં સમાઈ જાત તો તને આરામ જ આરામ મળત. આ એક આશિક્ની શાન છે કે તે પોતાની હસ્તીને મદીના શરીફની પાક માટીમાં ફના કરવા ઈચ્છે છે.

હદીષ શરીફમાં છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "ક઼સમ છે તે જાતની જેના કબજામાં મારી જાન છે ! બેશક ! મદીનાની માટી મો'મિન છે." *(વફાઉલ વફા)*

જામેઉલ ઉસૂલમાં છે કે જ્યારે હુઝૂર ﷺ જંગે તબૂકથી પાછા તશરીફ લાવ્યા તો મદીના શરીફના જે લોકો જંગમાં ગયા ન હતા તે સ્વાગત માટે આગળ આવ્યા. ભીડના કારણે ધૂળ ઉડી તો એક સહાબીએ ધૂળના કારણે મોઢું ઢાંકી લીધું. હુઝૂર ﷺએ તેમના મોઢા પરથી કપડુ હટાવી ફર્માવ્યું, "ક઼સમ છે તેની જેના કબજામાં મારી જાન છે ! બેશક ! મદીના શરીફની ધૂળ દરેક બીમારી માટે શિફા છે." *(ખુલાસતુલ વફા)*

**પનાહે દામને દશ્તે હરમ મેં ચૈન આતા**
**ન સબ્રે દિલ કો ગઝાલે રમીદહ્ હોના થા**

*(પનાહે દામને દશ્તે હરમ = હરમ મદીના શરીફના જંગલની છાયા, ચેન = શાંતિ, સબ્રે દિલ = દિલની ધીરજ, ગઝાલ = હરણનુ બચ્ચુ, રમીદહ્ = ભાગેલ, નાસી છૂટેલ)*

**અર્થ :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હરમની છાયામાં શાંતિ મળી જાત, મારા બેચેન દિલની ધીરજે હરણના બચ્ચાની જેમ ભાગદોડ ન કરવી જોઈતી હતી.

**યે કૈસે ખુલતા કે ઉનકે સિવા શફીઅ નહીં**
**અબષ ન ઔરોં કે આગે તપીદહ્ હોના થા**

*(ખુલતા = જાહેર થાત, શફીઅ = શફાઅત કરનાર, અબષ = બેકાર, ઔરોં કે આગે = બીજાઓ સામે, તપીદહ્ = પરેશાન)*

**અર્થ :** એ કેવી રીતે જાહેર થાત કે હુઝૂર ﷺ સિવાય મેહશરમાં કોઈ શફાઅત કરનાર નથી, જો બીજા નબીઓ પાસે પરેશાન થઈને મોકલવામાં ન આવત. એટલે કે ક઼યામતના દિવસે જ્યારે લોકો પરેશાન થઈ જશે અને શફાઅત માટે બીજા બધા જ નબીઓ પાસે જશે અને દરેક નબી કહેશે કે બીજા પાસે જાવ ! તો આ પરેશાનીની હાલતમાં બીજાઓ પાસે મોકલવું બેકાર નથી, બલ્કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાન બતાવવા માટે છે કે જ્યારે કોઈ કામ નહીં આવે ત્યારે હુઝૂર ﷺ ફર્માવશે, હું એટલા માટે જ છું ! અને હુઝૂર ﷺ બધાની શફાઅત કરશે.

*ફકત ઈતના સબબ હૈ ઈન્એકાદે બઝ્મે મેહશર કા*
*કે ઉનકી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

**હિલાલ કૈસે ન બનતા કે માહે કામિલ કો**
**સલામે અબરૂએ શહમેં ખમીદહ્ હોના થા**

*(હિલાલ = પેહલો ચાંદ, માહે કામિલ = આખો ચાંદ, ચૌદમીનો ચાંદ, સલામે અબરૂએ શહમેં = શહનશાહે કૌનેનની મુબારક ભંવોની સલામી માટે, ખમીદહ્ = ઝુકવું)*

**અર્થ :** હિલાલ એટલે પહેલો ચાંદ જે કમાન જેવો નમેલો દેખાય છે, ચૌદમીનો ચાંદ આખો હોય છે. હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, ચાંદ ગોળ હોય છે અને અદબની સાથે ઝુકીને સલામ કરવી તેના માટે શક્ય નથી માટે તે ધીરે ધીરે ઘટીને પાતળો થઈ ઝુકી જાય છે જેથી અદબ સાથે ઝુકીને હુઝૂર ﷺની બારગાહમાં સલામ પેશ કરી શકે. પહેલો ચાંદ કેમ ન બનત કે પૂરા ચાંદને શાહેવાલાની બારગાહમાં ઝુકવુ હતું.

ઉપરના એક શેઅરમાં ચાંદની નજર વિશે બયાન થયું જેનાથી ચાંદના બેઅદબ હોવા વિશે કોઈ શક થઈ શકે છે. જેથી આ શેઅરમાં બતાવવામાં આવ્યું કે ચાંદ જેટલો બાઅદબ કોણ હોય કે જેણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખાતર પોતાના ટુકડા કરી દીધા અને સલામી માટે પોતે પાતળો થઈ ઝુકી જાય છે.

**લ અમલઅન્ન જહન્નમ થા વઅદએ અઝલી**
**ન મુન્કિરોં કા અબષ બદ્ અક઼ીદહ હોના થા**

*(લ અમલઅન્ન જહન્નમ = જરૂર હું જહન્નમને ભરી દઈશ, વઅદએ અઝલી = પહેલાનો વાયદો, મુન્કિરો =*

રસૂલના ગુસ્તાખો, અબષ = બેકાર)

**અર્થ :** ગુસ્તાખે રસૂલ લોકો હુઝૂર ﷺની અઝમત તથા શાનનો ઈન્કાર કરી બેકારમાં બદ્ અકીદા નથી થયા ! તેનું એક કારણ છે કે ખુદા પાકે ઘણા પહેલાંથી વાયદો કર્યો છે કે હું જહન્નમને લોકોથી ભરી દઈશ, એટલે કે ગુસ્તાખોનુ ઠેકાણુ જહન્નમ છે.

**નસીમ ક્યૂં ન શમીમ ઉનકે તયબહસે લાતી**
**કે સુબ્હે ગુલ કો ગરીબાં દરીદહ્ હોના થા**

*(નસીમ = સવારની ઠંડી હવા, શમીમ = ખૂશ્બૂ, સુબ્હે ગુલ = સવારનુ ફૂલ, ગરીબાન = કોલર, દરીદહ્ = ફાટેલુ)*

**અર્થ :** સવારની ઠંડી હવા તયબહથી ખૂશ્બૂ એટલા માટે લઈને આવે છે કે સવારનાં ફૂલોને ગરીબાં ચાક કરવું છે, એટલે કે ખીલવું છે, અને દુનિયાને ખૂશ્બૂ આપવી છે, તો તયબહની ખૂશ્બૂથી ફૂલો સુગંધિત થાય છે.

**ટપકતા રંગે જુનૂં ઈશ્કે શહ મેં હર ગુલ સે**
**રગે બહાર કો નશ્તર રસીદહ્ હોના થા**

*(રંગે જૂનું = દીવાનગીનો રંગ, ઈશ્કે શહ = શાહે તયબહ હુઝૂર ﷺનો ઈશ્ક, હર ગુલ = દરેક ફૂલ, બહાર = વસંત ઋતુ, નશ્તર રસીદહ્ = નશ્તર લગાવેલ)*

**અર્થ :** દરેક ફૂલમાંથી હુઝૂર ﷺના ઈશ્કમાં દીવાનગીનો રંગ ટપકે છે, કારણ કે વસંતને હુઝૂર ﷺની મહોબ્બતનું નશ્તર લગાડવામાં આવ્યું છે.

**બજા થા અર્શ પે ખાકે મઝારે પાક કો નાઝ**
**કે તુઝ સા અર્શનશીં આફરીદહ્ હોના થા**

*(બજા થા = યોગ્ય હતું, અર્શનશીં = અર્શ પર બેસનાર, તુઝસા = તારા જેવો, આફરીદહ્ = જનમ લેવું,જન્મેલ)*

**અર્થ :** મદીના શરીફની પાક સરજમીન પર જ્યાં હુઝૂરે અકરમ ﷺ આરામ ફર્માવી રહ્યા છે તે માટીને અર્શથી અફઝલ હોવા પર નાઝ કરવું યોગ્ય હતું, કારણ કે આપ જેવા અર્શ પર પધારેલા તે જગ્યાએ આરામ ફર્માવવાના હતા. બીજો અર્થ એ છે કે જે વ્યક્તિ જે માટીથી પેદા થયો છે તે જ જગ્યાએ દફન થશે, જેથી અર્શથી અફઝલ હોવા પર આપના મઝારની માટીનુ ફખ્ર કરવુ યોગ્ય છે, કારણ કે આપ જેવા અર્શ પર જનારા તે માટીથી પેદા થયેલ છે.

આ વાત પર તમામ ઉલમાનો ઈજમાઅ (એકમતિ) છે કે મદીના શરીફની જે જમીન હુઝૂર ﷺના મુકદ્દસ બદન સાથે લાગેલી છે તે અર્શ, કુર્સી, લોહ, કલમ, જન્નત અને કાઈનાતની દરેક જગ્યાથી અફઝલ છે. *(જવાહિરુલ બિહાર, અલ્લામા યૂસુફ નબહાની, મવાહિબે લદુન્નિયહ્, શારેહે બુખારી ઈમામ કસ્તુલાની, ફીરિહાબિલ્ બૈતિલ હરમ, અલ્લામા મુહમ્મદ અલ્વી, મક્કા શરીફ)*

**ગુઝરતે જાન સે એક શોરે યા હબીબ કે સાથ**
**ફુગાં કો નાલએ હલક્ બુરીદહ્ હોના થા**

*(ગુઝરતે જાં સે = મરી જતા, એક શોર = એક અવાજ, ફુગાં = આક્રંદ, નાલએ હલક્ બુરીદહ = કપાયેલ ગળાની ફરિયાદ)*

**અર્થ :** અમે પોતાની જાન "યા હબીબલ્લાહ !" ﷺના નારા સાથે આપી દેતા, અમારા આક્રંદને કપાયેલ ગળાની છેલ્લી ફરિયાદ હોવું જોઈતી હતી એટલે કે અમો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નામ પર જાન આપી દઈએ.

**મેરે કરીમ ! ગુનહ ઝહર હૈ મગર આખિર**
**કોઈ તો શહદે શફાઅત ચશીદહ્ હોના થા**

*(મેરે કરીમ = મારા મહેરબાન, શહદે શફાઅત = શફાઅતનુ મધ, ચશીદહ્ = ચાખેલુ)*

**અર્થ :** મારી બખ્શિશ કરાવનાર મહેરબાન ! ગુનાહ કડવુ ઝેર છે પરંતુ છેલ્લે તો આપની શફાઅતના મધને ચાખવાનુ છે ! એટલે કે છેલ્લે આપની શફાઅતનો સહારો મળવાનો છે.

**જો સંગે દર પર જબીંસાઈઓં મેં થા મિટના**
**તો મેરી જાન શરારે જદીદહ્ હોના થા**

*(સંગે દર = હુઝૂરની ચોખટ, જબીંસાઈયોં = પેશાની રગળનારા, શરારે જદીદહ = ઉડનાર ચિંગારી)*

**અર્થ :** જ્યારે હુઝૂર ﷺની ચોખટ પર માથુ રગડીને જ મરી જવાનુ હતું વધુ પેજ નં. ૧૮....પર

**મુનાફિકત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂ. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક્વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمة الله عليه, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી બરકાતે ખ્વાજા*

## દેવબંદી મક્તબની બુનિયાદ હચમચાવનારી કહાની

મૌલ્વી મનાઝિર એહસન ગીલાનીએ મૌલ્વી કાસિમ નાનોત્વી સંબંધે એક વિસ્મયકારક ને વિચિત્ર હિકાયત કિતાબ ''સવાનેહ કાસિમી''માં લખી છે, તેમણે લખ્યું છે કે, એક વખત મૌલાના (કાસિમ સાહબ નાનોત્વી) એક એવા ગામડાથી પસાર થઈ રહ્યા હતા જ્યાં શીઆઓની વસ્તી વધુ રહેતી હતી. સુન્નીઓને જ્યારે ખબર થઈ તો તેમણે એક ખૂબ જ સારો મોકો સમજીને તેમના (મૌલ્વી કાસિમ નાનોત્વીના) વઅઝની જાહેરાત કરી દીધી. એની જાણ થતા જ શીઆઓમાં ખળભળાટ મચી ગયો. તેમણે વઅઝનો પ્રોગ્રામ નિષ્ફળ બનાવવા માટે તાત્કાલિક લખનવથી ચાર ''મુજતહિદો''ને બોલાવ્યા અને પ્રોગ્રામ એ નક્કી કરવામાં આવ્યો કે વઅઝની મેહફિલમાં ચારે ખૂણે ચારેય મુજતહિદોને બેસાડવામાં આવે અને ''ચાલીસ એ'તેરાઝ'' (વાંધાઓ) તૈયાર કરીને દસ દસ ચારેય વચ્ચે વહેંચી દેવામાં આવે, અને વઅઝ ચાલુ હોય તે દરમ્યાન દરેક મુજતહિદ અલગ અલગ એતેરાઝ કરે, આમ થવાથી જલ્સો આપોઆપ વિખરાઈ જાય. ત્યાર પછીના બનાવને સંપાદકના શબ્દોમાં વાંચો :–

*હઝરત (મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી)ની કરામતની વિગત સાંભળો ! હઝરતે વઅઝ શરૂ કર્યો. જેમાં આખા ગામના શીઆઓ હાજર હતા. વાઈઝ તેમના એતેરાઝો (વાંધાઓ)ના ગોઠવેલા ક્રમવાર જવાબ પરથી શરૂ થયો, જે એતરાઝો લઈને શીઆઓના મુજતહિદો બેઠા હતા, ગોઠવણ મુજબ કોઈ મુજતહિદ એતેરાઝો કરવા માટે ગરદન ઊંચી કરતો ત્યારે હઝરત (નાનોત્વી) તેના એતેરાઝો બતાવીને તેના જવાબો દેવાનું શરૂ કરી દેતા, આમ વઅઝ ખૂબ જ શાંતિની સાથે પૂરો થયો.*

*–(હાશિયા ''સવાનેહ કાસિમી, ભાગ : ૨, પેજ–૭૧)*

આ બનાવ પછી જે કાંઈ બન્યું એ તેનાથી પણ વધુ હૈરતઅંગેઝ અને દિલચસ્પ છે. લખ્યું છે કે :–

*(શીઆઓના) મુજતહિદો અને સ્થાનિક શીઆ રહીશોને તેમાં પોતાની નાલેશી અને શરમ મેહસૂસ થઈ, તો તેને દૂર કરવા માટે અને હઝરતેવાલા (નાનોત્વી)એ જમાવેલ અસરને ભૂંસી નાખવા એક બીજી યુક્તિ વિચારી કે એક યુવાનનો "બનાવટી જનાઝો" બનાવ્યો, અને હઝરત પાસે આવીને વિનંતિ કરી કે, આપ જનાઝાની નમાઝ પઢાવી દો ! તેમની યોજના એ હતી કે જ્યારે તેઓ જનાઝાની નમાઝ પઢાવવા લાગે ત્યારે અંદર સૂતેલ યુવાન એકદમ ઊભો થઈ જાય અને હઝરત (નાનોત્વી)ની મજાક ઉડાડે. હઝરતેવાલા (નાનોત્વી)એ પ્રથમ તો તેમની માફી માંગીને કહ્યું કે, તમે લોકો "શિયા" છો અને હું "સુન્ની" છું. બંનેની જનાઝાની નમાઝની રીત જૂદી જૂદી છે, તમારા જનાઝાની નમાઝ મારી પાસે પઢાવવી જાઈઝ કેવી રીતે થશે ? તેનો જવાબમાં શીઆઓએ વિનંતિ કરી કે, હઝરત ! બુઝુર્ગ તો દરેક કૌમના બુઝુર્ગ હોય છે. બસ ! અમારી ઈચ્છા છે કે તમે જનાઝાની નમાઝ પઢાવી જ દો. હઝરતે તેમના આગ્રહથી તેમનો સ્વીકાર કર્યો અને સ્થળ પર પહોંચી ગયા. માણસો ઘણા હાજર હતા, એક તરફ હઝરત ઊભા હતા, તેમના ચહેરા પર ગુસ્સાના ભાવો દેખાઈ રહ્યા હતા. આંખો લાલ હતી, નમાઝને માટે તેમને કહેવામાં આવ્યું તો તેઓ આગળ વધ્યા અને નમાઝ શરૂ કરી દીધી. બે તકબીરો થઈ એટલે યોજના પ્રમાણે જનાઝાની અંદર સૂતેલ (શીઆ) યુવાને ઊભા થઈ જવું જોઈતું હતું પણ તેવું કાંઈ થયું નહીં. એટલે પાછળથી કોઈએ "હું"નો સીસકારો કર્યો, પરંતુ તે ઉઠયો નહીં ! હઝરતે ચાર તકબીરો પૂરી કરીને એ જ ગુસ્સાના લહેજામાં ફર્માવ્યું કે, હવે ક઼યામતની સવાર પહેલાં એ ઉઠી શક્શે નહીં ! જોયું તો જનાઝામાં સૂતેલો શીઆ મરી ચૂક્યો હતો તે જોઈને શીઆઓ રડવા, પીટવા લાગી ગયા. (હાશિયા "સવાનેહ ક઼ાસિમી, ભાગ–ર, પેજ–૭૧)*

ક઼સમ છે તમને એ જલાલતે ખુદાવંદીની ! જેની હયબતથી મો'મિનનો કલેજો કાંપતો રહે છે, હક્ક઼ની સાથે ઈન્સાફ કરવામાં કોઈની તરફેણ ન કરશો.

ઉપર લખ્યાં બંને બનાવો તમારી સામે છે, પહેલા બનાવમાં મૌલ્વી ક઼ાસિમ નાનોત્વી સાહબને માટે "ગયબનો ઈલ્મ" અને ઈદરાક (સુઝબુઝ)ની એ મહાન શક્તિ સાબિત કરવામાં આવી છે, જેના દ્વારા તેમણે અલગ અલગ શીઆ મુજતહિદના દિલમાં છુપાયેલા એતેરાઝને એ જ ક્રમ પ્રમાણે જાણી લીધો જે ક્રમ પ્રમાણે તેઓ તેમના દિલોમાં છુપાવીને આવ્યા હતા.

**ઘરના બુઝુર્ગને માટે** તો આ પ્રકારની લાગણી અને આ મુજબની ઉચ્ચ ભાવના ! કે **દિલમાં છુપાએલુ રહસ્ય અને વસવસા આયનાની જેમ તેમની દષ્ટિ સામે છે !** "ઘરના મૌલાના"ની "ગયબી શક્તિ"નો એક઼રાર કરતી વખતે કોઈ ક઼ાનૂન નડતરરૂપ બન્યો નહીં ! ન તો તેમને "તૌહીદ"થી ઈન્કાર જેવું દેખાયું ?! પરંતુ અંબિયા અને અવલિયાને સંબંધે એવા જ પ્રકારની "ગયબી શક્તિ" અને સમજદારીના પ્રશ્ન ઉપર એ "શ્રીમાનો"ની જબાન પર આ છે કે :–

*એવી જ રીતે આ પણ કોઈ મોટપની વાત નથી કે અલ્લાહ તઆલા ગૈબની ચાવીઓ એમને આપી દે કે તેઓ ફાવે ત્યારે કોઈના દિલની વાત જાણી લે યા જે ગૈબની વાત જાણવા ચાહે તેને જાણી લે કે ફલાણાને ત્યાં સંતાન થશે કે નહીં થાય, વેપારમાં લાભ થશે કે નુકસાન, યુદ્ધમાં વિજય થશે કે પરાજય ? આ બધી વાતોથી નાનામોટા સઘળાં એકરસખાં અજાણ અને નાવાકિફ છે.*

*(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૭૬, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

ઈન્સાફ અને નીતિના પ્રકાશમાં ચાલવાની તમન્ના ધરાવનારાઓ માટે હક્ક઼ અને બાતિલની રાહોનો ફર્ક મહેસૂસ કરવાને માટે શું હજી પણ કોઈ વધુ નિશાનીની જરૂરત છે ?

બનાવની વિગત પોતાના સ્થાને છે, તે એ કે જનાઝાની નમાઝના માટે (મૌલ્વી નાનોત્વી) ઊભા થયા ત્યારે "ગુસ્સામાં" તેમની આંખો લાલ હતી, તેનો મતલબ એ કે, તેમને પોતાની ગયબી શક્તિ દ્વારા પ્રથમથી જ ખબર પડી ગઈ હતી કે, તાબૂતની અંદરનો જનાઝો મુડદો નથી પણ જીવંત છે, અને માત્ર મજાક ઉડાવવાના ઈરાદે તેમને જનાઝાની નમાઝ પઢાવવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ કહાનીની પરાકાષ્ટા તો એ છે કે, તેમણે ચાર તકબીરો પૂરી કર્યા પછી એવા જ ગુસ્સાના લ્હેજામાં ફર્માવ્યું કે, હવે એ કયામતની સુબ્હથી પહેલાં ઉઠી શકશે નહીં ! આ વાક્યનો મક્સદ એ સિવાય બીજો શું હોઈ શકે કે, તેમની કુવ્વતે તસર્રુફથી એ શીઆ યુવાનનું અવસાન થઈ ગયું એનો ઈલ્મ પણ તેમને હતો.

હવે બરાબર એ રિવાયતની બીજી તરફ દેવબંદી ધર્મની બુન્યાદી કિતાબ તક્વિયતુલ ઈમાનનું લખાણ વાંચો અને આશ્ચર્યના સમુદ્રમાં ડૂબકી લગાડો :–

*બીજી વાત આ છે કે, સૃષ્ટિમાં પોતાની ઈચ્છા પ્રમાણે કુદરતી ક્રમમાં પરિવર્તન આણવું, પોતાનો હુકમ જારી કરવો, પોતાની ઈચ્છાથી મારવું કે જીવાડવું, ........... એ ખુદાની જ શાન છે. અલ્લાહ સિવાય કોઈની આ શાન નથી, ચાહે તે ગમે તેટલો મહાન ઈન્સાન કે ફરિશ્તો કેમ ન હોય. જો કોઈ માણસ અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈમાં આવી શક્તિ સાબિત કરે, ............ તો આવો માણસ મુશ્રિક થઈ જાય છે. આને શિર્ક ફિત્તસર્રુફ કહે છે. એટલે કે અલ્લાહ જેવો તસર્રુફ ગયરુલ્લાહમાં માની લેવો **એ નર્યું શિર્ક** છે. ચાહે તેને ઝાતી–આપબળે મેળવેલું માનવમાં આવે કે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલું, હરેક સૂરતમાં આ શિર્કભર્યો અક્રીદો લેખાશે.*

*–(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૮, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

એક તરફ દેવબંદી ધર્મનો અક્રીદો જુઓ અને બીજી તરફ દેવબંદી પેશ્વા મૌલ્વી કાસિમ નાનોત્વી મહાશયનો દિલ ફરેબ બનાવ વાંચો, સાફ સાફ સમજાઈ જશે કે એ શ્રીમાનોને ત્યાં શિર્કની તમામ ચર્ચાઓ ને વાતો માત્ર અંબિયા અને અવલિયાની હુર્મતોથી ખેલવાને માટે જ છે, નહિતર કોઈ પણ શિર્ક પોતાના ઘરના બુઝુર્ગોની વાત આવે ત્યારે ઐન ઈસ્લામ કેવી રીતે બની શકે છે ?!

પેજ નં. **૧૫** નું ચાલુ...

તો મારી જાન ! તારે ચિંગારી થવું જોઈતુ હતું. જેવી રીતે ચિંગારી જલ્દી ભડકીને ઠંડી થઈ જાય છે તેવી રીતે તું પણ ઈશ્કે રસૂલ علیہ الصلوٰۃ والسلام ની આગમાં ભડકીને જલ્દીને ફના થઈ જાત.

**તેરી કુબા કે ન ક્યૂં નીચે નીચે દામન હો**
**કે ખાકસારોં સે યાં કબ કશીદહ્ હોના થા**

*(કુબા = જબ્બો, ખાકસારોં = ગરીબો, કશીદહ્ = ખેંચેલુ)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની શફાઅતના જબ્બાઓના દામન લાંબા લાંબા કેમ ન હોય, કે અમારા જેવા ગુનેહગારોને તેની નીચે છુપાવવાનુ છે. આપનો દામન ગુનેહગારોથી કદી ખેંચી લેવામાં આવતો નથી.

*ચોર હાકિમ સે છુપા કરતે હૈં યાં ઉસકે ખિલાફ*
*તેરે દામનમેં છુપે ચોર અનોખા તેરા*

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

**"રઝા" જો દિલ કો બનાના થા જલ્વાગાહે હબીબ**
**તો પ્યારે ! કૈદે ખૂદી સે રહીદા હોના થા**

*(જલ્વાગાહે હબીબ = હુઝૂર ﷺ ના રહેવાની જગ્યા, કૈદે ખૂદી = નફ્સની કેદ, રહીદા = આઝાદ થયેલ)*

**અર્થ** : આ'લા હઝરત પોતાને સંબોધીને નમ્રતાપૂર્વક કહે છે કે હે રઝા ! જ્યારે દિલને હુઝૂર ﷺ ની જલ્વાગાહ મદીના બનાવવું છે તો તેને નફ્સાની કેદથી આઝાદ કરી દેવું જોઈએ કે જે હુઝૂર ﷺ ના ઈશ્કનો કૈદી હોય તે બીજાની કૈદમાં નથી રહી શકતો.

# ડૉ. ઝાકિર નાયકની હકીકત

(કાર્યાલય)

પ્રસ્તૂત લખાણ ડૉ. ઝાકિર નાયકની ગુમરાહીઓને પ્રદર્શિત કરી રહ્યું છે, જેના લેખક **મૌલાના મુફ્તી મુહમ્મદ સલમાન મનસૂરપૂરી** છે જે **"અહલે સુન્નત વ જમાઅત"**ના નથી બલ્કે **દેવબંદી જમાઅતથી સંબંધ ધરાવે છે.** પણ સમયના **"મહા ગુમરાહ"** ડૉ. ઝાકિર નાયક વિશે તેમના ખયાલો જાણવા જેવા હોવાથી અત્રે રજૂ કરીએ છીએ, જે વેરાવળથી પ્રસિદ્ધ થયેલ એક પોસ્ટરમાં અમને જાણવા મળ્યા છે. અમે તો પ્રસિદ્ધ કરી જ ચૂક્યા છીએ કે ડૉ. ઝાકિર નાયક એક ગુમરાહ તથા ગુમરાહ કરનાર વ્યક્તિનું નામ છે. T.V. પ્રોગ્રામો જોઈને કેટલાયે દીનથી અજ્ઞાન પણ કહેવાતા એજ્યુકેટેડો એના પ્રવચનોથી અંજાય જાય છે, પણ ખરી હકીકત એ છે કે :–

***દીવાનેં ભી ઈસકો કહતે હૈં કે યહ દીવાના હૈ !*** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કેટલાક વર્ષો પહેલાં આ ખ્યાતિ સાંભળવામાં આવી કે મુંબઈના એક એમ.બી.બી.એસ. ડૉકટરે (જનાબ ઝાકિર નાયકે) બિનમુસ્લિમોમાં ઈસ્લામની દઅવત (ઈસ્લામ તરફ બોલાવવાનું કામ) મોટા પાયે શરૂ કર્યું છે અને હિંદુઓના ધર્મગ્રંથો તથા બાઈબલ વગેરેનો ઊંડાણથી અભ્યાસ કરીને તે પોતાના કાર્યક્રમમાં બિનમુસ્લિમો તરફથી ઈસ્લામના વિરુદ્ધ ઉઠાવવામાં આવતા વાંધાઓનો ન માત્ર જડબાતોડ જવાબ આપે છે બલ્કે બાતિલ ધર્મો પર ઉગ્ર પ્રહાર કરીને તેમના વ્યર્થ અકીદાઓ (માન્યતાઓ, શ્રદ્ધાઓ)નું ખંડન પણ કરે છે અને આ સંદર્ભથી તેમના કાર્યક્રમો ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી રહ્યા છે.

આ સમાચાર, અમારા જેવા ખુલ્લા મગજના લોકો માટે એક રીતે ખુશીનો અવસર હતો કે ઉમ્મતમાં કેટલીક વ્યક્તિઓ એવી પણ હોવી જોઈએ જેઓ બિનમુસ્લિમોમાં દઅવતનું કામ કરે અને ઈસ્લામ વિશે ફેલાયેલી ગેરસમજોને દૂર કરે. આ જ કારણે મજકૂર ડૉ. ઝાકિર નાઈક સાહબની પ્રવૃતિઓનો શરૂઆતમાં ઉલમાના કોઈપણ વર્ગ તરફથી કોઈ ખાસ વિરોધ કરવામાં આવ્યો નહીં.

પરંતુ સમય વિતવા અને લોકપ્રિયતાનો ગ્રાફ (આલેખ) દિન પ્રતિ દિન વધવાની સાથે ડૉ. ઝાકિર નાયકના છુપા ઈરાદાઓ પ્રગટ થવાના શરૂ થયા અને તેમણે દીનની દા'વતના નામે અત્યંત ચપળતા, ચાલાકી, નિપૂર્ણતા, અસામાન્ય વિચક્ષણતા અને યોજનાપૂર્વક આધુનિક પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરીને બે મુદ્દાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું : (૧) મુસ્લિમ અવામનો ઉલમા પરનો વિશ્વાસ કેવી રીતે ડગાવવામાં આવે ? (૨) પૂરી ઉમ્મતને ચાર ઈમામોની તકલીદ (અનુસરણ)માંથી કાઢીને ગૈર મુકલ્લિદ અને લામઝહબ (ધર્મવિહિન) કેવી રીતે બનાવવામાં આવે ?

જો ગંભીર વિચાર કરવામાં આવે તો ડૉ. નાયકની તમામ પ્રવૃતિઓનો સાર એ જ ઉપર દર્શાવેલી બંને વાતો નિશ્ચિત થશે. એટલે કે તેમણે મુત્તકી, પરહેઝગાર, નેક લોકોનો લિબાસ ત્યાગીને કાફિરો અને ફાસિકોનું સ્વરૂપ બનાવ્યું અને આ સ્વરૂપમાં આવીને દીની મસાઈલમાં અભિપ્રાયો આપવાનું શરૂ કર્યું. અને પોતાની સાથે દીની મસાઈલના સવાલ જવાબની મજલિસમાં એક એવા શખ્સને સહાયક

તરીકે બેસાડયો જે ખુલ્લા માથે, દાઢી સફાચટ અને કોટ પાટલૂનમાં રહે છે ! અને આ કામ ઈરાદાપૂર્વક એટલા માટે કરવામાં આવ્યું કે જેથી મુસ્લિમ અવામની નજરમાં ઉલમા અને દીનદાર લોકોની સૂરત અને સ્વરૂપની જે કલ્પના છે તે દિલોમાંથી નષ્ટ કરી દેવામાં આવે અને ફાસિક઼, ફાજિર લોકોના જે લક્ષણોની નફરત ખાસ કરીને ઉપખંડ (ભારત–પાકિસ્તાન)ના મુસ્લિમ અવામના દિલોમાં દઢ થયેલી છે તેને કાઢી નાખવામાં આવે.

અત્યાર સુધી અલ્હમ્દુલિલ્લાહ ! મુસ્લિમ અવામનો એ મિજાઝ છે કે તેઓ પોતાની મસ્જિદોમાં કોઈ દાઢીમૂંડા શખ્સને ઈમામ બનાવવા માટે પણ તૈયાર નથી. એ જ પ્રમાણે ફાસિક઼ લોકોની રીતભાત અપનાવનારા કોઈ શખ્સના બતાવેલ મસ્અલા પર અવામને સંતોષ નથી થતો, જ્યાં સુધી કોઈ આલિમ અથવા વિશ્વાસુ શખ્સની પાસે એના વિશે પૂછીને તપાસ કરી ન લે.

હવે ડૉ. ઝાકિર નાયક પોતાની કાર્યશૈલીથી અવામના આ મિજાજને બદલવા ચાહે છે. જાણે કે તે પોતાની જાણમાં દીન પર ઉલમા અને મુફ્તીઓની ઈજારદારીને ખતમ કરવાના મિશન (ધ્યેય) પર કામ કરી રહેલ છે. જો કે તેમનો આ ખ્યાલ તદ્દન ગલત છે. ઉલમા દીનના ઈજારાદાર નથી, અલ્બત્ત દીનના મુહાફિઝ (રક્ષક) જરૂર છે અને જે શખ્સ દીનનો રક્ષક બનવા ચાહે તેના માટે કોઈ અવરોધ નથી. તે દીનનો ઉલૂમ વિશ્વાસપાત્ર ઝરિયાથી શીખીને આ મન્સબ (પદ) હાંસલ કરી શકે છે.

પરંતુ ઉલમા કદી એ ચલાવી લેશે નહીં કે અપેક્ષિત સલાહિયત (પાત્રતા) અને શરઈ કિરદારને હાંસલ કર્યા વગર કોઈપણ શખ્સ ઊભો થઈને પોતાની રીતે પૂર્વજોના રસ્તાથી ચલિત થઈને દીનનું અર્થઘટન અને વિવરણ કરવા લાગે. કારણ કે જો એને ચલાવી લેવામાં આવશે તો દીન પોતાના મૂળ સ્વરૂપમાં બાકી નહીં રહે બલ્કે ડૉ. ઝાકિર નાયક જેવા ડૉકટરોના વાઢકાપનો શિકાર થઈ જશે અને તેનું અસલ સ્વરૂપ અને શક્કલ બદલાઈ જશે. એ જ પ્રમાણે આ વાત પર ઉમ્મતના તમામ ઈન્સાફ પસંદ વર્ગોની સર્વસંમતિ રહી છે કે દીની નજમ અને ઈન્તિઝામ જાળવી રાખવા માટે તમામ વ્યક્તિઓ જેમનામાં ઈજતિહાદની અપેક્ષિત સલાહિયત મૌજૂદ ન હોય, તેમણે દીની મસાઈલ બાબતોમાં ચાર ઈમામો :– (૧) ઈમામ અબૂ હનીફા (૨) ઈમામ માલિક (૩) ઈમામ શાફઈ (૪) ઈમામ અહમદ ઈબ્ને હંબલ (رضوان الله تعالیٰ علیہم اجمعین)માંથી કોઈની તકલીદ (અનુસરણ) કરવું લાઝિમ અને ફરજીયાત છે અને આ બાબતમાં મનમાન્યું કરવું જાઈઝ નથી. પરંતુ ડૉ. નાયકનું પૂરું જોર એના પર જ રહે છે કે ઉમ્મતને આ અનુસરણથી ચલિત કરી દેવામાં આવે અને તેઓ પોતાની ચતૂરાઈ ભરેલી વાણીથી આ ઠસાવવા થાકતા નથી કે ઉમ્મતની ગુમરાહીની અસલ બુનિયાદ ઉપરોક્ત અનુસરણ છે.

એટલે કે તેઓ પોતાના કાર્યક્રમોમાં કાલ્પનિક અને કૃત્રિમ સવાલો પૂછાવીને ખાસ કરીને એવી બાબતો ઉભી કરાવે છે કે જેનો સંબંધ પેટા, વિવાદી બાબતો સાથે હોય છે અને એવી તમામ બાબતોમાં તેઓ ફિર્કાએ લા મઝહબિયહ્ (ચાર ઈમામોમાંથી કોઈપણ ઈમામના મઝહબને નહીં માનનારો ફિર્કો) અર્થાત ગૈર મુક઼લ્લિદોના અભિગમની ભરપૂર તર્જુમાની (અભિવ્યક્તિ) કરે છે એટલે :–

★ ખુલ્લા માથે નમાઝ ★ ઔરત અને મર્દની નમાઝમાં તફાવત ★ ઔરતોનું મસ્જિદમાં જવું ★ અરબી સિવાયની ભાષામાં ખુત્બો ★ ગામડામાં જુમ્આની નમાઝ ★ તરાવીહની રકાતની સંખ્યા ★ એક જ વખતે ૩ તલાક ★ વુઝૂ વગર કુર્આને કરીમને સ્પર્શ કરવાની ઈજાઝત વગેરે જેવા મસાઈલમાં તેઓ ખુલ્લી રીતે ગૈર મુક઼લ્લિદોની વિચારસરણીની અભિવ્યક્તિ કરતા દેખાય છે. *(હવાલો : તક઼વિયતુલ ઈસ્લામ–વેરાવળ, પ્રકાશક : મૌલાના અહમદ કાસમી વેરાવલી, સમીક્ષક : મૌલાના મુફ્તી મુહમ્મદ સલમાન મનસૂરપૂરી)*

ઔલાદના ઉછેર તથા ઘડતર બાબતે.....

# હઝરત લુકમાનની કુર્આની નસીહત

રજૂકર્તા : **મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી**

*વર્તમાન સમયમાં જગતભરમાં માબાપને માટે એક માથાના દુઃખાવા સમાન તથા ચિંતિત રાખતો ગંભીર પ્રશ્ન કોઈ હોય તો તે ''ઔલાદની કેળવણી તથા ઘડતર''નો છે. એના હલ માટે દુનિયાના ચિંતકોની પાસે જવાની જરૂર નથી બલ્કે મુસલમાન પાસે હિદાયતની કિતાબ કુર્આન મૌજૂદ છે જ ! પ્રસ્તૂત સંક્ષિપ્ત લેખમાં હઝરત લુકમાન عليه السلامએ પોતાના પુત્રને જે નસીહતો ફર્માવી છે તેના પર જો અમલ થઈ જાય તો મુસ્લિમ સમાજની કાયાપલટ થઈ જાય અને સુખ શાંતિ તથા અમ્નો સુકૂનનું સામ્રાજ્ય સ્થપાઈ શકે છે. કુર્આની બોલીમાં એનો અભ્યાસ કરો અને તેના પર અમલ કરવા જરૂર પ્રયાસ કરશો જેમાં તમારા તથા ઔલાદના માટે બંને જહાનનું ચૈન સમાયેલું છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પોતાના બાળકોની ઈસ્લામી કેળવણી કરનારા મા બાપ માટે ખાસ લેખ કુર્આને કરીમના એકવીસમા પારાની સૂરએ લુકમાનની પાંચ આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાના એક મહબૂબ અને મકબૂલ બંદા હઝરત લુકમાન عليه السلامની અમુક અનમોલ અને રતનસિહ નસીહતોનું વર્ણન ફર્માવ્યું છે જે તેમણે પોતાના પુત્રને કરી હતી. એ કુર્આની આયતોનો ભાવાર્થ આ પ્રમાણે છે :–

''અને જ્યારે લુકમાને પોતાના પુત્રને નસીહત કરતાં કહ્યું કે, બેટા ! ખુદા સાથે કોઈને શરીક (ભાગીદાર) ન બનાવતો. નિઃશંક ! શિર્ક (ભાગીદાર) કરવું ઘણો મોટો જુલ્મ છે.'' ત્યારબાદ બે આયતોમાં વિવિધ હુકમો બયાન કર્યા, પછી ફરી ઈર્શાદ ફર્માવ્યો :–

હે મારા ફરઝંદ ! જો કોઈ અમલ રાઈના દાણાની જેમ નાનો હોય અને તે અમલ કોઈ પથ્થરની અંદર હોય અથવા આકાશોમાં હોય અથવા જમીનમાં હોય તેને અલ્લાહ તઆલા જરૂર હાંસલ કરશે બેશક ! અલ્લાહ તઆલા ઘણો જાણનાર અને ખબરદાર છે.

મારા પુત્ર ! નમાઝ કાયમ કર અને સારાં કાર્યોનો હુકમ આપતા રહો, અને બુરા કાર્યોથી રોકતા રહો, અને તમારી ઉપર કોઈ પણ મુસીબત આવે તેના પર સબ્ર કરો. બેશક ! આ બહાદુરીનાં કામો છે. લોકોથી પોતાના મોઢાને ન ફેરવો અને જમીન ઉપર અકડાઈને ન ચાલો, બેશક ! અલ્લાહ તઆલા તકબ્બુર અને ગુરૂર કરનારને પસંદ નથી ફર્માવતો, પોતાના ચાલ ચલણમાં મધ્યમમાર્ગી અપનાવો અને પોતાના અવાજને ધીમો રાખો, બેશક ! અવાજોમાં સૌથી બુરો અવાજ ગધેડાનો અવાજ છે.

ઉપર વર્ણન થયેલ આયતોમાં કુલ દસ નસીહતોનું વર્ણન છે, જેમાંથી બેનો સંબંધ અકીદાઓ અને દ્રષ્ટિકોણો વિશે છે તથા ચારનો સંબંધ ઈબાદતોથી અને ચારનો સંબંધ ઈન્સાનનાં સદગુણો અને કિરદારથી છે.

**(૧)** હઝરત લુકમાન عليه السلامએ પોતાના પુત્રને સૌથી પહેલી નસીહત એ ફર્માવી કે બેટા ! અલ્લાહ તઆલાનો કોઈ શરીક (ભાગીદાર) ન બનાવતો. આ તૌહીદ ઈસ્લામના બુનિયાદી અકીદાઓમાંથી છે અને શિર્ક ઈસ્લામની દ્રષ્ટિએ સૌથી મોટો જુર્મ છે, કુર્આને મજીદમાં ઉઘાડા શબ્દોમાં સ્પષ્ટ કરી બતાવી આપવામાં આવ્યું છે કે **અલ્લાહ તઆલા પોતાના**

**રહમો કરમ વડે જે ગુનાહને ચાહશે માફ કરી દેશે, પંરતુ શિર્કને માફ નહીં કરે. શિર્કનો મામલો અલ્લાહ તઆલાને ત્યાં મામૂલી અને સામાન્ય નથી બલ્કે ઘણો મહત્વનો છે એટલા માટે શિર્કથી સંપૂર્ણ રીતે બચવું જોઈએ અને દરેક તે કાર્યથી બચવું જોઈએ જેમાં શિર્કનો શક પણ હોય.**

**(૨)** બીજી નસીહતમાં હઝરત લુકમાન عليه السلام એ પોતાના પુત્રને એ વાત સમજાવી છે કે અલ્લાહ તઆલાથી કોઈ કાર્ય અથવા કોઈ વસ્તુ છુપી નથી, જો કોઈ રાઈનો દાણો પણ પથ્થરમાં છુપાયેલો હોય જેને ઈન્સાન જોઈ પણ નથી શકતો તો અલ્લાહ તઆલા તેને પણ (બહાર) લાવવા પર કુદરત ધરાવે છે. જયારે માણસનો અકીદો આવો બની જાય તો એ જાતે જ અલ્લાહ તઆલાની નાફર્માનીથી બચશે કે મારો પરવરદિગાર મને જોઈ રહ્યો છે અને તેને મારા બધા અમલોની ખબર છે, હું કોઈ વખત અને કોઈ પણ હાલતમાં પણ તેનાથી છુપાયેલો નથી રહી શકતો.

**(૩)** ત્રીજી નસીહત હઝરત લુકમાન عليه السلام એ નમાઝ વિશે ફર્માવી. નમાઝ સર્વ ઈબાદતોની બુનિયાદ છે અને જે વ્યકિત નમાઝને પાબંદી અને ખુશૂઅ (એકાગ્રતાથી) અને ખુઝૂઅ (તલ્લીનપણા)ની સાથે અદા કરે છે તો નમાઝની એ વિશિષ્ટતા છે કે તે તેની અદાયગી કરનારાને ગુનાહો અને બેહયાઈના કામોથી રોકી દે છે. નમાઝ કાયમ કરવાનો મતલબ માત્ર એ નથી કે તેને પઢી લેવામાં આવે અને પોતાની ઉપરની જિમ્મેદારીને પૂરી કરી લેવામાં આવે, બલ્કે નમાઝ પઢવું તેને કહે છે કે માણસ પૂરી પાબંદી અને સુન્નતો, મુસ્તહબોનો ખયાલ રાખી એ અનમોલ ફર્ઝને અદા કરે. આવી નમાઝ માણસની સંપૂર્ણ જિંદગીને બદલવાની તાકત ધરાવે છે.

**(૪)** ચોથી નસીહત આપે પોતાના પુત્રને એ ફર્માવી કે પોતે નેકી કર્યા પછી બીજાઓને પણ નેકી કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, કેમ કે તેના વિના સમાજમાં કોઈ નેકી પ્રગતિ નથી કરી શકતી. "અમ્ર બિલ મઅરૂફ" એટલે નેકીનો હુકમ કરવો ઈસ્લામનો એક મહત્વનો આદેશ છે જેના વિશે કુર્આન અને હદીષમાં ઘણી તાકીદ આવી છે.

**(૫)** પાંચમી નસીહત એ ફર્માવી કે નેકીના હુકમની સાથે સાથે બુરાં કામોથી રોકવા પણ જોઈએ. હકીકતમાં "અમ્ર બિલ મઅરૂફ" અને "નહી અનિલ મુન્કર" (સારી વાતોનો હુકમ કરવો અને બુરી વાતોથી રોકવું) એકબીજા માટે અનિવાર્ય છે. સમાજની સુધારણા માટે બંનેવનું ઘણુ મહત્વ છે. આજે આપણી વચ્ચે એવી પુષ્કળ વ્યકિતઓ છે જેઓ પોતે તો નેક કામો કરે છે અને બુરાઈઓથી પણ બચે છે, પરંતુ પોતાના દોસ્તો, સગાંઓ અને ફેમેલીના લોકોને નેકીના રસ્તા ઉપર ચલાવવા અને બુરાઈઓથી રોકવાની કોઈ ચિંતા નથી કરતા, જયારે એ અત્યંત જરૂરી છે અને તેના સિવાય ઈન્સાનને જાતે નેકીના કામોમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

**(૬)** છટ્ટી નસીહત હઝરત લુકમાન عليه السلام એ ફર્માવી કે હે મારા દિકરા ! જયારે પણ કોઈ મુસીબત આવે તો સબ્રથી કામ લેવું જોઈએ. **મુસીબતોના મુકાબલા માટે સબ્રથી બેહતર કોઈ હથિયાર નથી.** સામાન્યતઃ કહેવામાં આવે છે કે સબ્રનું ફળ મીઠું હોય છે. કુર્આન પાકમાં સબ્ર થકી અલ્લાહ તઆલાની મદદ માંગવાનો હુકમ દેવામાં આવ્યો, અને સબ્ર કરનારને અલ્લાહનો મહબૂબ બંદો બતાવવામાં આવ્યો, વળી ધાર્મિક કામોમાં જે મુશ્કેલીઓ આવે તેના પર સબ્ર કરવામાં તો સવાબ ઘણો જ વધુ છે.

**(૭)** સાતમી નસીહતનો ખુલાસો એ છે કે હે મારા લાલ ! લોકો સાથે મોઢુ ફેરવી અને ચેહરો ટેઢો કરી વાતચીત ન કરો કે એ ઘંમડની નિશાની છે. બીજા માણસો સાથે નિખાલસતા અને નમ્રતાપૂર્વક પેશ આવવું જોઈએ. કહેવામાં આવે છે કે જે વૃક્ષ ફળદાર હોય છે તે તેટલું જ ઝુકેલ હોય છે. એટલા માટે જો અલ્લાહ તઆલાએ કોઈને ઈલ્મી અને અમલી કમાલો આપ્યા છે તો તેણે નમ્રતા અપનાવવી જોઈએ.

અલ્લાહ તઆલા નમ્રતા અપનાવનારને પસંદ ફર્માવે છે અને ઘમંડ કરનારને ઝલીલ અને બેઈજ્જત કરી દે છે.

**(૮)** આઠમી નસીહત એ ફર્માવી કે હે મારા લાડલા ! જમીન ઉપર અકડાઈને ન ચાલો, અલ્લાહ તઆલાએ જમીનને બધી વસ્તુઓથી નીચી બનાવી છે. ઈન્સાન રોજ તેને પોતાના પગો વડે કચડે છે, અને ખૂદ ઈન્સાનની પેદાઈશ માટીથી થઈ છે, એટલા માટે માણસે જમીન ઉપર ચાલતી વેળા પોતાની હક઼ીક઼ત સામે રાખવી જોઈએ અને ઘમંડી લોકોની જેમ અકડાઈ અકડાઈને ન ચાલવું જોઈએ. અકબર ઈલાહાબાદી એ કેટલું સરસ કહ્યું છે :–

*તુમ શૌક સે કોલેજ મેં પળ્હો પાર્ક મેં કુદો*
*મગર એક સુખન બંદએ આજિઝ કા રહે યાદ*
*અલ્લાહ કો ઔર અપની હક઼ીક઼ત કો ન ભૂલો*

**(૯)** હઝરત લુકમાન عليه السلامએ નવમી નસીહત પોતાના પુત્રને એ ફર્માવી કે, હે મારા બેટા ! પોતાની ચાલમાં મધ્યમ ચાલ અપનાવો એટલે એટલા ફાસ્ટ ન ચાલો કે પડી જાવ અથવા બીજાઓ માટે તકલીફનું કારણ બની જાવ, અને ન એટલા ધીમા ચાલો કે લોકો તમને કચડી નાખે. આમ પણ ઘણુ ધીમે ધીમે ચાલવું ઔરતોને તેમની શરમો હયાના લીધે તેમને શોભા દે છે. પુરુષોએ સ્ત્રીઓની જેમ નાઝ નખરાથી ચાલવું અથવા ન હોવા છતાં બીમાર દેખાડવું યોગ્ય નથી. આમ ચાલવા ફરવા સિવાય જિંદગીનાં બધા કામોમાં મધ્યમતા અને વચ્ચેનો માર્ગ અપનાવવો જોઈએ, ચાહે પછી દોસ્તી, દુશ્મની હોય અથવા દૌલત અને માલ ખર્ચ કરવાનો અને કમાવવાનો મામલો હોય. મધ્યમતાની આદત માણસને ઘણી બધી પરેશાનીઓથી બચાવી લે છે.

**(૧૦)** દસમી નસીહત આપે એ ફર્માવી કે હે મારી આંખોના તારા ! તારા અવાજને ધીમો અને નરમ રાખ ! એટલે એટલા જોરથી અને ચિલ્લાઈને ન બોલો કે જેથી બીજાઓને તકલીફ પહોંચે કે એવું ચિલ્લાવું અને ચીસો પાડવી જાનવરોનો તરીક઼ો છે. અલબત્ત ! ધીમુ બોલવામાં પણ એ ખ્યાલ રાખવો જોઈએ કે એટલું ધીમુ ન બોલે કે બીજાઓને સંભળાય પણ નહીં, અને વારંવાર પૂછવું પડે, કેમ કે એ પણ એક જાતની તકલીફ આપવું છે.

ઈબ્ને કષીર رضی اللہ عنہએ હઝરત લુકમાન عليه السلامનું હિકમતથી ભરપૂર ફર્માન પણ નકલ કર્યું છે કે અમુક કામો એવાં છે જેણે મને નજ્જારી (લુહારનું કામ કરનાર)થી આ મર્તબા ઉપર પહોંચાડી દીધો. તે કામો આ છે : પોતાની નજરોને નીચી રાખવી અને ઝબાનને બંધ રાખવી, હલાલ રોજી ઉપર ક઼નાઅત (સંતુષ્ઠ રહેવું), પોતાની શરમગાહની હિફાઝત કરવી, વાત કરવામાં સચ્ચાઈ પર ક઼ાયમ રહેવું, વાયદાને પૂરો કરવો, મહેમાનની તાઝીમ કરવી, પડોસીઓની હિફાઝત કરવી અને બેકાર કામો અને બેકાર વાતચીતને ત્યજી દેવી. *(તફસીરે ઈબ્ને કષીર)*

**ફાયદો** : જો કોઈનો છોકરો ગુમ થઈ જાય અથવા કોઈ વસ્તુ ગુમ થઈ જાય તો સૂરએ લુકમાનની આયત નંબર ૧૬ને વધુ માત્રામાં પઢવું અને તેને લખી ગુમ થયેલ વસ્તુની જગ્યાએ અદબ અને એહતેરામ સાથે મૂકી આપવું. આ અમલ ઘણો મુજર્રબ (આજમાવેલો) છે, તેનાથી ઘણી જલ્દી ગુમ થયેલ બાળક અને ગુમ થયેલ વસ્તુ મળી જાય છે.

હઝરત લુકમાન عليه السلامએ જેટલી કાળજીથી પોતાના પુત્રને આ અનમોલ નસીહતો ફર્માવી છે, તેનાથી માલૂમ થાય છે કે મા બાપે હમેશાં પોતાની ઔલાદની કેળવણી સુધારણા અને કામયાબીની ફિકર કરતા રહેવું જોઈએ. અને તેના માટે સૌથી સારો અને યોગ્ય સમય બચપણનો હોય છે. **ઔલાદ માટે કેવળ માલ અને દૌલતનો અંબાર લગાડી દેવો અને પછી એ સમજવું કે અમોએ ઔલાદ સાથે સદવર્તન કર્યું છે ! તો એ હક઼ીક઼તમાં તેમની સાથે જુલ્મ અને અત્યાચાર છે. ઔલાદને સાચી ઈસ્લામી તર્બિયત (કેળવણી)થી ચમકાવવું એ તેમનો હક઼ અને માં–બાપનો ફર્ઝ છે.**

*(સુન્ની દાવતે ઈસ્લામી મંથલી–મુંબઈ, માર્ચ–૨૦૧૧)*

# નમાઝમાં રફએ યદૈનની શરઈ હૈસિયત

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

વહાબી ગૈર મુક્લ્લિદ નમાઝમાં રફએ યદૈન એટલે રુકૂઅમાં જતાં અને રુકૂઅથી ઉઠતાં બંને હાથોને ઉઠાવવા પર ઘણુ બળ આપે છે અને પબ્લિકને એ ધોકો આપવાની કોશિશ કરે છે કે અમારા અને એહલે સુન્નત વલ જમાઅતના દરમિયાન મૂળ મતભેદ આ જ પ્રકારના અઅ્માલમાં છે. તેઓ પોતાના કથનના સમર્થનમાં વિવિધ હદીષો રજૂ કરી અવામ સામે પોતાના મંતવ્યને સાચુ સાબિત કરવાના પ્રયાસો કરે છે. જ્યારે કે એહલે સુન્નત અને વહાબી ગૈર મુક્લ્લિદો વચ્ચે મૂળ મતભેદ અક઼ીદાનો છે કે તેમના પેશ્વાઓએ અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ તથા અવલિયાએ કિરામની رضوان اللہ تعالیٰ علیہم اجمعین શાનમાં ગુસ્તાખીઓ કરીને ઈસ્લામી અક઼ીદાઓ વિરૂધ્ધ અક઼ીદા રજૂ કર્યા.

રફએ યદૈનનો મસ્અલો એક તો ફુરૂઈ છે (પાયાનો નથી) અને તે પણ એટલો મહત્વનો નથી, કારણ કે એહલે સુન્નતનો એક તબક઼ો જેમ કે શાફઈ લોકો પણ રફએ યદૈન પર અમલ કરે છે, છતાં આ વહાબી ગૈરમુક્લ્લિદો આ મસ્અલાને ઉછાળતા ફરે છે, જેથી તેની સ્પષ્ટતા થવી જોઈએ જેથી હક્ક઼ શું છે તે જાહેર થઈ જાય. વહાબી ગૈર મુક્લ્લિદો રફએ યદૈનના સુબૂતમાં આ હદીષોને દલીલ બનાવે છે :–

ઈમામ ઝુહરી સાલિમથી રિવાયત કરે છે અને તેઓ પોતાના વાલિદથી, તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે આપ નમાઝ શરૂ કરતા સમયે અને રૂકૂઅમાં જતા તથા રૂકૂઅથી ઉઠતા સમયે પોતાના બંને હાથોને પોતાના બંને ખભા સુધી ઉઠાવતા હતા. *(સુનને તિર્મિઝી)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે બેશક ! રસૂલુલ્લાહ ﷺ જ્યારે નમાઝ શરૂ ફર્માવતા તો હાથ મુબારક ખભા સુધી ઉઠાવતા અને જ્યારે રૂકૂઅ માટે તકબીર કહેતા અને જ્યારે રૂકૂઅથી સર મુબારક ઉઠાવતા ત્યારે પણ એ જ રીતે હાથ ઉઠાવતા. *(સહીહ બુખારી વ મુસ્લિમ)*

મુહમ્મદ બિન અમ્ર બિન અતાથી રિવાયત છે કે મેં અબૂ હુમૈદ સાઅદીથી દસ સહાબાની જમાઅતમાં સાંભળ્યું કે તેમણે કહ્યું, હું તમારા કરતાં વધુ નબીએ કરીમ ની નમાઝને જાણું છું. સહાબાએ કિરામે કહ્યું કે તમે અમારાથી વધુ ન હુઝૂર ﷺ ની સંગતમાં રહ્યા ન તો અમારાથી પહેલાં તમે સહાબી બન્યા ? અબૂ હુમૈદ બોલ્યા, બેશક ! એવું જ છે. સહાબાએ કિરામે કહ્યું, એવી હદીષ રજૂ કરો જેથી જણાય કે તમે અમારા કરતાં વધુ હુઝૂર ﷺની નમાઝને જાણો છો. અબૂ હુમૈદ સાઅદીએ કહ્યું, હુઝૂર ﷺ જ્યારે નમાઝ માટે ઊભા થતા તો પોતાના હાથોને ખભાઓ સુધી ઉઠાવતા અને તકબીર કહેતા, ક઼િર્અત કર્યા પછી ફરી તકબીર કહેતા અને બંને હાથોને ખભા સુધી ઉઠાવતા. *(સુનને અબૂ દાઉદ).*

આ હદીષોથી રુકૂઅમાં જતાં અને રૂકૂઅથી ઉઠતા સમયે રફએ યદૈનનું સુબૂત મળે છે. પરંતુ અહલે સુન્નત હન્ફીઓના નજીક રફએ યદૈન ખિલાફે સુન્નત અને મમનૂઅ (મના) છે. અહલે સુન્નત હન્ફીઓ દલીલમાં આ હદીષો રજૂ કરે છે :

હઝરત અલ્કમાથી રિવાયત છે કે એકવાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું, "શું હું તમારા સામે હુઝૂર ﷺની (જેમ) નમાઝ ન પઢું ?! પછી આપે નમાઝ પઢી તો એમાં તકબીરે તેહરીમા સિવાય કદી હાથ ન ઉઠાવ્યા. *(સુનને તિર્મિઝી)*

ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે હઝરત અબ્દુલ્લાહ

બિન મસ્ઊદ رضی اللہ عنہની હદીષ હસન છે અને રફએ યદૈન ન કરવા પર ઘણા બધા સહાબી ઉલ્મા તથા તાબઈન ઉલ્માનો અમલ છે, ઈબ્ને હઝ્મએ કહ્યું, આ હદીષ સહીહ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી જ રિવાયત છે કે હુઝૂર ﷺ પહેલી તકબીરમાં હાથ ઉઠાવતા અને પછી કદી ન ઉઠાવતા. *(તહાવી શરીફ)*

ઈમામ તિર્મિઝીના કથન અનુસાર આ હદીષ પણ હસન છે. *(હાશ્યએ તહાવી)*

હઝરત અસ્વદથી રિવાયત છે કે મેં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہને જોયા કે આપ પહેલી તકબીરમાં પોતાના હાથ ઉઠાવતા હતા પછી કદી ન ઉઠાવતા. *(તહાવી શરીફ)*

આ હદીષે પાકને ઈમામ તહાવીએ સહીહ કહી છે.

હઝરત આસિમ બિન કુલૈબના વાલિદથી રિવાયત છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નમાઝની પહેલી તકબીરમાં હાથ ઉઠાવતા હતા પછી કદી હાથ ન ઉઠાવતા હતા. *(તહાવી શરીફ)*

ઈમામ હજરે કહ્યું કે આ રિવાયતના સર્વ રાવી ભરોસાપાત્ર છે. ઈમામ ઝયલીએ કહ્યું, આ હદીષ સહીહ છે, અને અયનીએ ઉમદતુલ કારીમાં કહ્યું કે, આ હદીષ મુસ્લિમની શર્ત પર સહીહ છે. *(હાશ્યા આષારુસ્સુનન)*

ઉપરોક્ત રિવાયતોથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે હુઝૂર ﷺથી બંને પ્રકારનો અમલ સાબિત છે. પરંતુ **રફએ યદૈન શરૂ ઈસ્લામનો અમલ હતો જે પછી મન્સૂખ કરી દેવામાં આવ્યો, જેમ કે હદીષોથી પુરવાર થાય છે.** કારણ કે રફએ યદૈનની કોઈ પણ હદીષમાં એ વર્ણન નથી કે હુઝૂર ﷺએ અંતિમ સમય સુધી રફએ યદૈન કર્યું. જ્યારે કે બીજી હદીષોથી એ વાત ઘણી જ સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે રફએ યદૈન પર અમલ શરૂઆતમાં હતો પછી આપે રફએ યદૈન છોડી દીધું અને છેવટ સુધી રફએ યદૈન ન કરવા પર અમલ રહ્યો.

અયની શર્હે બુખારીમાં છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરથી રિવાયત છે કે આપે એક વ્યક્તિને રુકૂઅમાં જતાં અને રુકૂઅથી ઉઠતા સમયે હાથ ઉઠાવતાં જોયો તો તેને ફર્માવ્યું કે, આમ ન કર ! કારણ કે આ તે કાર્ય છે જે હુઝૂર ﷺ એ પહેલાં કર્યું હતું અને પછી છોડી દીધું હતું.

રફએ યદૈનવાળી હદીષના એક રિવાયતકર્તા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ પણ છે જેમ કે આગળ વર્ણન થયું, પરંતુ આપનો પોતે એ અમલ રહેવો કે આપ રફએ યદૈન કરતા ન હતા. જેમ કે તહાવી અને ઈબ્ને અબી શૈબાએ હઝરત મુજાહિદથી રિવાયત કરી કે, મેં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہની પાછળ નમાઝ પઢી તો આપ નમાઝમાં પહેલી તકબીર સિવાય કોઈ પણ સમયે હાથ ઉઠાવતા ન હતા. આષારુસ્સુનનમાં છે કે આ હદીષની સનદ સહીહ છે.

**તો જ્યારે રિવાયત કરનારનો પોતે અમલ પોતાની રિવાયતના ખિલાફ હોય તો જાણવા મળ્યું કે એ હદીષ ખૂદ રાવીના નજીક મન્સૂખ છે.** અને બુખારી શરીફની રિવાયત કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ જ્યારે નમાઝ શરૂ કરતા તો તકબીર કહેતા અને બંને હાથ ઉઠાવતા અને જ્યારે બે રકઅતોથી ઉઠતા તો પણ હાથ ઉઠાવતા, અને આમ કરવાને આપ નબી ﷺ ની તરફ સંબધિત કરતા.

આ હદીષથી એ વાંધો નહીં ઊભો થાય કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ રુકૂઅમાં જતા સમયે હાથ ઉઠાવતા હતા જ્યારે તમારૂ કહેવું છે કે આપ હાથ ન ઉઠાવતા હતા કારણ કે આપનાથી રફએ યદૈન કરવું અને ન કરવું બંનેવ નકલ થયેલ છે. તો મસ્ખની (હુકમ ઉઠી જવાની) જાણ થતા પહેલાં આપ હાથ ઉઠાવતા હતા અને નસ્ખની ખબર મળ્યા પછી હાથ ઉઠાવતા ન હતા.

રફએ યદૈનવાળી હદીષો મન્સૂખ છે ત્યારે જ તો હઝરત મુગીરા رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હઝરત ઈબ્રાહીમ નખઈથી અર્ઝ કર્યું કે હઝરત વાઈલે હુઝૂર ﷺને જોયા કે આપ નમાઝની શરૂઆતમાં અને રુકૂઅમાં જતાં તથા રુકૂઅથી ઉઠતા સમયે હાથ

ઉઠાવતા હતા. તો હઝરત ઈબ્રાહીમ નખઈએ જવાબ આપ્યો કે હઝરત વાઈલે હુઝૂર ﷺને એકવાર હાથ ઉઠાવતાં જોયા છે તો હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہએ પચાસવાર હુઝૂર ﷺને હાથ ન ઉઠાવતાં જોયા છે. *(તહાવી)*

આનાથી સ્પષ્ટ થયું કે હઝરત વાઈલ કરતાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયત ઘણી મજબૂત છે, કારણ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ સહાબામાં ઉચ્ચ કક્ષાના ફકીહ હતા, હુઝૂર ﷺની સંગતમાં અધિક રહેવાવાળા અને નમાઝમાં હુઝૂર ﷺથી વધુ નજીકમાં રહેવાવાળા હતા. હુઝૂર ﷺ ફર્માવે છે : તમારામાં મારાથી નજીક તે રહે જે ઈલ્મ અને અક્કલવાળો હોય. *(તહાવી)*

હઝરત ઈબ્રાહીમ નખઈના આ વર્ણનથી પણ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયતનું મહત્વ વધુ સ્પષ્ટતાથી જણાય છે.

આપ ફર્માવે છે : વાઈલ બિન હજર એ ગામડાના રહેવાવાળા હતા. ઈસ્લામના હુકમોથી સંપૂર્ણ વાકેફ ન હતા, હુઝૂર ﷺની સાથે એક જ નમાઝ પઢી શકયા હતા અને અસંખ્ય લોકોએ મને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે આપ માત્ર નમાઝની શરૂઆતમાં હાથ ઉઠાવતા હતા અને એને હુઝૂર ﷺથી નકલ કરતા. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ઈસ્લામી અહકામના જાણકાર, હુઝૂર ﷺના હાલાતની પાકી જાણકારી રાખનાર, હુઝૂર ﷺના સફર તથા હઝર (મુકામ)ના સાથી હતા અને આપે હુઝૂર ﷺ ની સાથે અસંખ્ય નમાઝો પઢી. *(મુસ્નદે ઈમામે આઝમ)*

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہની રિવાયતને આ કારણથી પણ વધુ બળ મળે છે કે આપે સહાબાએ કિરામની મહેફિલમાં હુઝૂર ﷺના રફએ યદૈન ન કરવાવાળી હદીષ બયાન કરી. જો એ વાત બરાબર ન હોત અને સહાબાએ કિરામને એ વાતની જાણ ન થઈ હોત કે રફએ યદૈનનો હુકમ મન્સૂખ થઈ ચૂકયો છે તો તેઓ જરૂર હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہની એ રિવાયતને નકારી કાઢતા, જ્યારે કે સહાબાએ કિરામે આવુ ન કર્યું.

અને ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું કે ઘણા બધા સહાબી તથા તાબઈન ઉલ્મા રફએ યદૈન કરતા ન હતા, તો જો રફએ યદૈનવાળી હદીષ મન્સૂખ ન હોત તો સહાબા અને તાબઈન જરૂર રફએ યદૈન કરતા. જાણવા મળ્યું કે એમને રફએ યદૈનવાળી હદીષના મન્સૂખ હોવાનો ઈલ્મ થઈ ચૂકયો હતો.

રફએ યદૈનવાળી હદીષના મન્સૂખ હોવા પર એ હદીષ પણ દલીલ પૂરી પાડે છે જે દારે કુત્નીમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. આપ ફર્માવે છે : મેં હુઝૂર ﷺ અને હઝરત અબૂ બક્ર સિદીક તથા હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہماની સાથે નમાઝ પઢી તો તેમણે નમાઝની શરૂઆતમાં પહેલી તકબીર સિવાય કોઈ પણ સમયે હાથ ન ઉઠાવ્યા.

હવે વહાબી ગૈરમુકલ્લિદો બતાવે કે રફએ યદૈનનો હુકમ મન્સૂખ ન થયો હતો તો સહાબા, તાબઈન અને હઝરત અબૂબક્ર સિદીક તથા હઝરત ઉમર رضی اللہ عنہما એ રફએ યદૈન કેમ ન કર્યું ?!

જાણવા મળ્યું કે રફએ યદૈનનો હુકમ મન્સૂખ છે ત્યારે જ તો આ બુઝુર્ગોએ તેના પર અમલ ન કર્યો. અને બુદ્ધિનો તકાઝો પણ એ જ છે કે રુકૂઅમાં રફએ યદૈન ન કરવામાં આવે, કારણ કે રુકૂઅની તકબીરે તેહરીમાની જેમ નીચી બલ્કે સજદાની તકબીર જેમ છે એટલા માટે કે તકબીરે તેહરીમા ફર્ઝ છે અને રૂકૂઅ તથા સજદાની તકબીરો સુન્નત છે, તકબીરે તહરીમા નમાઝમાં એક જ વાર હોય છે જ્યારે કે રુકૂઅ તથા સજદાની તકબીરો વારંવાર હોય છે. તકબીરે તેહરીમાથી નમાઝ શરૂ થાય છે અને રુકૂઅ તથા સજદાની તકબીરોથી નમાઝનો એક રુકન શરૂ થાય છે. તો જ્યારે રુકૂઅની તકબીર તકબીરે તહરીમાની જેમ હતી બલ્કે સજદાની તકબીરની જેમ છે. માટે રુકૂઅની તકબીરની એ જ સ્થિતિ હશે જ જે સજદાની તકબીરની હોય છે. અને સજદાની તકબીરમાં હાથ ઉઠાવવામાં નથી આવતા માટે રુકૂઅની તકબીરમાં પણ હાથ ઉઠાવવામાં નહીં આવે. *(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી—દિલ્હી, જાન્યુ. ૨૦૧૧)*

# પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી

## એક મુતનાઝેઆ (વિવાદાસ્પદ) શખ્સિયત

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*યહ તહરીર અસલમેં "જામે નૂર" ઉર્દૂ મંથલી–દિલ્હી કો લિખ્ખી થી, ક્યૂં કે ઉસમેં પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી (પાક.) કી એક તક઼રીર છપી થી, તો યહ ઉસકે જવાબમેં થી. "જામે નૂર" (મંથલી) કે એલાન કે મુતાબિક઼ વો ક઼ારેઈન કે ખયાલાત કો શાએઅ કરતે હૈં, લેકિન ! હમ કો તજર્બા યહ હુવા કે હમને e-mail સે ઔર રૂબરૂ ભી આદમી "જામે નૂર" કી ઓફિસ પર ભેજકર યહ તહરીર ભેજી થી મગર આજ તક કોઈ ખુફિયા વજહસે ઉન્હોંને ન છાપા, તો હમ કાફી ઈંતેઝાર કે બાદ આજ ઈસે અપને ખૂદ કે ગુજરાતી રિસાલા "બરકાતે ખ્વાજા" (મંથલી)મેં શાએઅ કર રહે હૈં, જિસસે પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી કે બારેમેં અસ્લ હક઼ીક઼ત સામને આ સકતી હૈ, ઔર અવામો ખાસ કે લિયે યહ બાત લમ્હાએ ફિક્રિયા હૈ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મુકર્રમી જનાબ ખુશતર નૂરાની સાહબ.... જૂલાઈ ૨૦૧૦ કા શુમારા નઝરનવાઝ હુવા જિસમેં પાકિસ્તાન કી મુતનાઝેઆ શખ્સિયત પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી સાહબ કા ખિતાબ બશકલે મઝમૂન "મસાઈલ કા સહીહ ઈદરાક ઈખ્તેલાફ કા હલ" પળ્હને કા મોક઼ા મિલા. ઈસ ખિતાબમેં પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી સાહબને અપને આપકો સુન્ની હનફી ષાબિત કરને મેં ભરપૂર તવાનાઈ સર્ફ કી હે. (જોર લગાડયું છે) ઔર **સભી ફિર્ક઼ોં કે ઈખ્તેલાફ કી બુન્યાદ ફુરૂઈ મસાઈલ કો ક઼રાર દેતે હુએ** ઉસ્કે ઝિમ્નમેં (હેઠળ) જો મુનાઝરે કિએ (મષલન્ અંગૂઠા ચૂમને કે મૌઝૂઅ પર) ઉસ્કા હવાલા દેકર અપના સુન્ની હોના ષાબિત કિયા હે, ઔર હનફી હોને કા ભરપૂર દાવા કિયા હે ઔર ફર્માયા કે મૈંને મઝહબે ઈમામે આ'ઝમ કી સદાક઼ત (સચ્ચાઈ) પર મુતઅદ્દિદ કિતાબેં લિખી હૈં. નીઝ યહ બાવર કરાને કી કોશિશ કી હૈ કે **હમ અહલે સુન્નત વ જમાઅત ફુરૂઈ મસાઈલમેં ઈખ્તિલાફ કરકે અપને મદ્દે મુક઼ાબિલ (હરીફ) કો સુન્નિયતસે ખારિજ ક઼રાર દેતે હૈ.** (સુન્નિયતથી બહાર ઠરાવીએ છીએ) જબ કે ચારોં મઝાહિબ હનફી, શાફઈ, માલિકી, હંબલી કે ઈત્ખેલાફ કો હમ યક઼ીનન ફુરૂઈ (ઉપર છલ્લા) હી તસ્લીમ કરતે હૈં ઔર ઉન સબકો સુન્ની હી માનતે હૈં, ફિર ભી પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી સાહબને યહ દાવા કિયા હય કે હમ અહલે સુન્નત રફએ યદૈન ઔર આમીન બિલ જહર કરનેવાલોં કો વહાબી ક઼રાર દેતે હૈં.......વગૈરા વગૈરા.

તો અબ હમ ક઼ારેઈન (વાંચકો) ઔર ઉલમાએ અહલે સુન્નત સે ફૈસલા ચાહતે હૈં કે ક્યા કિસી સુન્ની કા અક઼ીદા હોતા હૈ કે હર આમીન બિલજહ્ર (જોરથી) ઔર રફએ યદૈન કરનેવાલા (રુકૂઅ જતાં ઉઠતાં હાથો ખભા સુધી ઉઠાવનાર) વહાબી હે ? અબ ઝરા દેખિયે કિ પ્રોફેસર સાહબ પર ફુરૂઈ મસાઈલ (ઉપર ઉપરના–Not Basic)કા કૈસા ભૂત સવાર હુવા કે અપની કિતાબ................"ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હે ?" કે સફ઼ા નં. ૩૭ પર લિખતે હૈં કે : **"બિહમ્દિલ્લાહ ! મુસલમાનોં કે તમામ મસાલિક વ મકાતિબે ફિક્રમેં અક઼ાઈદ**

**કે બારેમેં બુન્યાદી ઈખ્તેલાફ (પાયાનો મતભેદ) મૌજૂદ નહીં હૈ.** અલ્બત્ત, ફુરૂઈ ઈખ્તેલાફ (સામાન્ય મતભેદો) કે જુઝઈય્યાત ઔર તફસીલાત (અક઼ીદા સિવાયની બાબતો) કી હદ તક હૈં જિનકી નોઈય્યત તઅબીરી ઔર તશરીહી (જેની સ્થિતિ સમજમાં ફેરફારની જેમ) હૈ, ઈસલિએ તબ્લીગી ઉમૂરમેં બુન્યાદી અક઼ીદે કે દાઈરે કો છોળકર મહઝ ફુરૂઆત ઔર જુઝઈય્યાત (ઉપર છલ્લી વાતો) મેં ઉલઝ જાના ઔર ઉન્કી બુન્યાદ પર દુસ્રે મસ્લક કો તન્ક઼ીદ વ તફસીક઼ કા નિશાના બનાના કિસી તરહ કી દાનિશમંદી ક઼રીને ઈન્સાફ નહીં." *(ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ? અઝ : તાહિરુલ ક઼ાદરી, પેજ–૩૭)*

ઝાહિર હૈ કે મુસલમાનોં કે તમામ મસાલિક વ મકાતિબે ફિક્ર સે મુરાદ રાફઝી, વહાબી, દેવબંદી, ખારજી, મૌદૂદી વગૈરહા મુદઈયાને ઈસ્લામ વ કલ્મા ગો હૈં. તો અબ ઉલમાએ અહલે સુન્નત ઈન્સાફ સે યહ બતાએં કે **ક્યા હમારા ઔર રવાફિઝ[૧] કા ઈખ્તેલાફ ફુરૂઈ (ઉપર છલ્લો) હૈ યા ઉસૂલી (પાયાનો) ? કુફ્ર ઔર ઈસ્લામ કા હૈ યા જવાઝ ઔર અદમે જવાઝ કા (જાઈઝ નાજાઈઝનો) ? હમારા (અહલે સુન્નત વ જમાઅત કા) ઔર વહાબિયહ, દયાબનહ (વહાબી–દેવબંદીયોં) કા[૨] ઈખ્તેલાફ કુફ્ર વ ઈસ્લામ કા હૈ યા ફુરૂઈ (સામાન્ય) હૈ ? ક્યા યહ બાત ભી કોઈ તેહક઼ીક઼ તલબ હૈ કે યહ સબ ફિર્ક઼ે ઝરૂરિયાતે દીન કે મુન્કિર હૈં યા નહીં ? પ્રોફેસર સાહબ જબ તમામ મસાલિક વ મકાતિબે ફિક્ર કે ઈખ્તેલાફાત કો ફુરૂઈ (સર્વ ફિર્ક઼ાઓના મતભેદોને ઉપર ઉપરના) માનકર ઉન્કો મુસલમાન ઔર ઈમાનવાલા સમઝ રહે હૈં, તો બતાઈયે યહ કહાં કી સુન્નિયત ઔર હનફિયત હૈ ?!**

પ્રોફેસર સાહબ કા "ફુરૂઈ મસાઈલ મેં ઈખ્તેલાફ" કા નશા[3] ઈતના શદીદ હુવા કે એક જગહ

---

**૧. શીઓં રાફઝીયોં કે અક઼ીદે :** ★ *કુર્આન કે ૪૦ પારે થે ઉસમેં સે દસ પારે ગાઈબ કર દિયે ગયે હૈં જિસમેં અહલે બયત કી ફઝીલત કા બયાન થા. (યહ કુર્આન પર શક હુવા ઔર કુર્આન પર શક કરનેવાલા કાફિર હૈ.)* ★ *હઝરત અબૂબક્ર, ઉમર, ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین કી ખિલાફત કે યહ લોગ મુન્કિર હૈં. (જબ કિ તીનોં કી ખિલાફત પર ઉમ્મત કા ઈજમાઅ હૈ.)* ★ *હુઝૂર સૈયદુલ બશર صلی اللہ علیہ وسلم સે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم કો અફઝલ માનતે હૈં, બલ્કે ઉન્કા માનના હય કે, હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم તો અસ્લમેં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم હી થે, લેકિન જિબ્રઈલ علیہ السلام સે ભૂલ હૂઈ ઔર વો મુહમ્મદ صلی اللہ علیہ وسلم પર નાઝિલ હો ગયે. (રહનુમાએ હક઼્ક઼ કે હવાલેસે) ક્યા યહ ફુરૂઈ ઈખ્તેલાફ હૈ ?!*

**૨. વહાબી ઔર દેવબંદી મક્તબે ફિક્ર કે અક઼ીદે :** ★ *અલ્લાહ જૂઠ બોલ સકતા હૈ. (બરાહીને ક઼ાતિઆ)* ★ *હુઝૂર صلی اللہ علیہ وسلم જૈસા ઈલ્મે ગયબ તો બચ્ચોં, પાગલોં ઔર જાનવરોં કો ભી હાસિલ હૈ. (હિફઝુલ ઈમાન, થાનવી)* ★ *હુઝૂર صلی اللہ علیہ وسلم સે ઝયાદા ઈલ્મ શૈતાન ઔર મલકૂલ મૌત કો હૈ. (બરાહીને ક઼ાતિઆ, ખલીલ અંબેઠવી)* ★ *યહ અક઼ીદા રખના કે આપ صلی اللہ علیہ وسلم કો ઈલ્મે ગયબ થા, સરીહ (સ્પષ્ટ) શિર્ક હૈ. (ફતાવા રશિદિયા, ગંગોહી)* ★ *ગયબ કી બાત અલ્લાહ હી જાનતા હૈ, રસૂલ (صلی اللہ علیہ وسلم) કો ક્યા ખબર ?!* ★ *નબી કો દિવાલ કે પીછે કી ખબર નહીં.* ★ *રસૂલ (صلی اللہ علیہ وسلم) કે ચાહને સે કુછ નહીં હોતા !* ★ *નબી વલી કી ક઼બ્ર કી તરફ સફર કરના શિર્ક હૈ. (તક઼વિયતુલ ઈમાન, ઈસ્માઈલ દહેલ્વી)* ★ *હુઝૂર صلی اللہ علیہ وسلم કે બાદ નબી હો સકતા હૈ.* ★ *હુઝૂર (صلی اللہ علیہ وسلم) કો આખરી નબી માનના નાસમજ લોગોં કા ખયાલ હૈ. (તહઝીરુન્નાસ, કાસિમ નાનોત્વી)* ★ *નમાઝમેં હુઝૂર صلی اللہ علیہ وسلم કા ખયાલ લાના ગધે ઔર બૈલ કે ખયાલ મેં ડૂબ જાનેસે ઝયાદા બુરા હૈ. (સીરાતે મુસ્તક઼ીમ, ઈસ્માઈલ દહેલ્વી)*

**3. ઈન્સાફસે સોચીએ :** *તો ક્યા યહ અક઼ીદે કિસી "અહલે સુન્નત વ જમાઅત" કે હૈં ?! બલ્કે ઐસે અક઼ીદેવાલોં પર તો ઉલમાએ અહલે સુન્નતને ગુમરાહ ઔર કાફિર કા ફત્વા દિયા હૈ. ફિર યહ કૈસે પ્રોફેસર તાહિરુલ ક઼ાદરી સાહબને કહ દિયા કે તમામ મક્તબે ફિક્રમેં બુનિયાદી કોઈ ઈખ્તેલાફ નહીં હૈ ? ક્યા ઉપર બતાયે વો અક઼ીદે ફુરૂઈ (ઉપર ઉપરના) ઈખ્તેલાફ કે હૈં યા કુફ્ર ઔર ઈસ્લામ કા ઈસમેં ઈખ્તેલાફ હૈ ?! –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ફર્માયા, **''મૈં શીઆ ઔર વહાબી ઉલમા કે પીછે નમાઝ પઢના સિર્ફ પસંદ હી નહીં કરતા બલ્કે જબ ભી મૌક઼ા મિલે ઉન્કે પીછે નમાઝ પઢતા હૂં.''** *(રિસાલા દીદો સુનીદ લાહોર, સફા : ૪, તા. ૧૯ એપ્રિલ, ઈ.સ. ૧૯૮૬, બહવાલા ''રઝાએ મુસ્તફા'' ગુજરાનવાલા, માહે ઝીક઼અદા, હિ.સ. ૧૪૦૭)*

એક મૌક઼ા પર ફર્માયા, **''મૈં ફિર્ક઼ાવારીયત પર લઅનત ભેજતા હૂં, મૈં કિસી ફિર્ક઼ા કા નહીં, બલ્કે હુઝૂર કી ઉમ્મત કા નુમાઈન્દા હૂં.''** *(ઈઝન્)*

ક઼ારેઈન ઔર ઉલમાએ અહલે સુન્નત ઈન્સાફ કી રોશનીમેં બતાએં કે શીઆ ઔર વહાબી ઈમામ કે પીછે નમાઝ પઢને કો પસંદ કરના ઔર મૌક઼ા મિલે તો પઢ ભી લેના ક્યા ઉન્કો મુસલમાન માનને ઔર અહલે ઈમાન જાનને કા ખુલા ષબૂત નહીં હૈં ? ઔર શીઆ ઔર વહાબી અક઼ાઈદ સે પૂરી વાકિફિયત બાવજૂદ ઐસા કહના ઔર છાપ કર એલાન કરના ઈસ બાત કા બૈયન (ઉઘાડુ) ષબૂત નહીં હૈ કે પ્રોફેસર સાહબ ઉન્કો મુસલમાન સાહિબે ઈમાન જાનતે હૈં ?! ઔર ઉન્કે ઔર અહલે સુન્નત કે દરમિયાન બુન્યાદી ઈખ્તિલાફી મસાઈલ કો ફુરૂઈ ઔર તઅબીરી (ઉપર છલ્લા) માનતે હૈં. જૈસા કે ઉન્હોંને લિખ્ખા હૈ :–

એક જગહ બતાયા કે, **''મૈં 'હનફિયત' ઔર મસ્લકે ''અહલે સુન્નત વ જમાઅત'' કે લિયે કામ નહીં કર રહા હૂં.** *(નવાએ વક્ત મેગેઝિન, સફા : ૪, ૧૯ સિતમ્બર–૧૯૮૬, બહવાલા રઝાએ મુસ્તફા, ગુજરાનવાલા)*

ઉલમાએ કિરામ ફૈંસલા ફર્માએં કે ક્યા ઐસા લિખને ઔર બોલનેવાલા સુન્ની ઔર હનફી હો સક્તા હૈ ?!

એક મજમાએ આમમેં પ્રોફેસર સાહબ કો યહ કહતે દેખા ઔર સુના જા સક્તા હય કે, ''સુન્ની ભાઈઓ ! જબ મૈં નારા લગાઉં ''નારાએ હૈદરી !'' તો આપ લોગ ઉસ્કે જવાબ મેં ''યા અલી !'' કહેં. ઉસ્કે બાદ ખૂદ નારા લગાતે હૈં ઔર અવામમેં સે સુન્ની હઝરાત ભી નારા લગાતે હુએ નઝર આતે હૈં. બઅદહૂ ફર્માતે હૈં કે અબ સુન્ની હઝરાત ખામોશ રહેં ઔર શીઆ ભાઈ ! જબ મૈં ''યા સિદ્દીક઼ે અકબરો ઉમર !'' નારા લગાઉં તો આપ જવાબમેં ''ઝિંદાબાદ !'' કા નારા લગાએં. ફિર તાહિર સાહબ ખૂદ નારા લગાતે હૈં લેકિન ઉસ્કા ખાતિર ખ્વાહ રિસ્પોન્સ મિલતા નઝર નહીં આતા ઔર ઐસા લગતા હૈ કે શીઆ હઝરાત જવાબ દેને મેં કશમકશ કે શિકાર હૈં. યહ ક્યા તમાશા હૈ ?! ક્યા શીઆ ઔર સુન્ની કા ઈખ્તેલાફ કોઈ મામૂલી ઈખ્તેલાફ હૈ કે ઐસે નારે લગવાને સે દૂર હો જાએગા ? ઔર શીઆ ગિરોહ કો ક્યા તૌબા કી ઝરૂરત ન હોગી ?!

એક મક઼ામ પર પ્રોફેસર સાહબ ફર્માતે હૈ, **''મુઝે ઈસ સે કોઈ ગર્ઝ નહીં કે જલ્સા ઔર ઉસ્કી દઅવત કિસ કી તરફસે હૈ ! અહલે હદીષ, શીઆ, દેવબંદી, જમાઅતે ઈસ્લામી કે અહબાબ જો ભી દઅવત દે ઉસે ઝુરૂર ક઼ુબૂલ કરુંગા, ખ્વાહ વો સ્ટેજ કિસી કા હો.** *(અહમ ઈન્ટરવ્યૂ, ૨૮ ફરવરી ૧૯૮૭)*

પ્રોફેસર સાહબ એક તરફ તો **અપને સુન્ની હોને** કા ઔર **પયદાઈશી હનફી હોને** કા ઔર **સગે ગૌષે આ'ઝમ હોને** કા ઔર **આશિક઼ે આ'લા હઝરત હોને** કા દા'વા બળે શદો મદ કે સાથ કરતે નઝર આતે હૈં, બલ્કે એક જગહ તો ફર્માતે હૈં કે, **''મેરા જીના મરના ઈમામે આ'ઝમ કે ક઼દમ કે નિશાન પર હૈ.''** મગર ઉનકે ઈન તમામ અક઼વાલ (કથનો) કી ઉન્કે આમાલ સે મુતાબિક઼ત કલ્અદમ માલૂમ હોતી હૈ (મેળ ખાતો નથી). એક મુશ્ત (મુટ્ઠી) દાળ્હી કે તઅલ્લુક઼સે ઉન્કા પુરજોર દાવા હૈ કે યહ અહાદીષસે ષાબિત નહીં હૈ, જબ કે આ'લા હઝરત ઔર દીગર અકાબિર ઉલમા કી તસ્નીફાતમેં ઈસ મસ્અલા કો અહાદીષસે ષાબિત કિયા ગયા હૈ. ઔર ૧૪૦૦ સાલસે આજ તક કે હનફી ઉલમાએ કિરામને દાળ્હી એક મુશ્તસે કમ કરાનેવાલે કો **ફાસિક઼** કરાર

દિયા હૈ. નીઝ "ઔરત કી દિયત" કે મસ્અલે મેં ભી ઉન્હોંને ઈજમાએ ઉમ્મતસે ઈન્હિરાફ (ઉલ્ટુ) કિયા હૈ. ઉસ્કે એલાવા ઔર કઈ મસાઈલ ઐસે હૈં જિનમેં ઉન્કો ઉલમાએ અહલે સુન્નત ઔર હનફિયત કે ખિલાફ જાતે દેખા જા સક્તા હૈ. ઉન્કી લચ્છેદાર બોલી ઔર પુરઝોર દા'વા કરને કી અદા કો દેખકર ખુસૂસન્ અવામ (પબ્લિક) ઔર કુછ નાવાકિફ ઉલમાએ કિરામ ભી ઉનસે મુતાષ્ષિર (પ્રભાવિત) હોકર ઉન્કે દિલદાદા (આશિક઼) હો જાતે હૈં. મિન્હાજુલ કુર્આન (ઉન્કી તેહરીક઼) કી મસ્જિદોં મેં તમામ બાતિલ ફિર્કો ઔર ઈસ્લામ કે અઝલી દુશ્મન યહૂદિયોં ઔર ઈસાઈયોં કો ભી દાખલે કી ઈજાઝત હાસિલ હૈ. ક્રિસમસમેં ઈસાઈ પાદરિયોં કે સાથ કેક કાટકર ક્રિસમસ મનાતે હુએ ભી ઉન્કો ( youtube પર) દેખા જા સકતા હૈ. યહ તમામ કારનામે પ્રોફેસર સાહબ તમામ ફિર્કે ઔર દીગર અહલે મઝાહિબ કો મદઊ કર કે (નિમંત્રીને) અંજામ દેતે હૈં, જિસમેં બિલા તફરીકે અક઼ાઈદ (અક઼ીદાઓના ભેદભાવ વિના) સબ ભાઈ ભાઈ બન જાએં યહ ઝહન દિયા જાતા હૈ. જિસ કા મક઼સદ **સુલેહ કુલ્લિયત કો ફરોગ (ઉત્તેજન) દેના** માલૂમ હોતા હૈ. તો ક્યા યહ ઈસ્લામી શરીઅત ઔર ફિક઼્હે હનફી કી રૂસે મુમ્કિન ઔર જાઈઝ હો સક્તા હૈ ? સુન્ની ઉલમાએ કિરામ વ મુફ્તિયાને એઝામ સે ગુઝારિશ હય કે વો ખામોશ ન રહેં, ઔર ઉન્કે બારેમેં તેહકીક઼ કર કે ઉન્કી અસલિયત કો અવામ કે સામને ઝાહિર કરેં, તા કે સુન્ની અવામ ઈસ ખતરનાક ગુમરાહિયત કા શિકાર ન હો જાએં. હાલાં કે અવામ ઉન્કી ચર્બ ઝબાનીસે કાફી તાદાદમેં મુતાષ્ષિર હો કર મઝહબે અહલે સુન્નત કે અસ્લ ઉસૂલ સે દૂર હો રહી હૈ. લેહાઝા ઉલમાએ અહલે સુન્નત અપની ઝિમ્મેદારી કો મેહસૂસ કરતે હુએ ઉન્કે બારેમેં સહીહ મૌક઼ફ વાઝેહ કરેં. (સાચો માર્ગ જાહેર કરે) ઉન્કે બારેમેં સહીહ માલૂમાત હાસિલ કરને કે લિયે પાકિસ્તાન કે અકાબિર ઉલમાએ કિરામ સે રાબતા કિયા જા સક્તા હૈ, ઔર youtube વેબ સાઈટ સે ભી મવાદ ફરાહમ હો સક્તા હૈ.

## જશ્ને દસ્તારે ફઝીલત

દારુલ ઉલૂમ ગૌષે સમદાની (પીપળીયા રાજ) વાંકાનેર તાલુકાની સરઝમીન ઉપર અહલે સુન્નત વ જમાઅતની એક અઝીમ દર્સગાહ છે જેની સ્થાપ્ના ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૨૧ના રોજ થઈ છે. હાલમાં ૪ એકર જમીન ઉપર આ સંસ્થાની વિશાળ ઈમારત ક઼ાયમ છે, જેમાં હોસ્ટેલ સાથે કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ દીની દુનિયવી ઈલ્મ પ્રાપ્ત કરી રહ્યા છે, તેમની તા'લીમ તથા તર્બિયત માટે બાસલાહિયત ૧૬ ઉસ્તાઝો તથા ૯ શિક્ષકોની નિમણૂંક કરવામાં આવેલ છે. ૧૦ વર્ષના ટૂંકા ગાળામાં ઘણા બધા બાળકો હાફિઝ, ક઼ારી વ આલિમની ડિગ્રી મેળવી ચૂક્યા છે.

આ ઈદારાનો ત્રીજો જશ્ને દસ્તારે ફઝીલત તા. ૨૧–૩–૨૦૧૧ના રોજ શાનદાર રીતે મનાવવામાં આવ્યો જેમાં ઝોહરની નમાઝ બાદ ખત્મે બુખારી શરીફનો રૂહ પરવર પ્રોગ્રામ હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન સાહબ મિસ્બાહી (મુબારકપુર)ના બયાન સાથે પૂર્ણ થયેલ. જ્યારે રાત્રે ઈશાની નમાઝ બાદ કલામે પાકની તિલાવત વ નઅતે પાક બાદ હઝરત અલ્લામા શહરેયાર રઝા ક઼ાદરી સાહબે કુર્આન અને સાઈન્સના વિષય ઉપર શાનદાર ખિતાબ ફર્માવેલ. ત્યાર બાદ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાં સાહબ આ'ઝમી (યુ.કે.)એ ક઼ૌમે મુસ્લિમના વર્તમાન હાલાતને નજર સમક્ષ રાખી ઉમ્મતને બેદાર થવાનો એક પયગામ આપેલ. સાથે ફારિગ થનાર કુલ ૨૭ હાફિઝ વ ક઼ારી વ આલિમના સર ઉપર દસ્તારનો નૂરાની તાજ રાખવામાં આવેલ. બહોળી સંખ્યામાં ઉલમાએ કિરામ વ સાદાતે ઈઝામ તશરીફ લાવેલ. હજારો અવામે અહલે સુન્નતે આ પ્રોગ્રામમાં હાજરી આપેલ. અંતમાં હઝરત અલ્લામા વ મૌલાના સૈયદ અબૂબક્ર શિબ્લી અશરફી સાહબ કિછૌછવીએ પૂર દર્દ દુઆ ફર્માવી હતી. *રજૂકર્તા : મૌલાના મુહમ્મદ અમીન અકબરી (સેક્રેટરી, દારુલ ઉલૂમ હાઝા)*

# એક મુઠ્ઠી દાઢી
## હદીષથી સાબિત છે !
કાર્યાલય

***અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી-મુબારકપુર***

**સવાલ** : એક સાહબ કહે છે કે હદીષ શરીફમાં કોઈ વાત એવી નથી જેનાથી સાબિત થઈ જાય કે એક મુઠ્ઠી દાઢી રાખવી વાજિબ છે. (જેમ કે મૌલાના તાહિરુલ કાદરી પાકિસ્તાનીએ કહ્યું છે) તો કુર્આન હદીષની રોશનીમાં એની હકીકત જણાવો !

**જવાબ** : એક મુઠ્ઠી દાઢી રાખવી વાજિબ છે, એ રસૂલુલ્લાહ ﷺની હદીષથી સાબિત છે. કઈ રીતે સાબિત છે એને સમજો. કેટલાક આલિમોએ લોકોમાં એ ગુમરાહી ફેલાવી છે એટલા માટે અમે તેની થોડીક વિગતવાર સ્પષ્ટતા કરીશું, જો અવામમાં આ વાત હોત તો કેવળ મસ્અલો દર્શાવી આપવો પૂરતો હતો. સાંભળો ! હદીષે પાકમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **અવફુલ્લુહા** "દાઢીઓ વધારો !" અહીં હુઝૂર ﷺ હુકમ આપી રહ્યા છે, અને જ્યારે હુઝૂર કોઈ વાતનો હુકમ આપી રહ્યા છે તો તે કાર્ય કરવું **વાજિબ** થઈ જાય છે. જેમ કે હજ્જ દર વરસે કરવા વિશેના સવાલમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **જો હું "હા" કહી આપત તો દર વરસે હજ્જ વાજિબ થઈ જાત !** જ્યારે **"હા" કહેવાથી વાજિબ થઈ જાય તો હુઝૂર જો હુકમ આપે તો વાજિબ નહીં થાય ?!** એ તો જરૂર વાજિબ થઈ જશે. તો હુઝૂર હુકમ આપી રહ્યા છે **અવફુલ્લુહા** "દાઢીઓ વધારો !" **તો દાઢી વધારવું વાજિબ થયું કે નહીં ?**

હવે રહ્યો પ્રશ્ન કે કેટલી વધારશો ?! એની કોઈ હદ છે ? એની કોઈ હદ આ હદીષમાં નથી. જેથી આ હદીષનો તકાઝો એ થયો કે દાઢીને વધતી છોડી આપો. પરંતુ **બીજી હદીષ**માં એ છે કે હુઝૂર ﷺ પોતાની દાઢીને થોડીક લંબાઈથી અને થોડીક પહોળાઈ કાપી લેતા. હજી પણ વાત ફાઈનલ ન થઈ કે સરકાર કેટલી કાપતા હતા ! એટલું નક્કી થયું કે હુઝૂર કાપતા હતા, કેમ કે જો દાઢીને તદ્દન વધતી છોડી દેવામાં આવે ત્યાં સુધી કે દૂંટી સુધી આવી જાય તો તે સાધુ થઈ જશે ! અને ચહેરો પણ બેડોળ લાગશે. ઈસ્લામ એવું નથી ચાહતો. દાઢીનો હુકમ તો એટલા માટે હતો કે ચહેરાની શોભા બને, કદરૂપુ બનાવવા માટે તો નથી. ચહેરાને દાઢીથી સજાવવાનો શણગારવાનો છે, ઝીનત (શોભા) બનાવવાનો છે એટલા માટે કાંઈક કાટ છાટ કરવું પડશે અને હુઝૂર લંબાઈ તથા પહોળાઈમાં કાંઈક કાટ છાટ કરતા હતા. પણ કેટલી કરતા હતા તે પણ વર્ણન નથી.

હવે **ત્રીજી હદીષ સાંભળો !** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ સહાબીઓમાં અતિ તકવાવાળા અને મહાન જલીલુલ કદર સહાબી થઈ ગયા. આપ સુન્નતે રસૂલુલ્લાહ ﷺ પર અમલ કરવાના ખૂબ જ શોખિન હતા. હુઝૂર ﷺની સુન્નત પર તેમના અમલના શોખની સ્થિતિ એ હતી કે એકવાર આપ હજ્જ કરીને પોતાના સાથીઓની સાથે પાછા ફર્યા તો માર્ગમાં એક બાવળનું ઝાડ આવ્યું તો તેને સ્પર્શીને ગયા કે એમનો પાલવ બાવળના કાંટાઓમાં ભેરવાઈ ગયો, જોઈ રહ્યા છે ફસાઈ રહ્યો છે બલ્કે ફસાવી રહ્યા છે ! ઘસાઈને જશે તો ભેરવાવાનો જ હતો. થોડેક આગળ વધતાં કૂરતો ખેંચાયો તો પાછા વળ્યા, પાલવ છોડાવ્યો અને ફરી જમણી બાજુ થઈને નીકળ્યા. સાથીઓએ પૂછ્યું, હુઝૂર ! તમે આશિકે રસૂલ છો, તમારો તકવો તથા તમારી શરીઅતની પાબંદી એકદમ છે પણ તમે આવું કામ કર્યું ?! તો ફર્માવ્યું કે એટલા માટે જ તો કર્યું ! હું હુઝૂર ﷺની સાથે અંતિમ હજ્જના પ્રસંગે હતો. હુઝૂર ﷺ આ જ માર્ગેથી આ જ બાવળના ઝાડ પાસેથી ગુજર્યા તો સરકાર ﷺનો પાલવ બેતવજ્જોહીમાં આ જ બાવળના કાંટામાં ફસાઈ ગયો, સરકાર ﷺ એટલા જ દૂર આગળ વધ્યા જેટલો હું વધ્યો હતો. પછી સરકાર ﷺ એટલા જ દૂર પાછળ આવ્યા હતા જેટલો હું પાછળ આવ્યો હતો. પછી સરકાર ﷺ એ જ પ્રમાણે દામન છોડાવ્યો હતો જેમ કે મેં છોડાવ્યો છે. પછી સરકાર ﷺ જમણી તરફથી એ જ રીતે ચાલ્યા હતા જેમ કે હમણાં હું ચાલ્યો હતો. તો હું

તો સરકાર ﷺની **સુન્નત પર અમલ કરી રહ્યો છું.** સરકાર ﷺએ આવું કર્યું હતું એટલે હું એવું કરી રહ્યો છું. હુઝૂર ﷺની દરેક અદા મને મહબૂબ છે, હુઝૂર ﷺ થી મને ઈશ્ક઼ છે, મહોબ્બત છે. આ છે તેમના ઈશ્કનો આલમ ! મહબ્બતે રસૂલનો આલમ !

તેમના થકી આ સહીહ હદીષ રિવાયત થયેલી છે કે **તે દાઢી પોતાની મુઠ્ઠીમાં લેતા હતા અને એક મુઠ્ઠીથી દાઢી જે વધારે થતી તેને કાતરથી કટ કરી લેતા.** તો એનાથી સાબિત થઈ ગયું કે તેમણે પોતાના આક઼ા ﷺને જોયા હતા કે સરકાર ﷺ દાઢીને લંબાઈથી કટ કરતા હતા તો આ રીતે કટ કરતા હતા. દાઢીને મુઠ્ઠીમાં પકડી અને એનાથી બહારનાને કટ કરી નાખ્યા. આ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہના અમલથી સાબિત થઈ ગયું. સહાબી એ જ ક઼ાયમ કરે છે જે સરકાર ﷺથી જોયેલું હોય છે. એનાથી જણાઈ ગયું કે **દાઢી રાખવી વાજિબ, અને ક્યાં સુધી વાજિબ છે ? એક મુઠ્ઠી વાજિબ છે.** બંનેવ હદીષોને મિલાવવાથી સાબિત થઈ જાય છે કે દાઢી રાખવી વાજિબ છે અને એક મુઠ્ઠી રાખવી વાજિબ છે.

હવે કોઈ ભાઈ કહેશે કે આ તો જોડ ગાંઠ (સાંધા સુધી) થઈ ! તો હું કહીશ કે પ્યારે ! એવી જોડ ગાંઠ શરીઅતના એક હુકમમાં નથી ! ઘણા બધા મસ્અલાઓમાં છે. એક મસ્અલો અમે નમૂના રૂપે રજૂ કરીએ છીએ. કુર્આન શરીફમાં વુઝૂના બયાનમાં અલ્લાહ તઆલાએ એ હકુમ આપ્યો છે : **وَامۡسَحُوۡا بِرُءُوۡسِکُمۡ** "તમારા માથાનો મસહ કરો !" કેટલા માથાનો મસહ કરો ? ચોથાઈ, અડધુ, ત્રીજા ભાગના કે પૂરા માથાનો ? એ નથી દર્શાવ્યું. પણ એના પર એકમતિ છે કે પૂરા માથાનો મસહ ફર્ઝ નથી, અમુક જ માથાનો મસહ ફર્ઝ છે, એટલે સુધી કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો બે ત્રણ વાળો પર પણ મસહ કરી લીધો તો ફર્ઝ અદા થઈ જશે. અને ઉલમાએ ફર્માવ્યું કે **وَامۡسَحُوۡا بِرُءُوۡسِکُمۡ**માં જે **બા** (ب) છે તે તમઈઝના માટે છે જેના લેહાઝથી આ આયતે કરીમાનો અર્થ થશે કે, "તમારા અમુક માથાનો મસહ કરો." અથવા **ب**ને તમઈઝના માટે ન માને તો અર્થ થશે "તમારા માથાનો મસહ કરો", તો કેટલા માથાનો મસહ કરશો ? પૂરા માથાનો ? અડધો, ચોથાઈ, ત્રીજા ભાગના એવું કાંઈ કુર્આને પાકમાં નથી સૂચવ્યું. હવે કેટલો કરવામાં આવે ? કુર્આને પાકથી કાંઈ સમજમાં નથી આવતું. હવે સાંભળો ! હઝરત મુગીરહ બિન શોઅબા સહાબીએ રસૂલ رضی اللہ عنہ છે એમનું બયાન છે. એકવાર હુઝૂર ﷺ ક઼ૌમના......ની પાસે તશરીફ લઈ ગયા, ઈસ્તિંજા કર્યો પછી આવ્યા. મેં પાણી પેશ કર્યું તો હુઝૂરે વુઝૂ કર્યું અને સરકાર ﷺએ પોતાના ચોથાઈ માથાનો મસહ કર્યો. તો તમામ હનફી ઈમામોની એ વાત પર એકમતિ છે કે ફર્માવે છે કે કુર્આને પાકની તે આયતે કરીમા મુજમલ (અધ્યાહન) છે, માથાનો મસહ કરો, કેટલાનો ૧/૨, ૧/૪, ૧/૩ નો ? માપ સંબંધે આયતે કરીમા મુજમલ છે અને સરકાર ﷺએ જયારે એક હદીષે પાકમાં ૧/૪ માથાનો મસહ કર્યો, **તો એ હદીષે પાક એ કુર્આને પાકની આયતની શરહ (ખુલાસો કરનાર) થઈ ગઈ કે માથાનો મસહ કરો, કેટલો ? જેટલો હુઝૂરને કરતાં જોયા !**

તો જેવી રીતે અહીં સહાબીએ રસૂલ હઝરત મુગીરહ બિન શોઅબા رضی اللہ عنہની રિવાયતથી એ સાબિત થઈ ગયું કે કુર્આન પાકની આયતે કરીમામાં જે ઈજમાલ (ટૂંકમાં વર્ણન) છે તેનો ખુલાસો આ હદીષે પાક છે. એ જ પ્રમાણે હું કહું છું કે જનાબ રહ્મતુલ લિલ્ આલમીન ﷺની હદીષે પાક **"અવ ફ઼ુલ્લુહા"** "દાઢીઓ વધારો !" એમાં જે ટૂંકમાં વર્ણન છે એનો ખુલાસો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની આ હદીષે પાક છે. **જેનાથી સાબિત થઈ ગયું કે એક મુઠ્ઠી દાઢી રાખવી એ વાજિબ છે.** અને ખૂદ સરકાર ﷺનો નિયમ એ હતો કે સહાબાએ કિરામ ફર્માવે છે કે **આપની દાઢી છાતીને ભરેલી રહેતી હતી. તો જ્યારે દાઢી છાતીને ભરેલી રહેતી હતી તો એક મુઠ્ઠીથી ઓછી હશે જ નહીં, પણ એનાથી વધારે જ હશે.**

સારાંશ કે આ બંનેવ હદીષોને મિલાવીને સાબિત થઈ ગયું કે, **"એક મુઠ્ઠી દાઢી રાખવી વાજિબ છે."** *(આ જવાબ : મુહક્કિ઼કે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ઼્તી નિઝામુદીન રઝવી મિસ્બાહી** એ **સુન્ની દા'વતે ઈસ્લામી**ના ભરૂચ ૧૦/૧૧ નવેમ્બર/૨૦૦૭ના સુન્ની ઈજતેમામાં રજૂ કર્યો હતો. બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર, ૨૦૦૭)*

# મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે થઈ ?!

લેખક : **મૌલાના તત્હીર અહમદ રઝવી સાહબ**

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*આજકાલ દીની જલ્સા હોય કે અન્ય પ્રોગ્રામોમાં રમત રમતમાં તસ્વીરો ખેંચાઈ રહી છે, ફોટા પડી રહ્યા છે, જરૂરત માટે કે વિના જરૂરતે, શોખ ખાતર કે યાદગીરીના નામે જેના ને તેના ફોટા ફટાફટ એ રીતે પડતા રહે છે કે જાણે જાનદારનો ફોટો ઈસ્લામમાં હવે હરામ નથી રહ્યો ! (અસ્તગફિરુલ્લાહ !) ઘરોમાં, રીક્ષાઓમાં, રીક્ષાઓ પાછળ, હિરો, હિરોઈન, ક્રિકેટર કે પોતાના પુત્રો પુત્રીઓના ફોટા લગાડવામાં આવે છે. વળી ક્યાંક ઘરોમાં, દુકાનોમાં, પીરોના ફોટા લગાડવામાં આવે છે. તો શરીઅતમાં એના વિશે શું હુકમ છે તેને સમજી લેશો અને આવાં હરામ કામોથી દૂર રહી સાચા પાકા મો'મિન બનશો. આવો ! મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એના વિશે ઈસ્લામનો શું આદેશ દર્શાવે છે તેનો અભ્યાસ કરી લો અને જો એવાં હરામ કામોમાં તમો સપડાયેલા હોઉ તો તૌબા કરી લો. –તંત્રી*

૨૯ સફર હિ.સ. ૧૩૨૧માં અહમદાબાદથી મૌલ્વી અબ્દુર્રહીમ સાહબે હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની બારગાહમાં એક સવાલનામુ રજૂ કર્યું તેમના સવાલનો ખુલાસો આ પ્રમાણે છે કે :–

''એક જગાએ એક પીર સાહબના ફોટાઓ વેચવામાં આવે છે અને અહમદાબાદના લોકો તેને ખરીદે છે તથા તબર્રુક સમજીને તેને ઘરોમાં રાખે છે. પીરનો તસવ્વુર જમાવવા માટે પણ ફોટો સામે રાખીને જુએ છે (દીદાર કરે છે), શું આ સર્વ જાઈઝ છે કે હરામ ?!''

હવે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જવાબમાં શું ફર્માવે છે તેમનો જવાબ વાંચો અને અંદાઝો લગાડો કે તેઓ કેટલા મહાન મુવહ્હિદ તથા તૌહીદના અલમબરદાર હતા અને માત્ર એક ખુદાની ઈબાદતના પ્રચારક હતા, મૂર્તિપૂજા તથા તેની તરફ દોરનારાં કામો તથા તેનો દરવાજો ખોલનારાં તમામ કાર્યોથી તેમને કેટલી નફરત હતી. તેઓ ચાહતા હતા કે ખુદાએ વહ્દહૂ લાશરીક સિવાય કોઈની ઈબાદત તથા પૂજા તરફ શૈતાન કોઈ ચાલકી તથા હોશિયારી દ્વારા લોકોને ગુમરાહ ન કરી નાખે. જેથી આ સવાલના જવાબમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આખી એક કિતાબ લખી છે જેનું નામ ''અલ અતાયલ કદીર ફી હુક્મિત્તસ્વીર'' રાખ્યું છે તેમાંની અમુક વાતો અહીંયાં નકલ કરવામાં આવે છે.

આ'લા હઝરતના જવાબનો તેવર જુઓ, આપ ફર્માવે છે :–

''અલ્લાહ તબારક વ તઆલા ઈબ્લીસના ધોકાથી પનાહ આપે. દુનિયામાં મૂર્તિપૂજાની શરૂઆત આ પ્રમાણે જ થઈ. નેક બંદાઓની તસ્વીરો બનાવીને ઘરો તથા મસ્જિદોમાં તબર્રુક સમજીને રાખી મૂકી અને તેના દ્વારા ઈબાદતમાં રૂચી (લિજ્જત)નો

આધાર સમજ્યા. ક્રમે ક્રમે (તે જ તસ્વીરો) મઅબૂદ થઈ ગઈ.''

ત્યાર બાદ કુર્આને કરીમની તે આયતે કરીમા નક઼લ ફર્માવી જેમાં કાફિરોના મઅબૂદ મૂર્તિઓ વુદ્દ, સવાઅ, યગૂષ, યઊક તથા નસરનું વર્ણન છે. અને ત્યાર બાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત કરેલ બુખારી, મુસ્લિમની તે હદીષ નક઼લ ફર્માવી જેમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ તે આયતોની તફસીર બયાન કરી છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ નક઼લ કરેલ હદીષ આ છે :–

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે આ (આયતમાં વર્ણન કરવામાં આવેલ નામો) હઝરત નૂહ علیہ السلام ની ક઼ૌમના નેક લોકોનાં નામો છે. જ્યારે તેઓ વફાત પામ્યા તો શૈતાને બાદવાળા લોકોનાં દિલોમાં એ વાત નાખી કે જ્યાં તે લોકો બેસતા હતા ત્યાં જ તેમની બેઠકોમાં તેમની મૂર્તિઓ (પ્રતિમાઓ) બનાવીને રાખો અને જે નામો તે લોકોનાં હતાં એ જ નામો (આ પ્રતિમાઓનાં) રાખો. તો લોકોએ જહાલતના કારણે એ જ પ્રમાણે કર્યું. ત્યાર બાદ થોડા સમય સુધી તેમની ઈબાદત ન થઈ અને જ્યારે તે તા'ઝીમ કરનાર લોકો મૃત્યુ પામ્યા અને ઈલ્મ ખતમ થઈ ગયો ત્યાર બાદ તેની (પ્રતિમાઓની) ઈબાદત (પૂજા) થવા લાગી. *(સહીહ બુખારી, કિતાબુત્તફાસીર, બાબ વુદ્દ વ સવાઅ, ભાગ : ૨, પેજ : ૭૩૬)*

આ હદીષ નક઼લ કર્યા પછી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અબ્દ બિન હુમૈદની તફસીર (ના હવાલા)થી અબૂ જાફર બિન અલ્ મોહલ્લબનો ક઼ૌલ (કથન) નક઼લ ફર્માવે છે :–

અબૂ જાફરે કહ્યું કે, ''વુદ્દ'' એક મુસલમાન વ્યક્તિ હતો. તેની ક઼ૌમ તેનાથી ઘણી મહોબ્બત કરતી હતી. જ્યારે તે (મુસલમાન) મૃત્યુ પામ્યો તો બાબુલ શહેરમાં લોકો તેની ક઼બ્રની પાસે જમા થયા અને તેની જુદાઈથી બેચૈન થઈ ઉઠયા તથા સબર ન કરી શક્યા. શૈતાને જ્યારે તે વ્યક્તિના મૃત્યુ પછી લોકોને તેની જુદાઈમાં બેચૈન તથા બેસબ્ર જોયા (તો તેને લઈને) મૌક઼ાથી ફાયદો ઉઠાવી માનવના સ્વરૂપમાં લોકો પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, હું આ વ્યક્તિના મૃત્યુ પર તમારી બેચૈની તથા બેસબ્રીને જોઈ રહ્યો છું. જો તમે ઈચ્છતા હોઉ તો હું તમને બિલ્કુલ આની (મૃત્યુ પામેલ નેક વ્યક્તિ) જેમ તેની તસ્વીર બનાવી આપું, પછી તે તમારી મજલિસમાં રહે અને તેને જોઈને તમને તેની યાદ (આવતી) રહે. લોકોએ કહ્યું, આ તો સારી યુક્તિ છે ! ત્યાર બાદ શૈતાને મુરીદો તથા (તે વ્યક્તિના) અક઼ીદતમંદો માટે તેની તસ્વીર બનાવી આપી, અને તે લોકોએ તે જ તસ્વીરને પોતાની મજલિસોમાં સજાવીને રાખી મૂકી અને તેને યાદ કરવા લાગ્યા. ફરી શૈતાને આવીને કહ્યું કે, શું હું તમારામાંથી દરેકના માટે તેની તસ્વીર બનાવી આપું ?! જેથી દરેક માણસ તેને પોતાના ઘરમાં રાખે અને તેની યાદ તાજી રહે. લોકોએ કહ્યું, આ બિલ્કુલ ઠીક છે ! ત્યાર બાદ તેણે (શૈતાને) દરેક ઘરવાળાઓ માટે બિલ્કુલ તે (નેક વ્યક્તિ) જેવી તસ્વીરો (ફોટાઓ) તૈયાર કરીને આપી દીધી. લોકોનું ધ્યાન તે (નેક વ્યક્તિ) તરફ વધી ગયું અને તેનો ફોટો જોઈને તેને યાદ કરતા રહ્યા. રાવી (રિવાયત કરનાર) કહે છે કે ત્યાર બાદ તેમની ઔલાદનો યુગ આવ્યો. તે ઔલાદે પોતાના મોટાઓને આ બધુ કરતાં જોયા હતા. વંશવેલો આગળ વધ્યો, જહાલત (અજ્ઞાનતા) ફેલાવા લાગી અને પછી તે જ યાદગારને ઈબાદત (પૂજા) બનાવી દેવામાં આવી, અને ખુદા સમજીને તેની પૂજા થવા લાગી. રાવી (અબૂ જાફર બિન અલ મુહલ્લબ) ફર્માવે છે, સર્વ પ્રથમ ધરતી ઉપર અલ્લાહ તઆલા સિવાય જે મૂર્તિની ઈબાદત (પૂજા) કરવામાં આવી તે આ જ વ્યક્તિ છે જેનું નામ ''વુદ્દ'' છે. *(દુર્રે મન્ષૂર અબ્દ બિન હુમૈદના હવાલાથી, આયત : ૨૩, સૂરએ નૂર ૬ ની તફસીરમાં, ભાગ : ૮, પેજ : ૨૭૩)*

તફસીરમાં વર્ણન થયેલ આ વાક઼ેઆને નક઼લ કરીને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એવી વિચારશૈલી

આપવા માંગે છે કે દુનિયામાં અધિક્તર આમ જ બન્યું છે કે મહોબ્બત તથા અક઼ીદત (શ્રદ્ધા) જ ધીરે ધીરે ઈબાદત તથા પૂજા બની ગઈ અને મહબૂબ તથા ઈજ્જતવાળા લોકોને આ રીતે ખુદા બનાવી દેવામાં આવ્યા.

તફસીરના ઉપરોક્ત વાકેઆની રોશનીમાં આમ પણ કહી શકાય છે કે અંબિયા, અવલિયા, મશાઈખ, **પીરો તથા બુઝુર્ગોની તસ્વીરો (ફોટાઓ) બનાવનાર, છાપનાર અથવા વેચનાર તથા વહેંચનાર બધા જ શૈતાનનું કામ કરી રહ્યા છે.** ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ ઠેકાણે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત થયેલ બુખારી તેમજ મુસ્લિમની તે હદીષ પણ નક઼લ ફર્માવી છે જેનો તર્જુમો તથા ખુલાસો આ પ્રમાણે છે કે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે :–

''જ્યારે હુઝૂર ﷺ બીમાર પડયા તો આપની બીવીએ એક ગિર્જા (ઘર)ની વાત છેડી જેનું નામ ''મારિયા'' હતું. હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا તથા હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ''હબશા''ની હિજરત સમયે તે ગિર્જાને જોઈ ચૂક્યાં હતાં. તેણીઓએ તે ગિર્જાની ખૂબસૂરતી તથા તેમાં રાખેલ તસ્વીરોનું વર્ણન કર્યું. તો હુઝૂર અક઼દસ ﷺએ સર મુબારક ઉઠાવી ફર્માવ્યું, ''જ્યારે તે લોકોમાં કોઈ નેક તથા સાલેહ વ્યક્તિનો ઈન્તેક઼ાલ થઈ જતો તો તેની ક઼બ્ર ઉપર મસ્જિદ બાંધતા અને પછી તે તસ્વીરોને તેમાં સજાવીને રાખી દેતા. આવા લોકો અલ્લાહ તબારક વ તઆલા નઝદીક સૌથી બૂરી મખ્લૂક઼ છે.'' *(સહીહ બુખારી, ભાગ : ૧, પેજ : ૧૭૯, કિતાબુલ્ જનાઈઝ)*

ત્યાર બાદ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ આ હદીષની શરહ (સમજૂતી)માં હઝરત મુલ્લા અલી ક઼ારી મક્કી رحمۃ اللہ علیہનો ક઼ૌલ નક઼લ ફર્માવે છે કે તેઓ લખે છે :–

''હદીષ શરીફમાં છે કે તે નાદાન લોકો સારા તથા નેક લોકોની તસ્વીરો બનાવીને પોતાની ઈબાદતગાહોમાં સજાવીને રાખતા જેથી તેમની યાદ આવતી રહે અને તેના દ્વારા ખુદા તઆલાની ઈબાદત તરફ રૂચી (શોખ) પૈદા થાય. ત્યાર બાદ તેમના પછી જ્યારે બીજા લોકો દુનિયામાં આવ્યા તો શયતાને (તેમનાથી) પહેલાંઓનાં કારનામાંઓને આ આવનાર પેઢી સામે સુશોભિત અંદાઝમાં રજૂ કર્યાં અને તેમને કહ્યું, તમારા મોટા વડીલો આ તસ્વીરોની પૂજા, ઈબાદત કરતા હતા ! તો પછી આ લોકો પણ તેમની ઈબાદત (પૂજા)માં વ્યસ્ત થઈ ગયા.'' *(મિશ્ક઼ાત શરહે મિશ્કાત, કિતાબુલ્લિબાસ, બાબુત્તસાવીર, ભાગ : ૪, પેજ : ૪૯૧)*

શક્ય છે કે કોઈના દિલમાં એ ખયાલ પૈદા થાય કે આમ લોકોની તસ્વીરો બનાવવી નાજાઈઝ તથા હરામ છે પરંતુ બુઝુર્ગાને દીનની તસ્વીરો મહોબ્બત તથા અક઼ીદતની નિય્યતથી બનાવીને રાખવામાં કોઈ વાંધો નથી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આ ફાસિદ તથા બાતિલ ખયાલનો રદીયો પોતાના અંદાઝમાં આ રીતે ફર્માવે છે :–

''અને આ (વિષયમાં) કોઈ દીની બુઝુર્ગની તસ્વીર હોવું ઉઝર (બહાનું) નથી બની શકતું અને ન તો તે બહાનું (ફોટા બનાવવાના) ભયાનક વબાલ (સજા)થી બચાવી શકે છે. બલ્કે દીની બુઝુર્ગોની તસ્વીર વધારે વબાલ તથા સજાનું કારણ છે. (એટલે કે બુઝુર્ગાને દીનની તસ્વીરો રાખવામાં વધારે ખતરો તથા વધારે અઝાબ છે) કેમ કે તેની તા'ઝીમ કરવામાં આવશે અને જાનદારની તસ્વીરની તા'ઝીમ (સન્માન) ખાસ (મૂળ એ જ) મૂર્તિપૂજાની સ્થિતિ છે અને મિલ્લતે ઈસ્લામીની ખુલ્લી મુખાલેફત છે.

ત્યાર બાદ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સહીહ બુખારી સુનને અબૂ દાઊદની હદીષોમાંથી સીરતે મુસ્તફા ﷺ વિશે એક વાક઼્યો નકલ ફર્માવે છે, જેનો ખુલાસો આ પ્રમાણે છે :–

''આપણા સરકાર ﷺ પછી સૌથી અફઝલ નબી હઝરત ઈબ્રાહીમ علیہ السلام છે. તેમની તથા તેમના સાહબઝાદા હઝરત ઈસ્માઈલ علیہما السلام તથા હઝરત મરયમની તસ્વીરો ખાનએ કા'બાની દીવાલો ઉપર

છપાયેલી હતી. જ્યારે મક્કા ફતહ થયું તો હુઝૂર ﷺએ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہને મોકલીને તે તમામ તસ્વીરો મિટાવી નાખી. જ્યારે આપ ﷺ પોતે તશરીફ લાવ્યા તો તસ્વીરોના થોડા થોડા નિશાનો બાકી રહી ગયાં હતાં તો પાણી મંગાવીને પોતાના હાથ વડે તેને (તસ્વીરોને) ધોઈને સાફ ફર્માવી, અને તે તસ્વીરો બનાવનારાઓ વિશે ફર્માવ્યું, "અલ્લાહ તબારક વ તઆલા તેઓને હલાક કરે !"

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની આ કિતાબ "અલ્ અતાયલ્ કદીર ફી હુકમી તસ્વીર" અલગથી પણ કેટલીયેવાર છપાઈ ચૂકેલ છે. અને ફતાવા રઝવિય્યહ્ જે રઝા ફાઉન્ડેશન લાહોરથી છપાયેલ છે તેના ચોવીસમા ભાગમાં પેજ : ૫૭૨ થી લઈને ૬૪૨ સુધીમાં જોઈ શકાય છે. **સૈંકડો આયતો તથા હદીષો અને ઈમામોના અક઼વાલ દ્વારા જાનદારની તસ્વીર (ફોટો) બનાવવી, બનાવડાવવી તથા પાસે રાખવાને નાજાઈઝ સાબિત કર્યું છે અને એ સ્પષ્ટતા પણ કરી આપી છે કે બુઝુર્ગોની તસ્વીરો રાખવામાં વધુ ગુનોહ છે તથા બુત પરસ્તી (મૂર્તિ પૂજા)નો ખતરો છે.**

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની આ કિતાબને પઢવાની તથા પઢીને સંભળાવવાની સખત જરૂરત છે તથા તેની ઉપર અમલ કરવાની પણ જરૂરત છે. આજે ફોટા પાડવા માટેના સાધનો ઘેરે ઘેર વધુ સંખ્યામાં જોવા મળે છે. અવામને ખાસ કરીને તાકીદ કરવામાં આવે કે તેઓ **કોઈ પણ જાનદારની ખાસ કરીને ઉલમાએ દીન તથા બુઝુર્ગાને દીનની તસ્વીરો કદાપિ ન બનાવે અને ન તેને રાખે,** નહીં તો શૈતાન ક્યારેય પણ પોતાનો દાવ રમી શકે છે અને મહોબ્બત તથા અક઼ીદત બુત પરસ્તી (મૂર્તિ પૂજા)માં ફેરવાઈ શકે છે. અને **મૂર્તિપૂજા ન પણ હોય તો પણ જાનદારની તસ્વીરો બનાવવી તથા રાખવી હરામ તો છે જ ! તો પછી હરામ કામ કરવાની શું જરૂરત છે ?! શું જહન્નમના અઝાબને લોકો આસાન સમજી રહ્યા છે ? ભાઈઓ ! આંખો ખોલો ! હોશમાં આવો ! અને મૌત તથા ક઼બ્રને દૂર ન સમજો !**

મોટા ભાગે જોવા મળે છે કે બુઝુર્ગો, અલ્લાહના મહબૂબ તથા પ્યારા બંદાઓના ફોટાઓ બજારોમાં ખાસ કરીને ઉર્સો તથા મેળાઓમાં જોરશોરથી વેચવા તથા ખરીદવામાં આવે છે. આવા સમયમાં ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની પવિત્ર તા'લીમાતને પબ્લિક સુધી પહોંચાડવાની જરૂરત છે. જે રીતે ગુસ્તાખો તથા બેઅદબ લોકોનો રદીયો કરવો તેમજ બુઝુર્ગાને દીન તથા ઔલિયાએ કિરામ, અંબિયાએ કિરામ સાથે મહોબ્બત તથા અક઼ીદત શીખવવી જરૂરી છે, એ જ પ્રમાણે આ અક઼ીદત તથા મહોબ્બતમાં (શરીઅતની) સીમાઓ પાર કરી ચૂકેલ લોકોને સીધા માર્ગે લાવવાની કોશિશ કરવી જરૂરી છે. ક્યાંક એવું ન બની જાય કે બુઝુર્ગો સાથેની મહોબ્બત તેમની ઈબાદતનું રૂપ ધારણ કરી લે અને તેઓ તેમનું જ નામ લેતા રહે અને અલ્લાહના ઝિક્ર તથા શુક્ર તથા ઈબાદત નમાઝ, રોઝા વગેરેથી ગાફિલ થઈને દૂર થઈ જાય ! શિર્ક તથા કુફ્રના દરવાજાઓને બંધ કરવા માટે જરૂરી છે કે કોઈપણ બુઝુર્ગની તસ્વીર જે કોઈ પાસે હોય તેને તરત જ દફન કરી નાખે.

હે મારા મુસલમાન ભાઈઓ ! આવનાર પેઢી માટે ગુમરાહીના દરવાજા તથા રસ્તાઓ ખોલી ન જાવ ! મખ્લૂક઼માં કોઈને કોઈની પણ સાથે મહોબ્બત હોય, અક઼ીદત હોય, ઈશ્ક઼ હોય, તેની તરફ રૂચી હોય, તેનાથી લગાવ હોય, દિલમાં તેના પ્રત્યે ઈજ્જત તથા સન્માન હોય, તો આ સર્વ જાઈઝ છે જો તે શરીઅતની હદમાં રહીને હોય તો. પરંતુ ઈબાદત માત્ર અલ્લાહની જ છે. ઈશ્કો મહોબ્બત માટે એક મર્યાદા હોવી જોઈએ. અને તેના ઉપર કંટ્રોલ કરવો જોઈએ અને કંટ્રોલની મર્યાદાનો અર્થ એ જ છે કે મહોબ્બત ક્યાંક ઈબાદત તથા પૂજા ન બની જાય અને મહબૂબ તથા માશૂક઼ ક્યાંક મઅબૂદ તથા ખુદા ન બની જાય ! –*(હવાલો : ઝિક્રે ખુદા ઔર ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

# ઈલ્મ તથા ઉલમાની ફઝીલત

## અને આપણે

રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ–પારખેત** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

લેખ હરીફાઈમાં પ્રથમ નંબરે આવનાર લેખ

મારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈસ્લામ ઈલ્મ વિશે શું તા'લીમ આપે છે ? ઈસ્લામની ઈલ્મી દૃષ્ટિ શું છે ? સૌ પ્રથમ આપણે એ વાતને જાણીએ કે ઈસ્લામી દૃષ્ટિકોણથી ઈલ્મ અને ઈન્સાન લાઝિમ (જરૂરી) તથા મલ્ઝૂમ (જરૂરતવાળા) એટલે એકબીજાનાં પૂરક છે. જ્યાં ઈલ્મ જોવા મળશે, ત્યાં માણસ જોવા મળશે, અને જ્યાં માણસ મળશે ત્યાં ઈલ્મ મળશે. એટલા માટે કે માણસ અક્કલ તથા વિચાર અને ચિંતનના જીવંત વજૂદને કહે છે. દુનિયાની બીજી મખ્લૂક઼ અને માણસ વચ્ચે આ જ મૂળ તફાવત છે.

પ્યારા દીની ભાઈઓ ! આજના સમયમાં એ વાતની સખત જરૂરત છે કે ઈલ્મ અને ઉલમાની ફઝીલત અને વિશિષ્ટતાને ઉજ્જવળ કરવામાં આવે, ક઼ૌમને ઈલ્મવાળાઓનો મર્તબો જણાવવામાં આવે, ઈલ્મની તરફ તેમનું ધ્યાન દોરવામાં આવે કે તેમનાં બાળકોને ઈલ્મે દીન હાંસલ કરાવવા માટે તેમને ધ્યાનિત કરવામાં આવે જેથી ઈલ્મની રોશની ફેલાય અને જહાલતનું અંધારું દૂર થાય અને તેમનો ખોવાયેલો વકાર તથા દબદબો ફરી પાછો મળી શકે. ફક્ત આ જ હેતુ માટે તમારી સમક્ષ ઈલ્મ તથા ઉલમાની ફઝીલત રજૂ કરીશ જેના દ્વારા ઈલ્મ તથા ઉલમાનુ મહત્વ સમજી શકાય.

### ★ માણસની મહાનતાની શરૂઆત જ ઈલ્મથી ! ★

મારા દીની ભાઈઓ ! ઈલ્મ ખુદાની એક અઝીમ નેઅમત છે. જેની ઘણી જ ફઝીલત ક઼ુર્આન શરીફ તથા હદીષ શરીફમાં આવેલ છે. પ્યારા મિત્રો ! માણસની શરૂઆત ક઼ુર્આને મુક઼દ્દસના હવાલાથી ઈલ્મ દ્વારા થતી જોવા મળે છે. માણસનું મહત્વ ઈલ્મ દ્વારા જ દર્શાવવામાં આવ્યું છે. તમે જરા વિચારો કે અલ્લાહ તઆલાએ જ્યારે માણસને પેદા કરવાનો ફૈંસલો કર્યો તો ઈર્શાદ ફર્માવ્યો, "હું જમીન પર પોતાનો નાયબ પેદા કરવા ઈચ્છુ છું." *(સૂ. બક઼રહ્, આયત : ૩૦)*

અને ત્યાર બાદ હઝરત આદમ عليه السلامને પેદા ફર્માવ્યા. તેમની પયદાઈશ પહેલાં ફરિશ્તાઓએ ખુદાની બારગાહમાં બહુ જ અદબથી એક વાત અર્ઝ કરી હતી કે, "હે અલ્લાહ ! શું તુ જમીન પર એવી મખ્લૂક઼ પૈદા કરીશ જે ખૂનરેઝી કરે, જમીનને ફસાદથી ભરી દે." *(સૂ. બક઼રહ્, આયત : ૩૦)* તો અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, "હું જે જાણું છું તે તમે નથી જાણતા." *(સૂ. બક઼રહ્, આયત : ૩૦)*

ત્યાર બાદ શું થયું ? તો ક઼ુર્આને મજીદ ઈર્શાદ ફર્માવે છે, "હઝરત આદમ عليه السلامને સઘળી વસ્તુઓના નામ શીખવાડી દેવામાં આવ્યાં." *(સૂ. બક઼રહ્, આયત : ૩૦)*

પ્યારા મિત્રો ! પ્રથમ તો આદમ عليه السلامને તમામ વસ્તુઓનાં નામ શીખવાડી દેવામાં આવ્યાં અને પછી ફરિશ્તાઓને હુકમ આપવામાં આવ્યો કે સજદો કરો, કઈ વાતનો સજદો કરાવવામાં આવ્યો હતો ? ફરિશ્તાઓની તે અઝીમ પેશાની જે ખુદાની બારગાહમાં ઝુકતી હતી, તેને એક માણસની સામે તા'ઝીમ માટે ઝુકાવી દેવામાં આવી હતી, આવું શા માટે ?! શું હઝરત આદમ عليه السلامના શરીર સામે ઝુકાવવામાં આવ્યા હતા ?! તેમના ચહેરા સામે

ઝુકાવાયા હતા ? જો આવું હોત તો હઝરત આદમ عليه السلام પૈદા થયા ત્યારે જ સજદો કરાવવામાં આવતો! પરંતું પહેલાં તેમને ઈલ્મ આપવામાં આવ્યો અને પછી સજદો કરાવવામાં આવ્યો. જાણવા મળ્યું કે આખુ જગત ત્યારે તમારી સામે ઝુકશે જ્યારે તમને ઈલ્મ હાંસલ થઈ જાય, જ્યારે તમને ઈલ્મની દૌલત મળી જશે પછી તમે દુનિયાને ઝુકાવી શકશો. અને આ વિચારધારા કોણ આપી રહ્યું છે ? આ વિચાર અલ્લાહની મુકૃદ્દસ કિતાબ આપી રહી છે. આ દૃષ્ટિ કુર્આને મજીદ આપી રહ્યું છે. પ્યારા ભાઈઓ ! કુર્આન પર અમલ કરવો દરેક મુસલમાન માટે જરૂરી છે અને કુર્આન બતાવી રહ્યું છે કે માણસની શરૂઆત ઈલ્મથી છે, ઈલ્મથી જ માણસને મહત્વ મળી શકે છે. એટલા માટે કુર્આનની તા'લીમને નજરો સમક્ષ રાખી ઈલ્મ પ્રાપ્ત કરો અને દુનિયા તથા આખેરતમાં કામયાબ થાવ. જો કે શરીઅતે મુહમ્મદી (صلى الله عليه وسلم)માં અલ્લાહ સિવાય અન્યને "તાઝીમી સિજદો" **હરામ** છે અને "ઈબાદતનો સિજદો" **કુફ્ર** છે અને આપણા માટે શરીઅતે મુહમ્મદી પર ચાલવું **ફર્ઝ** છે.

## ★ ઈલ્મની ફઝીલત ★

મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ઈલ્મની ઘણી જ ફઝીલત છે. ઈલ્મ તરક્કીનું નિશાન તથા વિશિષ્ટતા અને મહત્વતાનું જામીન છે. ઈલ્મ વગર ખુદાની પેહચાન પણ નથી થઈ શક્તી જેમ કે શૈખ સઅ્દી رحمة الله عليه ફર્માવે છે, "બે ઈલ્મ ખુદાને ઓળખી નથી શક્તો." અને આ જ ઈલ્મના કારણે હઝરત આદમ عليه السلامને ફરિશ્તાઓ પર ફઝીલત પ્રાપ્ત થઈ. હુઝૂર عليه السلامએ ઈલ્મની પુષ્કળ ફઝીલત બયાન ફર્માવી છે. હઝરત મઆઝ બિન જબલ رضى الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ عليه السلامએ ઈર્શાદ ફર્માવ્યો, "ઈલ્મ શીખો કે તેનું શીખવું અલ્લાહનો ખૌફ પૈદા કરે છે, તેને પ્રાપ્ત કરવું ઈબાદત છે, તેની ચર્ચા તસ્બીહ છે, તેના વિશે ચર્ચા જેહાદ છે. બે ઈલ્મને ઈલ્મ શીખવાડવું સદકો છે, અને શીખવા લાયક હોય તેને શીખવાડવું નેકી છે, કેમ કે ઈલ્મ હલાલ તથા હરામ બતાવવાવાળો અને જન્નતવાળાઓના રસ્તા રોશન કરવાવાળો છે. વેહશત (ગભરાહટ)માં મિત્ર અને મુસાફરીનો સાથી છે. એકલતામાં વાતો કરવાવાળો અને ખુશહાલી તથા તંગીમાં દલીલ છે. શત્રુઓના વિરુદ્ધ હથિયાર અને મિત્રો નજીક શણગાર છે. અલ્લાહ તઆલા તેના (ઈલ્મ) કારણે કેટલીયે કૌમને બુલંદ ફર્માવે છે તો તેમને નેકી પર એવી પકડ અતા ફર્માવે છે કે તેમના પગલાં તથા કારનામાઓનું અનુકરણ કરવામાં આવે અને તેમની રાય (મશ્વરા)ને હર્ફે આખિર (પ્રબળ) માનવામાં આવે છે. ફરિશ્તાઓ તેમની દોસ્તીમાં આકર્ષણ રાખે છે અને પોતાની પાંખો વડે તેમને સ્પર્શે છે. તેમના માટે દરેક સૂકુ, ભીનું, સમુદ્રની માછલીઓ તથા કીડા મકોડા અને ખુશ્કીના જંગલી જાનવરો તથા ચરવાવાળા બધાં જ દુઆએ મગફિરત કરે છે. કેમ કે ઈલ્મ જહાલતની મૌતથી બચાવી દિલોને જીવન આપે છે, અને અંધારુ દૂર કરી આંખો સમક્ષ રસ્તાનો દીપક ઉજ્જવળ કરે છે. ઈલ્મની બરકતથી બંદો દુનિયા તથા આખેરતની મંઝિલોમાં ઊંચા દરજ્જાઓ મેળવી લે છે. તેમાં વિચાર વિમશ રોઝાના સમાન છે ! અને તેને શીખવું શીખવવું નવાફિલ અદા કરવા બરાબર છે. તેની જ બરકતથી મહેરબાની થઈ શકે છે અને તેના જ લીધે હલાલ તથા હરામ ઓળખાય છે. તે અમલથી પહેલાં છે, અમલ તેનો તાબેદાર છે, ખુશબખ્તોના દિલમાં નાખવામાં આવે છે અને બદ્‌બખ્તોને તેનાથી મેહરૂમ રાખવામાં આવે છે. *(અત્તરગીબ વત્તરહીમ : ૧/૫૫)*

વ્હાલા વાંચક મિત્રો ! ઉપરોક્ત હદીષ ફરીવાર વાંચી જાવ અને જરાક વિચારો ! કે વસ્તુ એક જ છે, એક જ ઈલ્મ છે પરંતુ તેમાં ઈબાદતથી લઈ સદકા અને જેહાદ સુધી સવાબ છે. એક જ ઈલ્મ છે જે પોતાનામાં જન્નતનો રસ્તો બતાવવાની, એકલતાનો નાશ કરવાની, મિત્ર બનાવવાની, હથિયાર બનવાની તથા મગફિરતની દુઆની ક્ષમતા ધરાવે છે. તો પછી આપણે શા માટે જહાલત પસંદ કરીએ છીએ ?! અરે ! આજે લોકોને કોઈ કહે છે કે ફલાણા ટી.વી. સાથે આટલી ફિલ્મોની ડીવીડી ફ્રી મળે છે ! તો

લોકોનો હાલ એ છે કે આવા ગુનાહોથી ભરપૂર કામો તરફ દોડીને જાય છે, પરંતુ જે ઈલ્મ પોતાનામાં આટલી બધી ખૂબીઓ ધરાવે છે તેનાથી મુસલમાનો બહુ દૂર છે. હું પૂછવા માગું છું કે જ્યારે તમે ગુનાહ તરફ વધી શકો છો તો નેકી તરફ કેમ નહીં ?! આવો ! અને ખુદાની આ અઝીમ નેઅમત ઈલ્મે દીન પ્રાપ્ત કરી તેની ફઝીલતથી દુનિયા તથા આખેરતમાં લાભ મેળવો.

બીજી વાત એ કે ઉપરોક્ત હદીષમાં હુઝૂર ﷺએ એ વાત બિલ્કુલ સ્પષ્ટ બયાન ફર્માવી છે કે ખુશનસીબને જ ઈલ્મ આપવામાં આવે છે. હુઝૂર ﷺએ ઈલ્મને ખુશનસીબીનુ નિશાન બતાવ્યુ છે. હવે જે ખુશનસીબ બનવા ઈચ્છતો હોય તે ઈલ્મ પ્રાપ્ત કરે, નહીં તો ઉપરોક્ત હદીષ મુજબ જાહિલ તો બદ્નસીબ છે જ !

## ★ ઈલ્મ અંબિયાનો વારસો ★

આકાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ઈલ્મ મારી મીરાષ (વારસો) છે, અને મારા પહેલાં જે અંબિયા ગુજર્યા તેમની પણ મીરાષ છે." *(કન્ઝુલ ઉમ્માલ)*

અને હઝરત અબ્બાસ رضی اللہ عنہએ રિવાયત કરી છે કે રહમતે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હઝરત સુલયમાન علیہ السلامને માલ, સલ્તનત અને ઈલ્મની વચ્ચે ઈખ્તિયાર આપવામાં આવ્યો તો તેમણે ઈલ્મને પસંદ ફર્માવ્યો, જેથી ઈલ્મ મેળવવાના કારણે રાજપાટ અને માલથી પણ સરફરાઝ કરાયા." *(કન્ઝુલ ઉમ્માલ, પેજ : ૮૭)*

પ્યારા ભાઈઓ ! ઈલ્મ અંબિયા علیہم السلامનો વારસો છે અને રાજપાટ તથા ઈજ્જત તેનાથી જ મળે છે. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ઈર્શાદ ફર્માવ્યો, "ઈલ્મ અંબિયા علیہم السلامનો વારસો છે અને માલ ફિરઔનનો." આ ઉપરથી સાબિત થયું કે ઈલ્મ તો અફઝલ છે પરંતુ માલ એક વબાલ છે. આજે મુસલમાનો માલની પાછળ આંધળા બની દોડે છે જેને હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફિરઔનનો વારસો કહ્યો, પરંતુ તે ઈલ્મ નથી શીખતા જેને હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ તથા ખૂદ હુઝૂર ﷺએ પોતાનો તથા અંબિયાનો વારસો ગણાવ્યો. પણ યાદ રાખશો કે માલ બુરો નથી તેની મહોબ્બત બુરી છે. અને ખરેખર તો દુનિયાની દૌલત દૌલત જ નથી બલ્કે સાચો માલ તો ઈલ્મ છે. જેમ કે મદની આકા علیہ السلامએ ઈર્શાદ ફર્માવ્યો, "ઈલ્મ પ્રાપ્ત કરો જો તમારા માટે માલ પણ હશે તો ઈલ્મ તમારા માટે ખૂબસૂરત હશે અને જો તમારા માટે માલ નહીં હોય તો ઈલ્મ જ તમારા માટે માલ હશે." *(તફસીરે કબીર)*

## ★ ઈલ્મ જ જન્નતનો માર્ગ ! ★

મારા વ્હાલા ભાઈઓ ! ઈલ્મ જન્નતમાં લઈ જનાર તથા ઈબાદતથી બેહતર છે. જેમ કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "દરેક વસ્તુનો એક રસ્તો છે અને જન્નતનો રસ્તો ઈલ્મ છે."

અને બીજી જગ્યાએ હઝરત અબ્બાસ رضی اللہ عنہએ રિવાયત કરી છે કે, "જે વ્યક્તિ ઈલ્મની શોધમાં હશે જન્નત તેની શોધમાં હશે, અને જે વ્યક્તિ ગુનાહની શોધમાં હશે જહન્નમ તેની શોધમાં હશે." *(કન્ઝુલ ઉમ્માલ)*

સુબ્હાનલ્લાહ ! મને બતાવો કે કોણ જન્નતમાં જવા નથી ઈચ્છતું ?! દરેક વ્યક્તિ જન્નતમાં જવા ઈચ્છે છે, પણ શું આજે મુસલમાનો જન્નતના રસ્તા પર ચાલે છે ? અને બીજી વાત તો એ છે કે આપણે જન્નતમાં જવાની ઈચ્છા કરીએ છીએ જ્યારે કે ઈલ્મ મેળવવાથી જન્નત પોતે આપણી શોધમાં નીકળે છે ! પણ આજે મુસલમાનોનો હાલ એ છે કે કલાકો સુધી ટી.વી. સામે બેસી સમય વેડફાય છે અથવા ચોરા પર ઊભા રહી ગપસપમાં અને રજાના દિવસને તો ખાસ કરીને ગુનાહોમાં પસાર કરવાની કોશિશ કરવામાં આવે છે, પણ જ્યારે તેમને કહેવામાં આવે કે કોઈ ઈલ્મી મજલિસોમાં કે ભરૂચ નૂરી તર્બિયતી સેન્ટર પર આવી ઈલ્મ હાંસલ કરો ! તો જાત જાતના બહાનાં કાઢે છે અને જન્નતના માર્ગથી દૂર ભાગે છે.

હવે મને જણાવો કે જ્યારે તમે જન્નતના માર્ગે જ નહીં ચાલો તો જન્નતમાં કેવી રીતે જશો ?! જો જન્નતમાં જવા ઈચ્છતા હોઉ તો ઈલ્મ પ્રાપ્ત કરો અને ગુનાહોથી બચી જહન્નમથી બચવાનો પ્રયત્ન કરો.

### ★ ઉલમાની ફઝીલત ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ઉલમાએ કિરામની ફઝીલત તથા તેમની ખૂબીઓ હું બયાન કરી શકું એ શક્ય જ નથી, કારણ કે તે નાઈબે રસૂલ છે અને તેમની ફઝીલત ખૂદ હુઝૂર ﷺએ બયાન ફર્માવી છે. પરંતુ આજે તો લોકો તેમને પોતાના ગુલામ સમજે છે ! પોતે જાહિલ હોઈ જહાલતને પસંદ કરે છે પણ ઉલમાના ઈલ્મની પણ કદર નથી કરતા. આવો ! તમારી સામે કેટલીક હદીષ શરીફ રજૂ કરું છું જેને વાંચી પોતાના દિલોમાં ઉલમાએ કિરામની અક઼ીદત તથા મહોબ્બત પેદા કરો.

### ★ આલિમની ફઝલિતમાં ફરિશ્તાનું એલાન ★

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહ તઆલાએ અર્શના નીચે એક બહુ જ ખૂબસૂરત શહેર બનાવ્યુ છે, જેના દરવાજા પર ફરિશ્તો એલાન કરતો રહે છે કે, "અય લોકો ! સાંભળી લો જેણે આલિમની ઝિયારત (દર્શન) કરી તેણે અંબિયાની ઝિયારત કરી, જેણે નબીની ઝિયારત કરી જાણે તેણે ખાલિક઼ (ખુદા)ની ઝિયારત મેળવી, અને જેણે રબની ઝિયારત કરી તે જન્નતનો હક્ક઼દાર છે." હવે જેના દિલમાં જરાય હુઝૂર ﷺની મહોબ્બત હશે તેના માટે નાઈબે રસૂલ એટલે કે ઉલમાએ કિરામની ફઝીલત સમજવા માટે આ એક જ હદીષ પૂરતી છે.

### ★ નહીં તો તું બર્બાદ ! ★

નબીએ અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "તું આલિમ બન અથવા તાલિબે ઈલ્મ બન અથવા ઈલ્મની મજલિસમાં સામેલ થા અથવા ઉલમા કે તલ્બાથી મહોબ્બત કરવાવાળો બન, નહીં તો તું બર્બાદ થઈ જશે." *(નુઝહતુલ મજાલિસ)*

આજે મુસલમાનો કેમ બર્બાદ થઈ રહ્યા છે તેનું કારણ ઉપરોક્ત હદીષ શરીફથી જાહેર થઈ ગયું. આજે બેશુમાર મુસલમાનો ઈલ્મ, ઉલમા, તેમના દર્સ અને તેમની મહોબ્બતથી પોતાનું દામન બચાવીને ફરે છે. આજે જરૂરત એ વાતની છે કે રસ્તાઓ પર બેસી શયતાની કામો કરતા હિરો હિરોઈનોની, ક્રિકેટરોની તારીફ તથા ઉલમાની ગીબત કરવાના બદલે ઉલમાની પાસે બેસી ઈલ્મ મેળવો. જો પોતાને બર્બાદીથી બચાવવા ઈચ્છતા હોઉ તો ઈલ્મ પ્રાપ્ત કરો, ઈલ્મની મજલિસમાં સામેલ થાવ અને ઉલમા તથા તલ્બાથી મહોબ્બત કરો ઈન્શાઅલ્લાહ ! બર્બાદીથી બચી જશો.

### ★ ઉલમાની તા'ઝીમ ★

વ્હાલા વાંચક મિત્રો ! આજકાલ ઉલમાની નાક઼દ્રી આમ છે. ઉલમાએ દીનને બુરુ કહેવું કેટલાક લોકોનું રોજિંદા કામ બની ગયું છે. કેટલાક આખેરતથી ગાફિલ લોકો એકાદ બેઅમલ આલિમનું દષ્ટાંત લઈ બધા જ ઉલમાને ગાળો ભાંડવી તથા તેમને બુરુ કહેવાને પોતાનો પયદાઈશી હક્ક઼ સમજે છે. આવા લોકો માટે ફક્ત આ જ હદીષ શરીફ પૂરતી છે જેને હઝરત અબૂ ઉમામ رضی اللہ عنہએ રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "ઉલમાના હક્ક઼ને હલકો ન જાણશે પણ મુનાફિક઼." *(જામેઉલ અહાદીષ)*

અને બીજી હદીષમાં ફર્માવ્યું, "જે અમારા આલિમોનો હક્ક઼ ન ઓળખે તે મારી ઉમ્મતથી નથી." *(જામેઉલ અહાદીષ)*

મારા ભાઈઓ ! ફક્ત આલિમે દીનના હક્ક઼ને હલકો સમજવાવાળાને હુઝૂર ﷺએ મુનાફિક઼ ગણાવ્યો, તો હવે તે લોકોની શી હાલત થશે જે ઉલમાની બિલ્કુલ ક઼દર નથી કરતા ? અને તેવા લોકોનું આખેરતમાં શું ઠેકાણુ થશે જે હમેશાં ઉલમાની બુરાઈમાં લાગેલા રહે છે ! માટે મહેરબાની કરી ઉલમાની તા'ઝીમ કરો અને તેમની તૌહીનથી બચો.

## ★ આલિમની ખામીઓ કાઢવી બર્બાદીનું કારણ ★

પ્યારા ભાઈઓ ! આલિમે દીનનો મર્તબો જ્યાં સુધી નહીં સમજો ત્યાં સુધી તેમનો હક્ક કેવી રીતે અદા કરશો ? યાદ રાખો કે ઉલમાનો હક્ક એ છે કે તેમનો અદબ કરો, તેમની જરૂરતોનો ખ્યાલ રાખો અને તેમની ગીબત ન કરો. પણ આજે લોકોની હાલત એવી છે કે આલિમોના ઐબની શોધમાં રહે છે અને જ્યાં કોઈ નાની વાત પણ મળે છે કે ગીબત કરવાનુ શરૂ કરી દે છે અને એવું સમજે છે કે બહુ મોટુ કામ કરી રહ્યો છે. જ્યારે કે હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "આલિમ જમીનમાં અલ્લાહ તઆલાની દલીલ છે તો જેણે આલિમમાં એબ કાઢયો તે હલાક થઈ ગયો." *(બરકાતે શરીઅત)*

અને હઝરત અલ્લામા ફખ્રુદીન રાઝી رحمۃ اللہ علیہ તફસીરે કબીરમાં લખે છે કે, "જેણે આલિમને તુચ્છ સમજયો તેણે પોતાના દીનને હલકો કર્યો." એટલે કે પોતાના ઈમાનને કમજોર કર્યું. હવે જે વ્યક્તિ પોતાના ઈમાનની કમજોરી તથા દુનિયા અને આખેરતની બર્બાદી ઈચ્છતો હોય તે આલિમની પાછળ ઐબ ઢુંઢવામાં લાગેલો રહે, અને જે પોતાના ઈમાનને બચાવી જન્નતમાં જવા ઈચ્છતો હોય તે આલિમોની ઈજ્જત કરે અને તેમના હક્કને ઓળખી અદા કરવાનો પ્રયત્ન કરે.

## ★ ઉલમા દુનિયા તથા આખેરતના ચિરાગ ! ★

હુઝૂર ﷺએ હઝરત જિબ્રઈલ علیہ السلامને ઉલમાની શાન વિશે પૂછયું તો તેમણે કહ્યું, ઉલમાએ કિરામ એ આપની ઉમ્મતની દુનિયા તથા આખેરતના ચિરાગ છે. અને તે ખુશનસીબ છે જે તેમની કદર જાણે છે અને તેમનાથી મહોબ્બત કરે છે અને તે બદ્દનસીબ છે જે તેમનાથી દુશ્મની રાખે છે. *(નુઝહતુલ મજાલિસ)*

આ હદીષ શરીફ પરથી સાબિત થયું કે ફરિશ્તાઓ પણ ઉલમાની કદર જાણે છે તથા કરે છે. પરંતુ આજે આપણો હાલ એ છે કે નથી ઉલમાની શાનનો વિચાર કે નથી તેમના હક્કની કાંઈ પડેલી ! જયારે ફાતિહા, ચાલીસમુ હોય ત્યારે ઉલમાની યાદ આવે છે પણ જયારે ઘરનુ ઉદ્ઘાટન હોય અથવા ઔલાદની શાદી હોય તે વખતે રંડીઓને નચાડવામાં આવે છે, બેન્ડબાજા, ડી. જે.ની મેહફિલો તો ક્યાંક કાફિરો જેમ ડાન્સપાર્ટી રાખવામાં આવે છે, આવા સમયે ઉલમાને સન્માન નથી આપવામાં આવતુ, આવા સમયે નઅત તથા તકરીરના પ્રોગ્રામ નથી થતા. શું આ જ ઉલમાની કદરની રીત છે કે શોક વખતે ઉલમા યાદ આવે અને ખુશીના સમયે રંડીઓ ! પ્યારા ભાઈઓ ! મહેરબાની કરી ઉલમાની તા'ઝીમ કરો તથા તેમની કદર કરો અને ગુનાહોથી બચી તેમની મેહફિલો સજાવો, કેમ કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ઉલમાની સાથે બેસવુ ઈબાદત છે." *(કન્ઝુલ ઉમ્માલ)*

પ્યારા ભાઈઓ ! ખુદારા પોતાનો ઈન્સાફ કરો અને આલિમે દીનની સોહબત ઈખ્તિયાર કરો.

## ★ આલિમની ફઝીલત જાહિલ પર ★

વ્હાલા વાંચક મિત્રો ! આજકાલ મુસલમાનોની હાલત બહુ જ ખરાબ છે. આજે જાહિલો ફક્ત એક બે સમયની નમાઝ અને એકાદ વઝીફો કરીને પોતાને જાણે બહુ મોટા આબિદ સમજે છે. અને આલિમે દીનને પોતાનાથી તુચ્છ સમજે છે અને કેટલાય જાહિલ મુતવલ્લીઓ આલિમને પોતાના ગુલામ સમજે છે અને પોતાને પાંચ ટાઈમની નમાઝ પઢવાના કારણે બહુ મુત્તકી સમજે છે. તેવા લોકો આ હદીષ શરીફને ધ્યાનથી વાંચી ઈબ્રત પ્રાપ્ત કરે.

હઝરત મુહમ્મદ બિન અલી رضی اللہ عنہથી રિવાયત છે કે, **"આલિમની બે રકાત ગૈર આલિમની સીત્તેર રકાતથી બેહતર છે."** *(કન્ઝુલ ઉમ્માલ)*

અને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે, **"તે એક ઘડી જેમાં કોઈ આલિમ બિસ્તર પર ટેકો લગાડી પોતાના ઈલ્મની રોશનીમાં વિચાર કરે તે સિત્તેર વરસ સુધી ઈબાદત કરવાવાળાથી**

**બેહતર છે."** *(કન્ઝુલ ઉમ્માલ)*

હવે જે લોકો જાહિલ હોવા છતાં ઈબાદત પર ઘમંડ કરી પોતાને ઉલમાથી વધુ સારો સમજે છે અને તેમને પણ પોતાની જેમ ઈબાદત કરવાવાળા બનાવવા ઈચ્છે છે તેઓ ફાટેલી આંખોએ આ હદીષે પાકને વાંચી પોતાના જીવનમાં ઈન્કિલાબ પેદા કરે.

વળી કેટલાક ઠેકાણે કોઈ જાહિલ બાપુ જે શરીઅતનો પાબંદ પણ નથી અને પીર બની બેઠો છે તે આવી ચઢે તો તેની તા'ઝીમમાં લોકો ખૂબ જ અતિશયોક્તિ કરી નાખે છે, જ્યારે બાજુમાં બેઠેલ આલિમે દીનને કોઈ કાંઈ જ ગણતુ નથી ! પણ આ હદીષોનો અભ્યાસ કરો અને આલિમોની ઈજ્જત કરતાં શીખો.

### ★ પણ ધ્યાન રહે.... ! ★

મારા પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈલ્મ એક અઝીમ નેઅમત જરૂરત છે અને આલિમની ફઝીલત પણ બહુ જ છે પરંતુ એ વાત યાદ રહે કે ઈલ્મને નબુવ્વતના ફયૂઝાનથી અલગ કરી દેવામાં આવે તો ન એ ઈલ્મ કામનો છે ન તેને શીખવાવાળો. જેના દિલમાં નબી ﷺની મહોબ્બત ન હોય, નબીનો અદબ ન હોય, જે નબીની તૌહીન કરતો હોય જેમ કે વહાબી, દેવબંદી...વગેરે, તો આવા લોકો શયતાનના ચેલા છે અને તેમની પાસેથી ઈલ્મ મેળવવો બેકાર છે. પરંતુ આજે સુન્નીઓનો હાલ એ છે કે ફક્ત થોડા પૈસા, ઈનામો તથા સ્કોલરશીપ માટે પોતાનાં બાળકોને તેમને ત્યાં મદ્રસામાં મોકલે છે અને પોતાની તથા બાળકોની દુનિયા તથા આખેરત બર્બાદ કરે છે.

પ્યારા ભાઈઓ ! બદ્અક઼ીદા પાસે શીખેલો ઈલ્મ કાંઈ જ કામનો નથી. મહેરબાની કરી તેમનાથી દૂર રહો અને તમારી ઔલાદને પણ તેમનાથી બચાવો. ન તેમની ઈજ્જત કરો, ન તેમનાથી સંબંધ રાખો, ન તેમની સાથે શાદી કરો, કારણ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "બદ્મઝહબ જો બીમાર થઈ જાય તો તેમની ઈયાદત (ખબર પૂછવુ) ન કરો, જો મૃત્યુ પામે તો તેના જનાઝામાં સામેલ ન થાવ, તેમનાથી મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની સાથે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે શાદી ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો." *(મુસ્લિમ શરીફ)* જે લોકો સાથે ઉઠવા, બેસવા, ખાવા, પીવાથી આપણને રોકવામાં આવ્યા તેમની પાસે કઈ રીતે ઈલ્મ પ્રાપ્ત કરી શકાય ?! એટલા માટે આવા બદ્મઝહબ તથા ગુમરાહોથી બચી દીનો દુનિયામાં કામયાબ થાવ અને નબુવ્વતના ફયૂઝવાળો ઈલ્મ પ્રાપ્ત કરો તથા સુન્ની ઉલમાની ક઼દર કરો, તેમની ઈજ્જત કરો અને તેમને સન્માન આપો.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે આપણને ઉલમાની ઈજ્જત કરવાની નેક તૌફીક઼ અતા ફર્માવે અને બદ્મઝહબોથી બચાવે. (આમીન)


**કિતાબ મંગાવો**

**કુદરતના અનમોલ પથ્થર** (ભાગ : ૨, પેજીસ : ૧૧૬) હદિયો : રૂા. ૫૦/–

**સંપાદક તથા પ્રકાશક** : મુહમ્મદ અમીન એ ચોલા (નૂરી)

ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર–૩૬૧ ૦૦૩, મો. : ૯૮૨૪૮ ૩૬૫૦૦

રૂા. ૫૦/નો એમ.ઓ. કરીને ઉપરોક્ત સરનામેથી પથ્થરો વિશે અવનવી જાણકારી માટે કિતાબ મંગાવશો.


### ★ પેટ્રન ગ્રાહક બન્યા છે ! ★

"બરકાતે ખ્વાજા" (માસિક)માં રૂા. ૧૮૦૦/– હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા થકી જમા કરાવી જનાબ નાસિરખાન પઠાણ, અલફલાહ પાર્ક, ભરૂચ પેટ્રન ગ્રાહક (૧૧ વરસ માટે) બન્યા છે. જઝાકલ્લાહ ! જેઓ પૈસા પાત્ર છે, જેમને અલ્લાહે દૌલત આપી છે તેઓ રૂા. ૧૮૦૦/– ભરી પેટ્રન અથવા રૂા. ૪૦૦૦/– ભરી આજીવન (૨૫ વરસ માટે) સભ્ય બની "બરકાતે ખ્વાજા" (માસિક)ને સહકાર કરે, અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં તેનો ભરપૂરો બદલો આપશે. *–તંત્રી :*

# ઈમામ અહ્‌મદ રઝા રહમતુલ્લાહ અલૈહ નો ઈબાદતથી અનોખો લગાવ

**હપ્તો : છેલ્લો**

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

બીજી રિવાયતના શબ્દો આ પ્રમાણે છે : આપ ﷺ બે આદમીઓ પર ટેક લગાડીને તેમની વચમાં આમ તેમ ઝુકતા ઝુકતા એ રીતે ચાલી રહ્યા હતા કે આપ ﷺ ના કદમે નાઝ જમીન સાથે ઘસેડાઈ રહ્યા હતા. *(મુસ્લિમ ૧૭૯–૧)*

એક રિવાયતમાં એવી સ્પષ્ટતા પણ છે કે આ વાકયો (બનાવ) આપ ﷺ ના વિસાલની બીમારી સમયનો છે. *(મુસ્લિમ ૧૭૯–૧)*

આ હદીષોને ઝહનમાં રાખીને આ'લા હઝરત અઝીમુલ બરકત રહમતુલ્લાહ અલૈહ ના જીવનનો અભ્યાસ કરો તો તેમાં સ્પષ્ટ રીતે સહાબાએ કિરામ બલ્કે ખૂદ રસૂલુલ્લાહ ﷺના પવિત્ર જીવનનો સુંદર પડછાયો જોવા મળશે અને અનુભવશો કે આ'લા હઝરતે જિંદગીભર માહે રિસાલત (રિસાલતના ચાંદ) તથા તેના હિદાયતના સિતારાઓથી જે નૂર પ્રાપ્ત કર્યું હતું તે પ્રકાશ પોતે તેમની પ્રકાશિત ઝાતમાં જગમગી રહ્યું છે, વૃધ્ધાવસ્થાનો જમાનો છે, કામ ઘણુ છે, ફિકર ચિંતાઓની ભરમાર છે, તકલીફો તથા બીમારીઓની સખતીના કારણે આપની (આ'લા હઝરતની) શારીરિક શક્તિઓ સાથ છોડી રહી છે, કમજોરી આખરી સીમાએ પહોંચી ચૂકી છે, થોડાક કદમ ચાલ્યા પછી શરીરમાં શક્તિ નથી રહેતી જાણે કે,

*ઉઠાએ કુછ વરક લાલાને, કુછ નરગિસને,*
*કુછ ગુલને ચમન મેં હર તરફ બિખળી પળી હૈ દાસ્તાં મેરી*

પરંતુ આ મર્દે બાખુદાની હિમ્મત તથા હોસ્લાની મહાનતાનો અજબ હાલ છે કે તે તમામ તકલીફો, મજબૂરીઓ તથા લાચારીઓ હોવા છતાં મૌલાની કુર્બત (નઝદીકી)ના શૌખમાં મંઝિલ તરફ આ રીતે આગળ વધી રહ્યા છે કે : ઉન્કા પતા ન પૂછો બસ આગે બળ્હે ચલો !

*ઝોઅ્ફ માના મગર એ ઝાલિમ દિલ*
*ઉન્કે રસ્તે મેં તૂ થકા ન કરે*

તે મંઝિલ (મસ્જિદ) છે જ્યાં રસૂલુલ્લાહ ﷺ ની પૈરવીનો સાચો જઝબો તેમને ખેંચી રહ્યો હતો. તમે તેનું એક દશ્ય તેમની જ ઝબાની જુઓ :–

''મૃત્યુ નજીક છે અને અમલ હલકા છે. પાંચ મહીનામાં ચાર દિવસ ઓછા થયા આંખો દુઃખવા લાગી, કમજોરી હમેશાંની થઈ ગઈ, નાપસંદ વિચારો આવે છે, આંખો હમેશાં ભીની રહે છે. એક તો મહીનાઓ સુધી કશું લખી પઢી શક્યા નહીં, હવે સ્થિતિ એ છે કે થોડીકવાર નિગાહો નીચી કરવાથી આંખો ભારે થઈ જાય છે, કમજોરી વધી જાય છે. પાંચ મહીનાથી મસ્અલાઓ તથા રિસાલાઓ (નાની કિતાબો) સર્વ મોઢે બતાવીને લખવામાં આવે છે. બારમી રબીઉલ અવ્વલની સાંજથી એક એવી બીમારી લાગી છે કે જે આખી ઉમર ક્યારે પણ ન થઈ હતી. અલ્લાહ તઆલા કોઈપણ સુન્નીને તેમાં મુબ્તેલા ન કરે. પંચોતેર કલાક સંપૂર્ણ ઈજાબત (જાજરૂ) ન થઈ. પેશાબ પણ બંધ થઈ ગયો. મૌલા તઆલાએ ફઝલ ફર્માવ્યો પરંતુ કમજોરી અંતિમ સીમાની છે, નવમો દિવસ છે, તાવના દૌરા પડયા, કમજોરીને વધુ શક્તિ મળી દરરોજ અનુભવ કર્યો કે મસ્જિદ સુધી આવવા જવાના થાકથી તુરંત તાવ આવી જાય છે. કેટલાય દિવસથી મજબૂરી એ છે કે ખુરશી ઉપર બેસાડીને ચાર આદમી લઈ જાય છે અને લાવે છે. ઝોહરમાં જાઉં છું અને મગરિબ પઢીને આવું છું. દુઆનો તાલિબ છું. *(ઈકરામે ઈમામ અહમદ રઝા : ૧૩૪, ૧૩૫)*

આ બીમારીનું વર્ણન આપના કેટલાયે પત્રોમાં ટૂકમાં અથવા વિસ્તારપૂર્વક જોવા મળે છે. આપે આ પત્રો

મલિકુલ ઓલમા હઝરત મૌલાના ઝફરુદ્દીન સાહબ બિહારી رحمۃ اللہ علیہ, જનાબ મૌલાના હકીમ અબ્દુર્રહીમ સાહબ, પહેલા મુદર્રિસ મદ્રસા ક઼ાદરિયા, અહમદાબાદ, ગુજરાત તથા મુજાહિદે કબીર હઝરત મૌલાના હાકિમ અલી સાહબ رحمۃ اللہ علیہ મોતી બઝાર લાહોર, પાકિસ્તાનના જરૂરી પ્રશ્નો કરવા પર અથવા મહત્વના લખાણના જવાબમાં લખ્યા છે. હઝરત મૌલાના હાકિમ અલી સાહબના પ્રશ્નોના જવાબમાં આપે એક કિતાબ "નુઝૂલે આયાતે ફુર્કાન, સુકૂને ઝમીન વ આસ્માન" લખી છે.

હઝરત મૌલાના અહમદ બખ્શ સાહબના જવાબમાં એક વિસ્તૃત ફત્વો લખ્યો છે તેની શરૂઆતમાં મોડુ થવાનું કારણ રજૂ કરતાં લખે છે :–

૧૨ રબીઉલ અવ્વલની મજલિસ પઢયા પછી સાંજથી સખત બીમાર પડયો, આવી બીમારી ક્યારે પણ ન થઈ હતી. મેં વસિય્યતનામુ પણ લખાવી આપ્યું. તે દિવસો દરમિયાન તમારો નઅતિયા ક઼સીદા મળ્યો, મારામાં તેને જોવાની શક્તિ ક્યાં હતી ! તે (અન્ય) કાગળોમાં મળી ગયો અને મહીના સુધી ગુમ રહ્યો. બીમારી સારી થવાને મહીનાઓ વીતી ગયા પરંતુ સખત કમજોરી તેનાથી આવી ગઈ હતી જે હાલમાં પણ બાકી છે. ફર્ઝ, વિત્ર તથા ફજરની સુન્નતમાં ઘણી તકલીફ ઉઠાવીને ઉભો થઈને પઢું છું. બાકી સુન્નતો બેસીને (પઢું છું.) મસ્જિદ મારા દરવાજાથી દસ બાર ક઼દમ દૂર છે ત્યાં સુધી ચાર આદમી ખુરશી ઉપર બેસાડીને લઈ જાય છે અને લાવે છે. અને અન્ય બીમારીઓ કે જે વર્ષોથી ઘર કરી ગઈ છે, ક્યારેક સારું થાય તો ક્યારેક વધી જાય, દરેક સ્થિતિમાં અલ્લાહની તારીફ છે અને દોઝખીઓના હાલથી અલ્લાહની પનાહ માગું છું. અસ્તગફિરૂલ્લાહ ! મઆઝલ્લાહ ! આ શિકાયત નથી બલ્કે ફક્ત મજબૂરીની હક઼ીક઼તનો ઈઝહાર છે. તેના વજહે (કુદરત) કરીમની હમેશાં માટે તારીફ છે."

હઝરત મલિકુલ ઓલમા رحمۃ اللہ علیہને પોતાના એક પત્રમાં (જે ૫ મોહર્રમ હિજરી સન ૧૩૩૭માં લખ્યો હતો) પોતાનો હાલ આ પ્રમાણે રજૂ કરે છે :

"૨૨ ઝીક઼અદાથી લઈને આજે ૨૨ રબીઉલ અવ્વલ સુધી સંપૂર્ણ ચાર મહીના થયા કે સખત બીમારી વેઠી, ઘણા દિવસો મસ્જિદની હાજરીથી મેહરૂમ રહ્યો, જુમ્આ માટે લોકો ખુરશી ઉપર બેસાડીને લઈ જતા તથા લઈ આવતા. ૧૧ મોહર્રમ શરીફના રોજથી ઘણી તકલીફની સાથે હાજરી આપવાનો મોકો મળ્યો છે. લોકો ખભાઓ પકડીને લઈ જાય છે. કમજોરી હજુ પણ સખત છે. દુઆનો તાલિબ છું."

આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિસાલના મહીના તેમજ વિસાલની બીમારીના સમયે હઝરત ઈદુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ કેટલીયે દુર્ઘટનાઓથી ભેટયા. આપે (આ'લા હઝરતે) તાઝીયત માટે ન આવી શકાયુ તેનું કારણ રજૂ કરતાં તફસીલની સાથે પોતાની ભયાનક તથા અત્યંત સબરના પાત્ર તેમજ હિમ્મત તોડી નાખે તેવી બીમારીઓનો હાલ રજૂ કર્યો છે, તેનો નાનો એક ટુકડો આ પ્રમાણે છે :–

"કબજીયાતની સખતી તથા ગેસની ગભરાહટનો સિલસિલો હજુ સુધી છે. ૧૪ મોહર્રમે પહાડ (ભવાલી)થી પરત આપ્યો. લારીવાળા મારા ચાહકો હતા. મૌલા તઆલા તેમને જઝાએ ખૈર આપે, લારીમાં પલંગ બિછાવીને લાવ્યા અને અલ્લાહના ફઝલથી આરામની સાથે હું આવી ગયો. અહીંયા જ્યારથી આવ્યો છું એટલી શક્તિ બાકી રહી હતી કે ઈશાથી લઈને ઝોહર સુધીની નમાઝોમાં ચાર આદમી ખુરશી ઉપર બેસાડીને લઈ ગયા. અસર પણ મસ્જિદમાં અદા કરી. ફરી તાવ આવી ગયો અને હવે અત્યાર સુધી મસ્જિદ જવાની શક્તિ પણ નથી રહી. પંદર દિવસથી ઝાડા શરૂ થઈ ગયા તેણે બિલ્કુલ ઢીલો કરી નાખ્યો. આઠમા દિવસે જુમ્આમાં હાજરી આપવી તો જરૂરી છે. મકાનથી મસ્જિદ જવામાં એટલી થકાન લાગે છે કે બેસીને સુન્નતો પણ ઘણી તકલીફ સાથે પઢી શકાય છે અને આ થકાનના કારણે ઈશા સુધી શરીર ચૂર (ઢીલું) રહે છે. નબ્ઝ (નસ)ની એ સ્થિતિ છે કે એક એક મિનિટમાં ચાર ચાર વાર રોકાય જાય છે. એટલા માટે ન ચાહવા છતાં હાજરીથી (ઈયાદત માટેની) લાચાર રહ્યો." *(ઈકરામ – ૧૧૫)*

આ પત્ર ૯ સફર હિ. સ. ૧૩૪૦માં હુઝૂર મુફતીએ આઝમે હિંદ رحمۃ اللہ علیہએ ઈમ્લા (નક઼લ) કર્યો અને ફક્ત તેના બે અઠવાડિયા પછી ૨૫ સફરે ઝહોરના સમયે

આપ રફીકે આ'લાથી (અલ્લાહ તઆલાને) જઈ મળ્યા. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ)

આ પત્રોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો સુન્નતની પેરવી પ્રત્યે કેટલો લગાવ તથા શોખ હતો. કહેવા માટે તો આપ આ પ્રમાણે કહે છે :–

*હશ્ર મેં કયા મઝે વારફતગી કે લૂં 'રઝા'*
*લોટ જાઉં પાકે વો દામાને આલી હાથ મેં*

પરંતુ સરકાર ﷺની સાથે ઈશ્કની દીવાનગીની સ્થિતિ એ છે કે દુનિયામાં જ આપ ﷺના એક એક કથન (કૌલ) તથા કામો ઉપર અમલ કરવા માટે દીવાનાની જેમ મચલી રહ્યા છે. શરીરમાં શક્તિ નથી પરંતુ જમાઅતમાં સામેલ થવા માટે બેચેન છે ! કેમ કે પ્યારા મહબૂબ ﷺ ને કોઈ પણ સંજોગોમાં શક્તિ હોવા છતાં જમાઅતથી ગેરહાજર રહેવું પસંદ ન હતું. લોકાની મદદથી ખુરશી ઉપર બેસીને મસ્જિદમાં હાજર થાય છે. જ્યારે કે પરિસ્થિતિ એ છે કે આ રીતે આવવું જવું પણ આપના માટે તકલીફથી ખાલી ન હતું. આ સર્વ તે શોખના જઝબામાં હતું કે સરકાર ﷺ ના સહાબા પણ બીમારી તથા કમજોરીની હાલતમાં બે આદમીઓ વચ્ચે ચાલીને જમાઅતમાં સામેલ થતા હતા. અને એકવાર તો ખૂદ હુઝૂર જાને નૂર ﷺ પણ આ રીતે મસ્જિદ શરીફમાં તશરીફ લાવ્યા હતા. યકીનન ! આ'લા હઝરત رحمۃ اللہ علیہનો આ અજોડ કિરદાર હુઝૂર ﷺ તથા આપ ﷺ ના સહાબાની તે જ સુન્નતની પેરવીમાં હતો, પરંતુ હુઝૂર ﷺ ની તે અદા જે આપ ﷺ ની બે આદમીઓ વચ્ચે ચાલી આવવામાં હતી. તે ખુરશી ઉપર બેસીને જવામાં અદા ન થાત, એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ કેટલીક વખત બે આદમીઓ વચ્ચે ચાલીને પણ મસ્જિદમાં તશરીફ લઈ ગયા, જેથી મેહબૂબની તે અદા પણ અદા થઈ જાય !

એક આશિક માટે મેહબૂબની અદામાં મુશાબેહત (મળતાપણા)નો જે આનંદ છે તે માત્ર પેરવીમાં ક્યાં હોય છે ?!

આ'લા હઝરત رحمۃ اللہ علیہના પત્રોના અભ્યાસથી એ પણ જાણવા મળે છે કે આપ (આ'લા હઝરત) કેટલાક દિવસો અત્યંત કમજોરીના કારણે મસ્જિદમાં હાજરી ન આપી શક્યા, પરંતુ આ એટલા માટે હતું કે શરીઅતે બેબસીની હાલતમાં માણસને જમાઅતમાં હાજરી આપવા બંધનકર્તા જ નથી ઠરાવ્યો. ખૂદ સરકાર ﷺ ના અમલથી પણ આ વાતનો પુરાવો મળે છે. હા ! સરકાર ﷺ નો આ અમલ ઉઝર (મજબૂરી)ના કારણે અનિચ્છાએ હતો એટલા માટે આ આશિકે રસૂલ (આ'લા હઝરત) પણ મસ્જિદથી પોતાની ગેરહાજરીને દિલથી ચાહતો ન હતો, બલ્કે આપ તેને પણ પોતાની મેહરૂમી અનુભવતા હતા. આપ ઘણી હસરત તથા અફસોસની સાથે પોતાના પ્યારા ખલીફા હઝરત મલેકુલ ઓલમાને લખી જણાવે છે કે : "મુદતોથી મસ્જિદમાં રહેવાથી મેહરૂમ રહ્યો."

ખુદાની કસમ ! આ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો સુન્નતની પેરવી પ્રત્યે એવો લાજવાબ નમૂનો છે જેને જોઈને રસૂલુલ્લાહ ﷺ તથા સહાબાના જમાનાની યાદો દિલોમાં તાજી થઈ જાય છે.

## ★ જંગલોમાં અઝાનની ગુંજ ★

અઝાન ઈસ્લામની નિશાનીઓમાંથી એક મહત્વની નિશાની છે. હદીષે પાકમાં તેની ઘણી ફઝીલત આવી છે. એક હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

"મોઅઝ્ઝિન (અઝાન આપનાર)નો અવાજ જ્યાં સુધી પહોંચે છે, ત્યાં સુધીના જિન્નાતો, ઈન્સાનો, જાનવરો, ઝાડો, પથ્થરોમાં દરેક જે પણ આ (અઝાનનો) અવાજ સાંભળે છે તે દરેક કયામતના દિવસે મોઅઝ્ઝિન માટે તેના ઈમાન તથા તેની ફઝીલત તેમજ બુઝુર્ગીની ગવાહી આપશે." *(બુખારી શરીફ, ૧/૮૬)*

એક હદીષમાં છે : "દરેક સૂકી, ભીની વસ્તુ મોઅઝ્ઝિનના માટે ગવાહ બની જાય છે."

એકવાર ખૂદ આકાએ દો આલમ ﷺએ જાતે અઝાન આપી છે.

આ'લા હઝરત ફર્માવે છે : "દુર્રે મુખ્તારમાં ઝિયાના હવાલાથી લખ્યું છે કે એક સફરમાં અલ્લાહ عزوجلના રસૂલ ﷺએ પોતે જ અઝાન કહી અને (પોતે જ) ઈકામત પણ ફર્માવી, તથા નમાઝ અદા કરી."

તિર્મિઝી શરીફમાં છે કે : "રસૂલુલ્લાહ ﷺએ એક

અલ્લાહના રસૂલ ﷺનું કોઈ ફર્માન નિય્યતે હસના (સારી નિય્યત)થી ખાલી નથી હોતું. આપ ﷺ પોતે ફર્માવે છે : "અમલોનો દારોમદાર નિય્યતો ઉપર છે." *(શોઅબુલ ઈમાન)*

તો આપે સફરમાં અઝાન કહી હતી તે યકીનન ! સારી નિય્યતના આધારે હશે. એટલા માટે જ આ'લા હઝરત ઈત્તેબાએ રસૂલમાં જ્યારે સફરમાં અઝાનની સદાઓ બુલંદ કરે છે તો તેને સારી નિય્યત વડે સુશોભિત કરીને બુલંદ કરે છે જેથી જાહેર તથા બાતિન દરેક રીતે રસૂલના ઉસ્વએ હુસ્નાનું સંપૂર્ણ ફર્માંબરદાર થઈ જાય. રસૂલુલ્લાહ ﷺએ પોતે ઈક઼ામત ફર્માવીને ઈમામત પણ ફર્માવી હતી. એટલા માટે જ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પણ જાતે ઈક઼ામત કહી ઈમામતનો ફરીઝો પણ અંજામ આપ્યો. કેમ કે મહોબ્બતનો તકાઝો એ જ છે કે મહબૂબ જે કાંઈ પણ કરે મુહિબ્બ (મહોબ્બત કરનાર) પણ તે તમામ એ જ પ્રમાણે અદા કરે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ સબક઼ સહાબાએ કિરામના મક્તબે ઈશ્ક઼થી (ઈશ્ક઼ની તા'લીમગાહ)થી શીખ્યો છે. મૌલાએ કાઈનાત હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ એક જાનવર ઉપર બેસીને દુઆ પઢી, અને પછી હસી પડયા. તેમને પૂછવામાં આવ્યું, હે અમીરુલ મો'મિનીનન ! અત્યારે આપના હસવાનું કારણ શું છે ? આપે ફર્માવ્યું, "મેં અલ્લાહના રસૂલ ﷺને જોયા કે આપ ﷺએ આ જ પ્રમાણે કર્યું, અને પછી હસી પડયા." *(તિર્મિઝી, ૨/૧૮૨)*

(એટલે કે મેં આ મૌક઼ા પર સરકાર ﷺને હસતા જોયા છે એટલે હું પણ હસી પડયો. મક઼સદ માત્ર સરકાર ﷺની અદાનો લેહાઝ છે, બસ !)

આ'લા હઝરત رحمۃ اللہ علیہ આ જ ઈશ્ક઼ની તાલીમગાહના વિદ્યાર્થી હતા, એટલા માટે આપે પણ રસૂલુલ્લાહ ﷺને જે કાંઈ પણ કરતાં જોયા તેના ઉપર અમલપેરા થઈ ગયા. અને રસૂલ ﷺને જે રીતે ચાલતાં જોયા તે જ અંદાઝમાં ચાલી પડયા. આપ ﷺની અદાઓને પોતાની આદત બનાવી અને આપ ﷺના નક઼્શે ક઼દમની પેરવીને પોતાનું દીનો ઈમાન સમજ્યા.

*(માહનામા અશ્રફિયા, મુબારકપુર, ડિસે. ૨૦૧૦)*

સફરમાં અઝાન આપી અને પોતાના સહાબાએ કિરામ સાથે નમાઝ અદા ફર્માવી છે.

ઈમામ ઈબ્ને હજર મક્કીની (કિતાબ) તોહફતુલ્ ઈસ્લામમાં છે કે, "સરવરે કાઈનાત ﷺએ એકવાર સફરમાં અઝાન આપી તો તશહ્હુદમાં (એટલે કે અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહની જગાએ) અશ્હદુ અન્ની રસૂલુલ્લાહ કહ્યું. અલ્લામા ઈબ્ને હજરે આ હદીષ સહીહ હોવાનો ઈશારો કર્યો છે જે કોઈ પણ જાતની તાવીલ (અર્થઘટન)ના પાત્ર નથી.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ સુન્નતની પયરવીનો જે નમૂનો રજૂ કર્યો છે તે ઘણો જ ગર્વપાત્ર છે. જમાદિલ્ આખર હિ.સ. ૧૩૩૭માં જબલપૂરમાં રોકાણ દરમિયાન એક દિવસ આપ સૈર, તફરીહ કરતા (અસરબાદ ચાલતાં ચાલતાં) નર્મદા નદી સુધી ચાલી નીકળ્યા ત્યાં જ મગરિબની નમાઝનો સમય થઈ ગયો. હવે આગળનો વાક઼્યો હઝરત બુરહાને મિલ્લત رحمۃ اللہ علیہની ઝબાની સાંભળો. ફર્માવે છે :–

"કોદની બંદરના સૂકી રેતીવાળા મેદાનમાં મુસલ્લો તથા રૂમાલ વગેરે બિછાવી દેવામાં આવ્યાં. મેં અઝાન આપવાના ઈરાદાથી કાનમાં આંગળીઓ નાખી હતી કે અઝાનનો અવાજ સંભળાવવા લાગ્યો. જોયું તો આ'લા હઝરત અઝાન આપી રહ્યા હતા. હઝરતે ઈક઼ામત ફર્માવી અને મગરિબની નમાઝ પઢાવી. નમાઝથી ફારિગ થઈને અમે બધા આપની બારગાહમાં જમા થઈ ગયા, તો પોતાના મુબારક હાથમાં (મુઝ) ખાદિમનો હાથ લઈને ફર્માવ્યું, હદીષ શરીફમાં છે કે અઝાનનો સાદ (અવાજ) જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધીની દરેક વસ્તુ શાહિદ તથા ગવાહ થઈ જાય છે. એટલા માટે મેં અઝાન આપી કે અહીંયાનું વહેતુ પાણી, પહાડ, વૃક્ષો, હરીયાળી, રેતી દરેક મુઝ ફક઼ીર (આ'લા હઝરત) માટે ગવાહ થઈ જાય." *(ઈકરામે ઈમામ અહમદ રઝા–૯૫)*

સુબ્હાનલ્લાહ ! ઘણી ગર્વજનક છે આ નિયત કે અઝાન સંબંધે આવી મુબારક નિયતના સુંદર સંગમ દ્વારા માત્ર એ જ સાબિત નથી થતું કે અઝાનનો સવાબ બમણો થઈ ગયો, બલ્કે મોટી વાત તો એ જોવા મળી કે રસૂલ ﷺની સુન્નત સંપૂર્ણ રીતે અદા થઈ ગઈ.

# બરકાતે ખ્વાજાની ટપાલ.........કાર્યાલય

### ★ બરકાતે ખ્વાજા વિશે......★

મુઅઝ્ઝઝ્ તંત્રી સાહબ, સલામ મસ્નૂન બાદ, એપ્રિલ–૨૦૧૧નો "બરકાતે ખ્વાજા" (માસિક)નો અંક મળ્યો, અનુક્રમણિકા પર નજર નાખતાં જ મજા આવી ગઈ લેખ નં. ૬, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ ઝડપથી વાંચી જવાની તાલાવેલી જાગી. ફજરની નમાઝ પછી ફારિગ થઈને એક જ બેઠકમાં ઝડપથી વાંચી ગયો. અને પછી બીજી વાર વાંચવામાં એટલી જ મજા આવી !

એમાં લેખ નં. ૧૧ થી ૧૬ સુધીના લેખો એપ્રિલ અંકની જાન છે. બીજા રિસાલાઓમાં ન જોવા મળે એવી માહિતીથી આપે અંકને ઝગમગાવી દીધો છે. અલ્લાહ ﷻ આપની પાસે એવા જ દીનનાં કામ લેતો રહે એ દુઆ છે. *–આપનો ભાઈ મુશ્તાક અહમદ (નિવૃત્ત શિક્ષક–જંબુસર)*

### ★ "બરકાતે ખ્વાજા" બહોત અચ્છા ! ★

અસ્સલામુ અલૈકુમ–જનાબ શબ્બીર અલી રઝવી, મૈં આપ કા "બરકાતે ખ્વાજા (મંથલી) મુસલસલ પઢતા હૂં ઔર અભી માર્ચ–૨૦૧૧ કે રિસાલેમેં આપ કા તંત્રી લેખ હૈ "ઘરવાળાંને જહન્નમથી બચાવો !" પળ્હા. આપ કો મૈં બહોત દુઆએં દેતા હૂં. બહોત અચ્છા ! બહોત અચ્છા ! કોઈ રિસાલેવાલા ઐસા નહીં લિખ સક્તા હૈ ઐસા આપને લિખ્ખા હૈ, બહોત હી અચ્છા લિખ્ખા હૈ. ઔર યહ આપ કી હિમ્મત કો ભી મૈં દાદ દેતા હૂં કે આપ કે જૈસા સચ લિખનેવાલા આજ કોઈ ભી નહીં હૈ. મૈં ખૂદ ભી પળ્હતા હૂં ઔર ઔરોં કો ભી બતાતા હૂં કે "બરકાતે ખ્વાજા" કે લેખ બહોત અચ્છે આતે હૈં. ઔર તંત્રી લેખ તો અભી કરન્ટ મસ્અલે પર બહોત અચ્છા હોતા હૈ. ફિરસે એકબાર મૈં આપ કો બહોત બહોત મુબારકબાદ દેતા હૂં. અલ્લાહ તઆલા આપ કો જઝાએ ખૈર અતા કરે. (આમીન)

*–ખલીફા શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ તસદુક઼હુસૈન સાહબ, પેટલાદ (ફોનથી : ૧૮–૩–૨૦૧૧)*

*[(વઅલયકુમ સલામ ! સૈયદ સાહબ ! આપ કી હોસલા અફઝાઈકા શુક્રિયા, જઝાકલ્લાહ ! બસ, દુઆ કરતે રહીએ કે અલ્લાહ ખુલૂસ કે સાથ દીનો સુન્નિયત કા કામ લે. (તાલિબે દુઆ : તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)]*

### ★ નરસંડામાં જશ્ને આમદે રસૂલ ﷺ મનાવાયો ★

તા. ૨૭–૨–૨૦૧૧, ૨૩ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૨ના રોજ અહમદાબાદ કે પીરે તરીક઼ત અલ્હાજ

### ★ સુન્ની ઈજતેમામાં હઝરત મુફ્તી સૈયદ મુઝફ્ફરહુસૈનનું બયાન ★

**સૂરત** : તા. ૧૨–૩–૨૦૧૧ શનિવારે ઈશાની નમાઝ બાદ સૂરતમાં "સુન્ની દા'વતે ઈસ્લામી"ના મર્કઝી ઈજતેમાઅમાં બયાન કરવા માટે ખતીબે પાકિસ્તાન ઔલાદે ગ઼ૌષે આ'ઝમ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી સૈયદ મુઝફ્ફરહુસૈન સાહબ તશરીફ લાવ્યા. હઝરતે ખૈરની દા'વત અને ખૌફે ખુદાના વિષયે બયાન કરતાં ફર્માવ્યું કે દરેક મુસલમાન મુબલ્લિગ છે. છેવટમાં હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہનો વાક઼્યો બયાન કરીને લોકોને રડાવી દીધા હતા કે જ્યારે "કુર્આન મખ્લૂક઼ છે" કહેવાનો ફિત્નો ઉઠયો તો આપે તેનો રદ કર્યો જેથી આપને કૈદ કરી લેવામાં આવ્યા. આપને કોરડા મારવામાં આવી રહ્યા હતા તો બગદાદનો ચોર અબુલહસન બગદાદીએ આપના કાનમાં કહ્યું કે હું બગદાદનો ચોર છું અને જિંદગીભર કોરડા ખાધા પણ ચોરી ન છોડી, તો તમે કોરડા ખાઈને હક઼્ક઼ કહેવાનુ ન છોડતા ! ત્યારબાદ ઉલમાએ કિરામને સંબોધીને કહ્યું કે તમે પણ તહરીકોને સાથ આપો, જેમાં મુફ્તી નસીમ સાહબ પણ હતા. છેવટમાં ક઼ારી રિયાઝુદ્દીન (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ સલામ પઢી અને ઝિક્ર બાદ દુઆ થઈ જેમાં હઝરત અમીર સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈને દુઆઓથી નવાજ્યા.

*(રજૂકર્તા : મુહમ્મદ ઝુબેર હબીબી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

અબ્દુર્રહમાનબાવા અમલીવાલેની સરપરસ્તી તથા હઝરત હાજી અ. કાદરબાવા અમલીવાલેની સદારતમાં ગોંડલના હઝરત મુહમ્મદબાપુ નાગાણી, હાજી સુલેમાન ઈસાણી સાહબ, સૈયદ મીઠ્ઠુબાપુની ખાસ હાજરીમાં હઝરત હાફિઝો કારી હબીબુલ્લાહ વસોવાળા સાહબે મીલાદુન્નબી ﷺ મનાવવાની સાબિતી કુર્આન હદીષથી રજૂ કરી હતી. હઝરત સૈયદ ઝાકિરબાપુ નાપાવાળા સાહબે નબી વલીની તા'ઝીમ પર રોશની વેરી હતી. ઉપરાંત ઘણા ઉલમાએ હાજરી આપી હતી. તેમજ દર વરસની જેમ કુર્આન શરીફના કેટલાયે ખતમ એ જ પ્રમાણે કલમા, ઝિક્ર, દુરૂદ જે લોકોએ કરેલા તેનો તોહફો ઈજતેમાઈ રૂપે બારગાહે રિસાલતમાં પેશ કરવામાં આવ્યો હતો. (રિપોર્ટ ટૂંકાવીને)

*–વહોરા અબ્દુલ કૈયૂમ અબ્દુર્રહમાન તથા નરસંડાના સુન્નીઓને મુબારકબાદ ! –તંત્રી*

### ★ બડાપુરામાં જશ્ને મીલાદુન્નબી ﷺ ★

તા. ૧૫–૨–૨૦૧૧ ૧૨ રબીઉલ અવ્વલના ઈદે મીલાદુન્નબી ﷺના મૌકા પર મદ્રસા મુહમ્મદિયાના બાળકોનો જલસો થયો જેમાં મૌલાના સઈદ અશરફીની નિઝામત હેઠળ મૌલાના સઈદુલ્લાહ સાહબ અશરફી તથા મૌલાના રિઝવાન અત્તારીનાં બયાનો થયાં, શરૂમાં કિરાઅતે કુર્આન બાદ મૌલાના સઈદ તથા હાફેઝ કારી સાહબ અશરફી, તથા હાફેઝ સરફરાઝે નઅત પેશ કરી. મીલાદુન્નબી ﷺ સંબંધે તેમજ ઈલ્મે દીન પર, મર્દ ઔરતના હક્કો પર મૌલાના હઝરાતનાં બયાનો થયાં. છેવટમાં મદ્રસાના બાળકોને ઈનામો વહેંચાયાં. તા. ૧૬–૨–૨૦૧૧ બુધવારે ગામમાં મીલાદુન્નબી ﷺનું શાનદાર જુલૂસ કાઢેલું. યૂસુફ માસ્તર તેમજ ગ્રામ્યજનોએ જુલૂસને કામયાબ કરવા સારી મહેનત ઉઠાવી તેમજ ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના વિઝિટર જનાબ આકિબખાન બરકાતી (પેટલાદ)ની ખાસ હાજરી હતી.

**વાપી** : અ. મજીદ હાસમભાઈ મકવાણા ૭૫ વર્ષની વયે તા. ૧૫–૨–૨૦૧૧, ૧૧–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૨ના રોજ ઈન્તેકાલ કરી ગયા. ઈદે મીલાદની મોટી રાત્રે દફન કરવામાં આવ્યા. મર્હૂમ ખિદમતગુજાર, મિલનસાર નમ્ર સ્વભાવના હતા. અલ્લાહપાક મર્હૂમને જન્નતુલ ફિરદૌસ અતા ફર્માવે. (આમીન) તેમના નેક ફરઝંદ મુહમ્મદ અલી મકવાણા તરફથી રૂા. ૧૦૦/– લિલ્લાહ એમ.ઓ. મોકલેલ છે. –રજૂકર્તા : સુલેમાન ઈસાણી *(સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ)*

**દયાદરા** : ખાતે ઈબ્રાહીમ ઈસા મજેનો તા. ૭–૪–૨૦૧૧ ૩ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૨ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

**નબીપુર** : જનાબ યૂસુફભાઈ દેત્રાલ્યા (વાય. એસ. એ. પટેલ) ટેલીફોન ઓપરેટરનાં અહલિયા જૈબૂનબેનનો તા. ૮–૪–૨૦૧૧, ૩–જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૨ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

**ટંકારીઆ** : મુકામે તા. ૨૯–૩–૨૦૧૧ના રોજ રૂસ્તમભાઈ મૂસા બશેરીનો ઈન્તેકાલ થઈ ગયો અને ૧૦–૪–૨૦૧૧ના રોજ તેમના અહલિયા હુરીબેનનો પણ ઈન્તેકાલ થઈ ગયો છે.

સર્વ મર્હૂમો માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરાવી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં ઉપરોક્ત સર્વ મર્હૂમોની મગફિરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : ''બરકાતે ખ્વાજા'' (માસિક)*

**પેટલાદ** : કી મશ્હૂરો મઅરૂફ ખાનકાહ યાની ખાનકાહે શાહ મુહમ્મદ અતા બુરકા પોશ કે સજ્જાદાનશીન પીર સૈયદ હસીનુદ્દીનબાવા સાહબ કા ઈન્તેકાલે પુરમલાલ તા. ૨૯–૩–૨૦૧૧ બરોઝ મંગલ સુબ્હ ૧૦.૦૦ બજે હુઆ. બાદે અસર ઉન્કે ખાનદાની કબ્રસ્તાન (જન્નતી ટેકરી)મેં સુપુર્દે ખાક કિયે ગયે. ઝિયારત કે દિન ખાનકાહી રિવાજ કે મુતાબિક અહબાબ, મુરીદીન, મુતવસ્સિલીન કી હાઝરી મેં પીરઝાદા સૈયદ મકસૂદ આલમ અલવીયુલ હુસૈની કો તાજે સજ્જાદગી પહેનાયા ગયા. મૌલા તઆલા સજ્જાદએ નવ કો હક્કે સજ્જાદગી અદા કરને કી તૌફીકે રફીક અતા ફર્માએ. (આમીન)

*–સૈયદ તાહિરબાપુ (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ કાદરિયા રઝવિય્યહ, પેટલાદ)*

# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે 3 X 2 લક્ઝરી બસ

બસ ઉપાડવાની તારીખ : ૨૧-૫-૨૦૧૧, રાત્રે : ૧૦ વાગ્યે.

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ** સાથે, કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, કલીયર શરીફ, દિલ્હી, આગ્રા, ફતેહપુર સીક્રી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૭,૨૫૧/- | રૂા. ૩,૭૫૧/- | ૧૭ |

**બસ ઉપાડવાનું સ્થળ :** તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૮૯૮૭૯૮૮૬૨, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ :** ૧. ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૦૦/- પેસેન્જરના શીરે રહેશે. ૨. તા. ૨૭/૫/૧૧ અને ૧/૬/૧૧ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. ૩. તા. ૭/૬/૧૧ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. ૪. રૂા. ૨૦૦૧/- એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો.


# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સૈયદ યુવતી :** ઉંમર : ૧૮ વર્ષ, ધોરણ ૯ પાસ, રંગ ગોરો, દીનદાર, નમાઝી, ઘરકામમાં હોશિયાર, સીલાઈકામ (ઈડર તરફ) સંપર્ક નં. ૯૧૭૩૯ ૯૨૭૮૬

**૨. પઠાણ યુવાન :** ઉંમર : ૨૪ વર્ષ, M.A. Part :2 (સાયકલોજી), ઘઉંવર્ણ, નોકરી : R.T.O. ખાતે G.I.F.C.માં માસિક આવક હાલ રૂા. ૬૦૦૦/- (અમદાવાદ તરફ) મો. ૯૧૭૩૯૯૨૭૮૬, ૯૯૦૪૦ ૧૮૪૩૭

**૩. પઠાણ યુવાન :** ઉંમર : ૨૩ વર્ષ, અભ્યાસ S.Y.B.A. ઘઉંવર્ણ, આવક માસિક રૂા. ૫૫૦૦/- કોકા કોલા કંપનીમાં સપ્લાયર (અમદાવાદ તરફ) મો. ૯૯૦૪૦ ૧૮૪૩૭

**૪. સુન્ની યુવક :** ઉંમર : ૨૩ વર્ષ, ઉંચાઈ : ૬ ફૂટ, યુ.કે.ના રહેવાસી માટે નેક, સુંદર, સુન્ની બરેલ્વી દીનદાર અંગ્રેજી લખી બોલી શકે તેવી જોઈએ. યુવતીના વડીલ અથવા વાલી સંપર્ક કરે. કાઠિયાવાડ-સૌરાષ્ટ્રનાને પ્રથમ પસંદગી. યુ.કે. ફોન નં. 0044-7840640324 નોંધ : પ્યોર સુન્ની બરેલ્વી જ સંપર્ક કરે.

**૫. મેમન યુવતી :** જન્મ તારીખ : ૨-૧૧-૧૯૮૮, ઊંચાઈ : ૫.૧' ફૂટ, વજન : 56 kgs., અભ્યાસ : BBA દીની જ્ઞાન : કુર્આન નાઝરા ખત્મ, ઉર્દૂ કિતાબો ૧ થી ૩ સુધી (નડિયાદ તરફ)

**નોંધ :** વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)-કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## લેખ હરીફાઈનું પરિણામ......

વિષય :

**ઈલ્મ તથા ઉલમાની ફઝીલત અને આપણે**

**પ્રથમ નં :** અબ્દુર્રહમાન દાઉદ પટેલ-પારખેત
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

**બીજો નં. :** મુહમ્મદ નઈમ રઝવી-બાકરોલ (આણંદ)
*(મુતઅલ્લિમ : જામિઆ અમજદિયા-ઘોસી)*

**ત્રીજો નં. :** હાફેઝ અબ્દુર્રઉફ યાકૂબ-પાલેજ
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

## હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!

## સુન્નતે રસૂલ દાઢી અને વર્તમાન મુસલમાન

સુન્નતે નબી ﷺનું મહત્વ તથા દાઢી વિશે હુકમો તથા સહાબા તેમજ બુઝુર્ગોનો આ સુન્નતથી લગાવ અને વર્તમાન મુસલમાન પુરૂષ સ્ત્રીઓનું દાઢી પ્રત્યે વલણ તથા સુન્નત પ્રતિ દા'વત આપતુ લખાણ લખવું. ઉલમા તથા ઉસ્તાદ તલ્બાને યોગ્ય માર્ગદર્શન આપી લેખ લખવા પ્રોત્સાહિત કરે. *-તંત્રી*

**તા. ૧૦-૦૭-૨૦૧૧ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

**સખીદાતાઓ ! એક નઝર ઈધર ભી !**

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ

ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ
ફોન : (૦૨૬૪૨) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭
Web. :www.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ફઝલો કરમથી, સરકારે દો જહાં ﷺની નઝરે ઈનાયતથી, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ફયૂઝાને કરમથી આપણી પ્યારી સંસ્થા **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ"** ક્રમે ક્રમે તરક્કી કરી રહેલ છે. ઈ.સ. ૨૦૦૨થી સામાન્ય હોલમાં "હિફ્ઝ કલાસ" ઉમદા કારીની તા'લીમ હેઠળ પીરે તરીકત હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા પેટલાદી (શાહઝાદાએ મોહસિને મિલ્લત હઝરત સૈયદ નૂરાનીબાબા رحمۃ اللہ علیہ)ની ભલી દુઆઓ સાથે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર અલી નૂરી રઝવીની નિગરાનીમાં શરૂ થયો અને **આજે તજવીદ સાથે સહીહ કુર્આન પઢવા બાબતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદના હાફિઝો તથા તલબા પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. અલ્હમ્દુલિલ્લાહ !** પાંચ વરસ પર આલિમ કલાસની શરૂઆત કરી હતી આજે રાબેઆ જમાઅત સુધી તલબા પહોંચ્યા છે. દર વર્ષે એક જમાઅત આગળ વધે છે, જેમની પાછળ ઉમદા ઉસ્તાદો મહેનત કરી રહ્યા છે. અમામાની તથા સુન્નતોની પાબંદી સાથે સફેદ લિબાસમાં ડિસિપ્લીન સાથે તલબાને યોગ્ય તા'લીમ સાથોસાથ અંગ્રેજી તથા કોમ્પ્યુટરની તા'લીમના પિરિયડમાં દરેકને ફરજીયાત તા'લીમ અપાય છે તથા પરીક્ષા પણ એની લેવાય છે. તેમજ દીની ખિદમત કરવાની પ્રેરણા માટે સતત તર્બિયત ઉસ્તાદો થકી ડેઈલી થાય છે. આસપાસ ગામોમાં **નૂરી કાફલા** મોકલી તબ્લીગે દીન કરવામાં આવે છે. હાલ લગભગ ૭૦ તલબા ઉપરાંત ૫- મિસ્બાહી આલિમોમાં એક મુફતી સાહબ, ૨-કારી સાહબો તથા અન્ય થઈને ૧૦નો સ્ટાફ છે. ખર્ચ દિવસે દિવસે વધી રહ્યો છે જેને પહોંચી વળવુ કઠિન જણાય છે. માટે કેવળ અલ્લાહની રઝાને ખાતર આ તરફ સહાયનો હાથ લંબાવવા અપીલ છે.

### ✯ અમારી જરૂરતો પ્રતિ લક્ષ કરશો ! ✯

★ દારુલ ઉલૂમનો અનાજ-પાણી, પગાર વગેરેનો હાલ વાર્ષિક ખર્ચ લગભગ **રૂા. ૧૨ લાખ છે.**

★ હાલ ચાર રૂમો ફર્સ્ટ ફલોર પર બંધાય છે તેનું દેવું **રૂા. ૧.૨૫ લાખ** બાકી છે.

★ મસ્જિદ તથા દારુલ ઉલૂમ બંને માટે વુઝૂ ખાનુ, હોજની જરૂરત હોવાથી **રૂા. ૫.૫૦ લાખ** ખર્ચ થયો, જે ફાળાની રકમ પર જ થયો છે, કોઈ સખીદાતા આગળ આવે અને તેને પોતાના મર્હૂમોના સવાબે જારીયા અર્થે ચૂકવી આપે.

★ લાયબ્રેરી હોલ બનાવવો બાકી છે જેનો ખર્ચ **રૂા. ૮ લાખ** થશે.

★ ફેમિલી ક્વાટર્સ સંપૂર્ણ કરવા **રૂા. ૩ લાખ ખર્ચ** થશે જેમાં બે ફેમિલી (૧ રૂમ રસોડુ) રહી શકશે.

આ ઉપરાંત અન્ય યોજનાઓ અનુકૂળતા પ્રમાણે અમલમાં આવશે તો આપનાથી ભરપુર સહકારની અપેક્ષા છે. તમારા થતા મર્હૂમોના સવાબ અર્થે બાંધકામમાં લિલ્લાહ તેમજ ખેરાત ઉપરાંત ઝકાત, સદકા, ન્યાઝ, કુર્બાનીની ખાલો વગેરેથી સહાય કરશો.

**✪ પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)** **✪ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**